# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 82 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ફાગણ વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 April 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૬ એપ્રિલ ૨૦૨૪ (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | વીક ઍન્ડ પૂર્તિ ૬ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# રિઝર્વ બૅન્કનો વ્યાજદર યથાવત્

## લોનના માસિક હપ્તામાં કોઇ ફેરફાર નહિ

મુંબઈ: ભારતીય રિઝર્વ બૅન્કે વ્યાજદર સતત સાતમી વખત યથાવત્ (૬.૫ ટકા) રાખવાની શુક્રવારે જાહેરાત કરી હોવાથી કરજ (લોન)ના માસિક હપ્તા (ઇએમઆઇ)માં કોઇ ફેરફાર નહિ થાય. આ ઉપરાંત, તેણે શાક સહિતની ખાદ્ય ચીજો મોંઘી થવાનો ભય વ્યક્ત કર્યો હતો.

હવામાન ખાતાએ ઉનાળામાં એટલે કે એપ્રિલથી જૂન સુધી ગરમી સામાન્ય કરતાં વધુ રહેવાની આગાહી કરી હોવાથી ખાદ્ય ચીજો (ફૂડ)માં ભાવવધારો થવાની શક્યતાને ધ્યાનમાં

(જુઓ પાનું ૨) ▸▸


magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.


ન્યૂ યોર્ક અને ન્યૂ જર્સીમાં ભૂકંપ ૨


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 65,340/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


# કૉંગ્રેસનો ૨૫ મુદ્દાનો ચૂંટણીઢંઢેરો

નવી દિલ્હી: એમએસપીની કાયદેસર ગેરેન્ટી, રાઈટ ટૂ એપ્રેન્ટિશિપ સહિતના વચનો આપ્યા છે.

'ફાઈવ પિલર્સ ઑફ જસ્ટિસ' અને પચીસ ગેરેન્ટી પર કેન્દ્રીત કૉંગ્રેસનો ચૂંટણીઢંઢેરો શુક્રવારે એઆઈસીસીના વડામથકે કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, પક્ષનાં ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં જાહેર કરવામાં આવ્યો હતો.

ન્યાયપત્ર શિર્ષક ધરાવતા ચૂંટણીઢંઢેરામાં જણાવ્યા અનુસાર અમે સત્તા પર આવીશું તો કોઈપણ પ્રકારના ભેદભાવ વિના નોકરી, શૈક્ષણિક સંસ્થાઓમાં તમામ

(જુઓ પાનું ૨) ▸▸

# બૅન્કમાં યુપીઆઇથી રોકડ રકમ જમા કરાવી શકાશે

મુંબઈ: ભારતીય રિઝર્વ બૅન્ક (આરબીઆઇ)એ શુક્રવારે જણાવ્યું હતું કે બૅન્કોમાં યુપીઆઇ દ્વારા રોકડ રકમ જમા કરાવવાની સુવિધા ટૂંક સમયમાં શરૂ કરાશે. તેને લીધે મોબાઇલ ફોનની મદદથી બૅન્કો વચ્ચેની લેવડદેવડ (ટ્રાન્ઝેક્શન) કરી શકાશે.

મધ્યવર્તી બૅન્કે પ્રીપેઇડ પેમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ્સ (પીપીઆઇ)ને ત્રીજા પક્ષકાર (થર્ડ પાર્ટી)

(જુઓ પાનું ૨) ▸▸


# આસામમાંથી ૨૧૦ કરોડનું હેરોઇન જપ્ત

ગુવાહાટી: આસામમાં અત્યાર સુધીના સૌથી મોટા ડ્રગના જથ્થામાં કચર જિલ્લામાંથી ૨૧૦ કરોડ રૂપિયાનું હેરોઇન જપ્ત કરવામાં આવ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું. જપ્તીના સંબંધમાં એક વ્યક્તિની પણ ધરપકડ કરવામાં આવી હતી. એસટીએફના મહાનિરીક્ષક પાર્થસારથી મહંતાના જણાવ્યા અનુસાર

(જુઓ પાનું ૨) ▸▸


PROJECT BY
IPSIT PROJECTS
WHERE HAPPINESS LIVES

આ ગુડી પડવો તમારા માટે,
એક નવી શરૂઆત અને નવી સમૃદ્ધિ લઈને આવે.
જાંબલી ગલી બોરીવલી વેસ્ટમાં
જૈન દેરાસરની બાજુમા




Visit our Stall on
Sat and Sun
at Kora Kendra Ground 1
Property Exhibition
For Spot Booking Offer

IPSIT
ANAND MANGAL

પ્રીમિયમ 2 અને 3 BHK
જોડી શક્ય
1 બેઝમેન્ટ + ગ્રાઉન્ડ અને 6 પોડિયમ રેમ્પ

સેમ્પલ ફ્લેટ
અને લોબી રેડી


G+ 21 Storey Tower of 3 Wings







+91 8879 77 22 77
Site Address: Ipsit Anand Mangal CHS., Jambli Gali, Borivali (W), Mumbai - 400 092.
Email : ipsitborivali@gmail.com Web : www.ipsitprojects.com
MAHA RERA REGN. NO. P51800045322 / Available at : www.maharera.mahaonline.gov.in




Readymades | Wedding Attire | Sarees | Toys | Newborn Items | Woollens | Art & Craft
Imitation Jewellery | Crockery | Perfumes | Ladies Handbags | Ladies & Kids Footwear
Near Crawford Market, Opp. Police Commissioner's Office, Mumbai. • Tel: 22061794 • Cell: 98200 38168
www.roopam.com • roopamroopmilan

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કૉંગ્રેસે રોબર્ટ વાડરાને અજમાવી જોવા જોઈએ

કૉંગ્રેસે એક સમયે નહેરુ-ગાંધી ખાનદાનનો ગઢ મનાતી અમેઠી અને રાયબરેલી લોકસભા બેઠકના ઉમેદવાર જાહેર કર્યા નથી. ભાજપે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીને હરાવીને જીતનારાં સ્મૃતિ ઈરાનીને રિપિટ કર્યાં છે પણ કૉંગ્રેસ કોને ઉતારશે એ નક્કી નથી. રાહુલ ગાંધી ૨૦૧૯ની જેમ અમેઠી અને વાયનાડ એમ બંને બેઠક પરથી ચૂંટણી લડશે અને પ્રિયંકા ગાંધી વાડરા રાયબરેલીથી ચૂંટણી લડશે એવી વાતો ચાલે છે.

વાયનાડથી રાહુલ ગાંધીએ ઉમેદવારી નોંધાવી દીધી હોવાથી રાહુલ ગાંધી ખાલી વાયનાડ બેઠક પરથી લડે અને પ્રિયંકા અમેઠીમાંથી કે રાયબરેલીમાંથી મેદાનમાં ઉતરે એવું પણ કહેવાય છે. ભાજપે પિલિભીત લોકસભા બેઠક પર જેમનું પત્તુ કાપી નાંખ્યું એ નહેરુ-ગાંધી ખાનદાનના નબિરા વરુણ ગાંધીને કૉંગ્રેસમાં લાવીને કે પછી સમાજવાદી પાર્ટીના ઉમેદવાર તરીકે અમેઠીમાંથી કે રાયબરેલીમાંથી મેદાનમાં ઉતારાય એવી વાતો પણ ચાલી રહી છે.

આ બધી વાતો વચ્ચે કૉંગ્રેસ મગનું નામ મરી પાડતી નથી તેથી અમેઠી અને રાયબરેલી એ બંને બેઠકો પર હજુ પણ સસ્પેન્સ યથાવત્ છે ત્યાં નહેરુ-ગાંધી ખાનદાનના જમાઈએ એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં કરેલી વાતોને કારણે નવો જ ફણગો ફૂટ્યો છે.

પ્રિયંકા ગાંધીના પતિ અને ગાંધી પરિવારના જમાઈ રોબર્ટ વાડરાનું કહેવું છે કે, લોકો ઇચ્છે છે કે પોતે રાજકારણમાં આવે, લોકોને લાગે છે કે મારે રાજકારણમાં આવવાની જરૂર છે. તેમને તેલંગણાના સહિતના દેશભરના ઘણા વિસ્તારોમાંથી ચૂંટણી લડવા માટે લોકો વિનંતી કરે છે. પોતે નહેરુ-ગાંધી પરિવારના સભ્ય હોવાથી રાજકારણથી દૂર રહેવું મુશ્કેલ છે પણ પોતે ઈચ્છે છે કે પ્રિયંકા ગાંધી પહેલા સંસદમાં પહોંચે અને પછી પોતાનો વારો આવે.

રોબર્ટ વાડરાએ એ પછી ધડાકો કર્યો કે, લોકસભામાં હું અમેઠીનું પ્રતિનિધિત્વ કરું તેવું અમેઠીનાં લોકો ઈચ્છી રહ્યાં છે. મને અમેઠીની જનતા તરફથી વિનંતી મળે છે કે, હું રાજકારણમાં જોડાઉં તો મારે અમેઠીની પસંદગી કરવી જોઈએ. રોબર્ટના કહેવા પ્રમાણે, અમેઠી અને રાયબરેલીમાં ગાંધી પરિવારે વર્ષો સુધી મહેનત કરી હતી પણ છેલ્લી ચૂંટણીમાં ભાજપના પ્રચારની વાતોમાં આવી જઈને લોકોએ સ્મૃતિ ઈરાનીને ચૂંટેલાં. હવે અમેઠીના લોકો ખરેખર વર્તમાન સાંસદ સ્મૃતિ ઇરાનીથી નારાજ છે અને મતદારોને લાગે છે કે તેમણે સ્મૃતિ ઇરાનીને ચૂંટીને ભૂલ કરી છે.

રોબર્ટ વાડરાએ એવો દાવો પણ કર્યો કે, અમેઠીની જનતા પોતાની ભૂલ સમજી ગઈ છે અને મને લાગે છે કે હવે તેઓ ઇચ્છે છે કે ગાંધી પરિવારનો કોઈ સભ્ય આ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે. રોબર્ટે પ્રિયંકા પોતે પહેલી વાર ચૂંટણી પ્રચાર ૧૯૯૯માં અમેઠીમાં કર્યો હતો એ વાતની. યાદ પણ દેવડાવીને રોબર્ટે કહ્યું કે, હું મુરાદાબાદનો છું, તેથી ત્યાંના લોકો ઈચ્છે છે કે હું મુરાદાબાદનું પ્રતિનિધિત્વ કરું પણ મેં ૧૯૯૯થી અમેઠી, રાયબરેલી, જગદીશપુર અને સુલતાનપુરમાં ઘણું કામ કર્યું છે તેથી હું આ બેઠકો પરથી લડવા માગું છું.

વાડરાએ તેમાં ટીવી ચેનલના કેમેરા સામે બેસીને આ બધી વાતો કરી નાંખી કે પછી રોબર્ટ વાડરા ખરેખર ચૂંટણી લડવા અંગે ગંભીર છે કે પછી કૉંગ્રેસમાં કોઈ તેમને ગણકારતું નથી ને ચૂંટણી લડવા કહેતું જ નથી તેથી વાડરા સામેથી દાવેદારી કરી રહ્યા છે એ ખબર નથી પણ વાડરાની વાતો રસપ્રદ છે તેમાં શંકા નથી. વાડરાએ સ્મૃતિ ઈરાની વિશે જે કંઈ કહ્યું એ રાજકીય આક્ષેપબાજી છે તેથી એ વાતોમાં પડવા જેવું નથી પણ આ બધી વાતો પરથી વાડરાનો પોતાના વિશેનો અભિપ્રાય બહુ ઉંચો છે ને વાડરાને પોતાનામાં કૉંગ્રેસનો મસિહા દેખાઈ રહ્યો છે તેમાં શંકા નથી. કમ સે કમ અમેઠીમાં તો પોતે કૉંગ્રેસની ખોવાયેલી આબરૂ પાછી અપાવી જ શકશે એવું તો વાડરાને લાગે જ છે.

રાહુલ ગાંધી ૨૦૦૪, ૨૦૦૯ અને ૨૦૧૪માં અમેઠીથી જીત્યા હતા પણ ૨૦૧૯ની ચૂંટણીમાં સ્મૃતિ ઈરાનીએ રાહુલ ગાંધીને પોતાના જ ગઢમાં હરાવ્યા હતા. રાહુલે એંધાણ પારખીને કેરળના વાયનાડથી પણ ઉમેદવારી નોંધાવેલી તેથી એ લોકસભામાં તો પહોંચ્યા પણ કૉંગ્રેસની ઈજ્જતનો ફાલુદો થયેલો જ. વાડરાને લાગે છે કે, પોતે આ અપમાનનો બદલો લઈ શકે છે ને સ્મૃતિને પછાડી શકે છે.

રોબર્ટ વાડરામાં આ આત્મવિશ્વાસ ક્યાંથી આવ્યો એ ખબર નથી પણ તેમનો આત્મવિશ્વાસ જોયા પછી કૉંગ્રેસે આ ચૂંટણીમાં જ રોબર્ટને અજમાવી જ લેવા જોઈએ. કૉંગ્રેસ અમેઠીમાંથી કોને ટિકિટ આપવી એ મુદ્દે અટવાયેલી છે અને જેને પણ મેદાનમાં ઉતારશે તે જીતશે કે નહીં તેની ગેરંટી નથી. આ સંજોગોમાં રોબર્ટ વાડરાને અમેઠીમાંથી ઉતારીને કૉંગ્રેસે વાડરાની તાકાત અને આત્મવિશ્વાસ બંનેનાં પારખાં કરી લેવાં જોઈએ, લાગ્યું તો તીર નહીં તો તુક્કો. ઘણી વાર આવા તુક્કા કામ કરી જતા હોય છે એ જોતાં વાડરાનો તુક્કો પણ કામ કરી જાય ને અમેઠીમાં રાહુલે ખોયેલી આબરૂ વાડરા પાછા લઈ આવે એ શક્ય છે.

કૉંગ્રેસે વાડરાને ટિકિટ આપીને ગુમાવવાનું કંઈ નથી પણ તુક્કો કામ કરી જાય તો કૉંગ્રેસને ભવિષ્ય માટે એક નેતા પણ મળી જશે. રાહુલમાં તો દમ છે નહીં પણ રોબર્ટ દમદાર નીકળે તો કૉંગ્રેસનું કામ થઈ જાય.

વાડરા અત્યાર લગી પ્રિયંકાના પડછાયામાં રહ્યા છે. પ્રિયંકાની સાથે ફર્યા સિવાય તેમની પાસે બીજું કંઈ કામ નથી તેથી વાડરાની તાકાત શું છે તેનો કોઈ અંદાજ કૉંગ્રેસને પણ નથી કે બીજા કોઈને પણ નથી. વાડરા ખરેખર દમદાર છે કે નહીં એ નક્કી કરવું મુશ્કેલ છે ને કૉંગ્રેસ પાસે એ નક્કી કરવા માટે વાડરાને મેદાનમાં ઉતારવા સિવાય વિકલ્પ નથી. કૉંગ્રેસે જય શ્રી રોબર્ટ કરીને આ વિકલ્પ અજમાવી નાંખવો જોઈએ.

રોબર્ટ ચૂંટણી લડવા થનગની રહ્યા છે એ તેમની વાતો પરથી સ્પષ્ટ છે પણ વાડરા ચૂંટણીના મેદાનમાં આવશે એ સાથે જ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) સહિતની કેન્દ્ર સરકારની એજન્સીઓને રોબર્ટ વાડરા પાછા યાદ જશે એ પણ નક્કી છે. વાડરાએ જેલમાં જવું પડે એવું પણ બને પણ તેનાથી શો ફરક પડે છે ? ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), શનિવાર, તા. ૬-૪-૨૦૨૪શનિ પ્રદોષ, પંચક, મહાવારુણી યોગ,જળ દેવતાનાં પૂજનનો શ્રેષ્ઠ યોગ

- ભારતીય દિનાંક ૧૭, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ વદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર શતભિષા બપોરે ક. ૧૫-૩૮ સુધી, પછી પૂર્વાભાદ્રપદા.
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૭, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-ઃ
- ભરતી :સવારે ક.૧૦-૦૪,રાત્રે ક.૨૨-૩૬
- ઓટઃ બપોરે ક.૧૫-૫૯ ,મધ્યરાત્રિ પછી ક.૦૪-૪૨(તા.૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ - દ્વાદશી. શનિ પ્રદોષ, પંચક, મહાવારુણી પર્વયોગ સવારે ક. ૧૦-૨૧ થી બપોરે ક.૧૫-૪૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિ પ્રદોષ વ્રત ઉપવાસ,શિવ -પાર્વતી પૂજા,રુદ્રાભિષેક,રાત્રિ જાગરણ,શિવ ભક્તિ ,જાપ,નામ સંકીર્તન,વરૂણ દેવતાનું પૂજન,રાહુદેવતાનું પૂજન,શનિદેવતાનું પૂજન,હનુમાનચાલીસા, સુંદરકાંડ પાઠ ,કદમ્બનાં વૃક્ષનું પૂજન, સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, રાજ્યાભિષેક, પાટ અભિષેક પૂજા,ધજા કળશ પતાકા ચઢાવવી,બગીચો બનાવવો, માલ લેવો, નોકરી-વેપાર, દુકાન-રત્ન ધારણ,વૃક્ષ વાવવાં, ધાન્ય વેચવું,ધાન્ય ભરવું,પશુ લે-વેચ. ફાગણ વદ તેરસ ,શતભિષા, શનિવારનો મહાવારુણી યોગ કાશી, તીર્થરાજ પ્રયાગ,હરદ્વાર ગંગા, ગોદાવરી, નર્મદા, કાવેરી આદિ તીર્થોમાં વરુણ દેવતાનું પૂજન કરી, સ્નાનનો મહિમા છે. આજરોજ વિશેષ રૂપે જળદેવતાના પૂજનનો મહિમા છે. સુખશાંતિની પ્રાપ્તિ, રોગોથી મુક્તિ માટે કળશમાં જલદેવતાના પુજનનૌ મહિમા છે. આજે ગંગા, યમુના, નર્મદા, કૃષ્ણા, કાવેરી, ગોદાવરી આદિ નદીઓ, કુવા, તળાવ,સરોવર વગેરે કુદરતી પ્રાપ્ત જળથી સ્નાન કરવું.
- આચમનઃ ચંદ્ર-મંગળ યુતિ પ્રવૃત્તિમય સ્વભાવ, ચંદ્ર-શનિ યુતિ અશાંત મનઃ સ્થિતિ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ યુતિ, ચંદ્ર-શનિ યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ,વક્રી બુધ-મેષ, ગુરુ-મેષ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર. ■

## પ્રજામત

### એક રાષ્ટ્ર, એક ચૂંટણી

નરેન્દ્ર મોદીની નિર્ણાયક સરકારે કાશ્મીરની કલમ ૩૭૦, અયોધ્યા રામ મંદિર, અને સી. એ. એ.ના પ્રશ્નોના ઉકેલ હિંમતથી લાવી દીધેલ છે. જે અભિનંદનને પાત્ર ગણી શકાય. તાજેતરમાં 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ના પ્રશ્ને દેશના પૂર્વરાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના અધ્યક્ષપદે બનેલી કમિટીએ પોતાના ૧૮૦૦૦ પાનાનો રિપોર્ટ દેશના રાષ્ટ્રપતિને તાજેતરમાં સોંપીને અભિનંદનીય કાર્ય કરેલ છે.

'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ની કમિટીએ દેશના હિસ્સેદારો અને નિષ્ણાતો સાથે ગહન ચર્ચાઓ કરેલ હતી. તેમ જ જર્મની, સ્વિડન, બેલ્જિયમ અને દક્ષિણ આફ્રિકા સહિતના સાત દેશોની ચૂંટણી પ્રક્રિયાનો પણ અભ્યાસ કરેલ હતો. 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' માટે વર્ષ ૧૯૮૩માં દેશોના ચૂંટણી પંચે, વર્ષ ૧૯૯૯માં દેશના કાયદા પંચે તેમ જ વર્ષ ૨૦૧૭માં દેશની નીતિ આયોગે ભલામણ કરેલ હતી તે અન્વયે દેશના નિર્ણાયક વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ એક રાષ્ટ્ર એક ચૂંટણી માટે દેશના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના અધ્યક્ષપદે એક કમિટી બનાવીને દેશના એક અતિ અગત્યના પ્રશ્નનો પણ ઉકેલ લાવીને અભિનંદનીય કાર્ય કરેલ છે. આવી કાર્ય કરતી શ્રી નરેન્દ્ર મોદીની કેન્દ્ર સરકાર ત્રીજી વાર ચૂંટાય તો તે નવાઈ ન જ ગણી શકાય.

એક રાષ્ટ્ર એક ચૂંટણીનો નિયમ વર્ષ ૨૦૨૯થી લાગુ કરવા વર્ષ ૨૦૨૬માં ૨૫ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ કરવી પડશે તેવું સમાચારમાં બહાર આવેલ છે. આમ દેશની લોકસભા અને વિધાનસભાની એક સાથે ચૂંટણી યોજવા માટે વધુ ૩૦ લાખ ઈવીએમ મશીનની પણ જરૂર પડશે તેવું સમાચારમાં બહાર આવેલ છે. આ ભગીરથ ચૂંટણી માટે વિશાળ પાયે સુરક્ષા વ્યવસ્થા પણ જરૂરી બનશે. આશા રાખીએ કે દેશનો આ ભગીરથ પ્રશ્ન વાસ્તવિકતામાં સફળ પરિણમે.

**- ત્રિવેણી રાઠોડ, અમદાવાદ**

### પ્રાણીઓ અકારણ કોઈને કનડતા નથી

જન્મથી જ ઘરની ગાયનું દૂધને ઘી ખાઈને મોટી થઈ છું. ગાય સાથે અમારો આત્મીયતાનો સંબંધ. ઘરે ગાય ન રાખી શક્યા ત્યારે પાડોશની ગાયને નવડાવીએ રોડ પરની ગાયને પ્લેટમાં મુકીને લાડુ ખવડાવું એક ગાય લાડુ ખાયને રોજ શીંગડા મારે મને નવાઈ લાગે. મેં ગાયવાળી બાઈને પૂછયું કે આ કેમ આમ કરે છે તે કહે તે એવી જ છે પછી એકવાર તે મને કહે તમે હાથથી ખવડાવો તે નહીં મારે મને ડર લાગતો હતો તેણે મને વિશ્વાસ આપ્યો કે હું કહું છું ને તે કાંઈ નહીં કરે મેં હિંમત કરી ખવડાવ્યું તેણે લાડવો બરોબર મોઢામાં લઈ ખાધો ત્યાર પછી ક્યારેય તેણે માર્યું નથી હાલમાં ખુલ્લી જીપમાં સફારી સવારી કરી જંગલમાં પ્રાણીઓ જોયા બહુ જ નજીકથી ત્રણ વાઘને જોયા. ત્રણ ચાર ગાડીમાં ઘણા માણસો કેટલી વાર સુધી સાવ નજીક હતા તેઓ એક છલાંગ મારી તેઓનો શિકાર (માણસ) પકડી લઈ શકે પણ વાઘે તેમના ક્ષેત્રની મર્યાદા ન ઓળંગી માણસ કૂતરા બિલાડાને ખવડાવે ત્યારે ક્યારેક અનાયાસે તેની પર પગ પડી જાય ત્યારે તેઓ કનડતા કે કરડતા નથી તેઓ પણ સમજે છે પ્રાણી માત્રને પોતાનો ખોરાક ખબર છે સાથે તેમને પણ પોતાનો સમુદાય અને આત્મીયતાના સંબંધો માણસો સાથે પણ હોય છે.

ઢોરોનો ખોરાક પૌષ્ટિક ભાજીપાલો વેડફાય છે. માણક જે ભાજીપાલાનો ઉપયોગ કરી અને તેની છાલો જે ઘણી પૌષ્ટિક હોય છે તેને કચરામાં નાખી કચરાનો ઘણો વધારો કરે છે. જ્યારે તે ઢોરો માટેનો પૌષ્ટિક આહાર હોય છે સુકા ભીના કચરા સાથે આ ભાજીપાલાને જુદો રાખીને નજીકના તબેલામાં ઢોરોને ખવડાવવો જોઈએ તેમ જ સરકારે બિલ્ડિંગ સોસાયટીમાં ગાય રાખવાની છૂટ આપવી જોઈએ. ગાયનું દૂધ, છાણ, ગૌમૂત્ર ઘણી બધી રીતે ઉપયોગી છે અને ભાજીપાલો જે વેસ્ટ જાય છે તેનો સદઉપયોગ થઈ શકે ઢોરો અપૂરતા આહારને કારણે અકાળે વૃદ્ધ થઈ કતલખાનાએ જાય છે તેને પણ બચાવી લઈ શકાય.

**- પ્રો. બિંદુ મહેતા**
**- કામાલેન (ઘાટકોપર**

પત્ર મિત્રોને ખાસ સૂચના પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

# દસ વર્ષમાં થયેલું કામ માત્ર એપેટાઈઝર છે, મેઈન કોર્સ તો હજુ બાકી છેઃ વડા પ્રધાન

જયપુરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે છેલ્લાં દસ વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા કામો તો માત્ર એપેટાઈઝર છે અને મેઈન કોર્સ તો હજુ બાકી છે.

ચુરુ ખાતે એક રેલીને સંબોધન કરતા મોદીએ કૉંગ્રેસ પર ભારતીય સેનાનું અપમાન કરવાનો અને લોકોમાં ભાગલા પાડવાનો આક્ષેપ કર્યો હતો. આ બાબત વિપક્ષની ઓળખનું પ્રતિનિધિત્વ કરે છે, એમ તેમણે કહ્યું હતું.

છેલ્લાં ત્રણ દિવસમાં રાજસ્થાનમાં મોદીની આ બીજી રેલી હતી.

દેશને 'નવા ભારત' તરીકે ઓળખાવતા મોદીએ કહ્યું હતું કે હવે આપણે દુશ્મનોને તેમના પ્રદેશમાં ઘૂસીને મારીએ છીએ.

તેમણે કહ્યું હતું કે આજે દુશ્મનો પણ જાણે છે કે આ મોદી છે, આ નવું ભારત છે.

અત્યાર સુધી જે કંઈ પણ થયું તે તો માત્ર ટ્રેલર-એપેટાઈઝર છે, મેઈન કોર્સ તો હજુ બાકી છે, એમ તેમણે કહ્યું હતું.

ઘણા બધા સપના છે અને હજુ ઘણુ બધું કરવાનું બાકી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે હજુ દેશને આપણે ઘણો આગળ લઈ જવાનો છે.

કૉંગ્રેસ પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસ જ્યારે સત્તા પર હતી ત્યારે દેશની હાલત ખૂબ જ ખરાબ હતી.

કૉંગ્રેસ સત્તા પર હતી ત્યારે દેશનું અર્થતંત્ર તૂટી પડ્યું હતું, મોટા કૌભાંડો થતા હતા અને દરેક જગ્યાએ લૂંટફાટ જોવા મળતી હતી.

વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા ઘટી રહી હતી. દેશ આઝાદ થયાના આટલા વરસો બાદ પણ લોકો પાયાની જરૂરિયાતો માટે વલખાં મારી રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું.

પોકો વિચારતા હતા કે કશું જ પરિવર્તન નહીં આવે. દરેક નાગરિક હતાશ હતો. આવી નિરાશાજનક પરિસ્થિતિમાં વર્ષ ૨૦૧૪માં તમે એક ગરીબ પરિવારની વ્યક્તિને સેવા કરવાની તક આપી.

હતાશા અને નિરાશા મોદીની નજીક પણ નથી ફરકતા. મેં નક્કી કરી લીધું હતું કે પરિસ્થિતિ બદલવી પડશે. આજે મોદીની ગેરેન્ટીની દેશભરમાં ચર્ચા થઈ રહી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે સમગ્ર દેશ મારો પરિવાર છે. (એજન્સી) ■

# ન્યૂ યોર્ક અને ન્યૂ જર્સીમાં ભૂકંપ

## બ્રૂકલીનમાં રહેવાસીઓને ધરતીકંપનો મોટો અવાજ સંભળાયો

ન્યૂ યોર્કઃ અમેરિકાના ન્યૂ યોર્ક અને ન્યૂ જર્સીમાં શુક્રવારે ૪.૭ની તીવ્રતાવાળો ધરતીકંપ આવ્યો હતો.

અમેરિકાના ગીચ વસતિવાળા ન્યૂ યોર્ક શહેર અને તેની પાસેના ન્યૂ જર્સીમાં શુક્રવારે સવારે ભૂકંપના આંચકા આવ્યા હતા. ફિલાડેલ્ફિયાની ઉત્તરમાં પચાસ માઇલ દૂર અને ન્યૂ યોર્કની પશ્ચિમમાં આશરે ૪૫ માઇલ દૂર ન્યૂ જર્સીના લેબેનોનની નજીક ભૂકંપનું કેન્દ્ર હતું.

બ્રૂકલીનમાં રહેવાસીઓને ધરતીકંપનો મોટો અવાજ સંભળાયો હતો અને ઘણી ઇમારતો ધ્રૂજી હતી.

મેનહટનના પૂર્વમાં ઘણાં એપાર્ટમેન્ટ્સમાંથી અનેક લોકો જાહેરમાં દોડી આવ્યા હતા. ફિલાડેલ્ફિયા, બાલ્ટીમોર, કનેક્ટીકટ સહિત ઘણી જગ્યાએ ભૂકંપની અસર જોવા મળી હતી.

ન્યૂ યોર્કનાં ગવર્નર કેથી હોચુલે સોશિયલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે આખા રાજ્યમાં ધરતી ધ્રૂજી હતી. (એજન્સી) ■

# કેરળમાં દેશી બૉમ્બ બનાવતી વખતે વિસ્ફોટમાં એકનું મોત, એક ઘાયલ

કન્નુરઃ ઉત્તર કેરળના આ જિલ્લાના પનુર પાસે શુક્રવારે વહેલી સવારે દેશી બોમ્બ બનાવતી વખતે થયેલા વિસ્ફોટમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય એક ગંભીર રીતે ઘાયલ થયો હતો.

પોલીસે જણાવ્યું હતું કે આ ઘટના સવારે એક વાગ્યાની આસપાસ બની હતી અને વિપક્ષ કૉંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે વિસ્ફોટ દેશી બનાવટના બોમ્બના ઉત્પાદન દરમિયાન થયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર કૈવેલીક્કલના રહેવાસી શેરીનનું કોઝિકોડની ખાનગી હૉસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. અન્ય ઘાયલ વ્યક્તિ, વિનેશે એક હથેળી ગુમાવી છે અને તેની હાલત ગંભીર છે. આ બંને સીપીઆઈ(એમ)ના સમર્થક છે.

રાજ્ય વિધાનસભામાં વિપક્ષના નેતા વી ડી સતીસને આ ઘટના માટે શાસક સીપીઆઈ(એમ)ને જવાબદાર ઠેરવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે ડાબેરી પક્ષ તેના કાર્યકરોનો ઉપયોગ દેશી બોમ્બ બનાવવા માટે કરી રહી છે અને ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડી રહી છે.

બે દિવસ પહેલા તિરુવનંતપુરમમાં બનેલી આવી જ ઘટનાને ટાંકીને સતીસને કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયનને સવાલ કર્યો હતો, જેઓ ગૃહ વિભાગનો હવાલો સંભાળી રહ્યા છે.

બુધવારે, તિરુવનંતપુરમમાં માનનથલા નજીક હોરાઇઝન પાર્કમાં એક ખાલી જમીનમાં કથિત રીતે દેશ નિર્મિત બોમ્બ વિસ્ફોટ થયો ત્યારે બે કિશોર ગંભીર રીતે ઘાયલ થયા. તેમાંથી એકે તેની બંને હથેળી ગુમાવી હતી, અને બીજાની એક હથેળીને આંશિક નુકસાન થયું હતું. તેમની સાથે રહેલા અન્ય બે લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ■

## પહેલા પાનાનું ચાલુ

### રિઝર્વ બૅન્કનો

રાખીને રિઝર્વ બૅન્કે વ્યાજદરમાં કોઇ ફેરફાર નહિ કરવાનો નિર્ણય લીધો હતો.

આરબીઆઇના ગવર્નર શક્તિકાંત દાસે ચાલુ નાણાકીય વર્ષની સૌપ્રથમ દ્વિ-માસિક આર્થિક નીતિની શુક્રવારે જાહેરાત કરી હતી. મધ્યવર્તી બૅન્કે ચાલુ નાણાકીય વર્ષે આર્થિક વિકાસદર સાત ટકા અને ફુગાવાનો દર ૪.૫ ટકા રહેવાની આગાહી કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે ઘઉંની લણણીની મોસમ પૂરી થવા આવી છે. ઘઉંના ઉત્પાદન પર ગરમીની બે વર્ષ પહેલા માઠી અસર થઇ હતી, પરંતુ આ વખતે ખાસ માઠી અસર નહિ થવાની ધારણા છે. આમ છતાં, શાક અને અન્ય પાક પર વધુ ગરમીની માઠી અસર થવાની સંભાવનાને લીધે તેઓના ભાવ વધવાની ભીતિ છે.

આ ઉપરાંત, મોંઘવારી નિયંત્રણમાં રાખવા માટે કઠોળની માગ અને પુરવઠા પર ખાસ ધ્યાન રખાઇ રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે સિમેન્ટનું ઉત્પાદન સારું થઇ રહ્યું છે અને સ્ટીલનો વપરાશ ઘણો વધ્યો છે. મશીનો, સાધનસામગ્રી (ઇક્વિપમેન્ટ્સ), ફર્નિચર સહિતના કૅપિટલ ગુડ્સનું ઉત્પાદન તેમ જ આયાત વધી રહી છે. રિઝર્વ બૅન્કે દેશના શહેરી અને ગ્રામીણ ક્ષેત્રમાંની વિવિધ ક્ષેત્રની માગ, રોજગારીની સ્થિતિ, કૌશલ્યવાળા કર્મચારીઓની જરૂર નહિ ધરાવતા અનૌપચારિક ક્ષેત્રમાં પણ સુધારો થઇ રહ્યો હોવાનો દાવો કર્યો હતો. (એજન્સી)■

### બૅન્કમાં યુપીઆઇથી

યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (યુપીઆઇ) ઍપ્લિકેશન્સ દ્વારા જોડવાની પણ પરવાનગી આપી દીધી છે.

આરબીઆઇના ગવર્નર શક્તિકાંત દાસે ચાલુ નાણાકીય વર્ષની સૌપ્રથમ દ્વિ-માસિક આર્થિક નીતિની શુક્રવારે જાહેરાત કરતા જણાવ્યું હતું કે બૅન્કોની શાખાઓ પર રોકડ રકમની લેવડદેવડના કામનો બોજ ઘટાડવા માટે અને ગ્રાહકોની સુવિધા માટે રોકડ રકમ જમા કરાવવાના મશીન (કૅશ ડિપોઝિટ મશીન્સ) બેસાડાશે. હાલમાં માત્ર ડેબિટ કાર્ડની મદદથી રોકડ રકમ જમા કરાવવાની સુવિધા છે. રિઝર્વ બૅન્કના ગવર્નરે જણાવ્યું હતું કે એટીએમ ખાતે કાર્ડ વિનાની યુપીઆઇ સુવિધા લોકપ્રિય બની રહી છે અને હવે યુપીઆઇ દ્વારા રોકડ રકમ જમા કરાવવાની સગવડ અપાશે. તેને લગતી સૂચના (બૅન્કોને) ટૂંક સમયમાં અપાશે. (એજન્સી) ■

### કૉંગ્રેસનો ૨૫

જ્ઞાતિના આર્થિક રીતે નબળા લોકો માટે ૧૦ ટકા અનામતનો અમલ કરવાનું વચન આપ્યું છે.

કેન્દ્ર સરકારમાં જુદા જુદા સ્તરે મંજૂર કરવામાં આવેલી અંદાજે ૩૦ લાખ પૉસ્ટ પર નિમણૂક કરવાનું તેમ જ યુનિવર્સલ હૅલ્થકેર માટે પચીસ લાખ રૂપિયા સુધીના કેશલેસ ઈન્સ્યોરન્સનું રાજસ્થાન મૉડેલ અપનાવવાનું પણ કૉંગ્રેસ વચન આપ્યું છે.

૧૯ એપ્રિલથી શરૂ થનારી લોકસભાની ચૂંટણી માટે કૉંગ્રેસે ચૂંટણીઢંઢેરામાં એસસી, એસટી, ઓબીસી અનામતની ટોચમર્યાદા વધારીને ૫૦ ટકા કરવા બંધારણીય સુધારાને મંજૂરી આપવાનું પણ વચન આપ્યું છે.

કૉંગ્રેસે વચન આપ્યું છે કે જો અમે સત્તા પર આવીશું તો રાષ્ટ્રવ્યાપી સોશિયો-ઈકોનોમિક અને કોમ આધારિત જનગણના કરાવીશું.

ધર્મ, ભાષા, કોમથી આગળ વધીને લોકશાહી સરકારની સ્થાપના કરવા મતદાન કરવાની લોકોને અપીલ કરી છે.

પચીસ વર્ષથી ઓછી વયના પ્રત્યેક સ્નાતક કે ડિપ્લોમાધારકને એક વર્ષની એપ્રેન્ટિશિપ પૂરી પાડવા 'રાઈટ ટૂ એપ્રેન્ટિશિપ ઍક્ટ' ઘડવાની પણ કૉંગ્રેસે ગેરેન્ટી આપી છે.

સ્વામિનાથન કમિશન દ્વારા કરવામાં આવેલી ભલામણ મુજબ સરકાર દ્વારા દર વરસે જાહેર કરવામાં આવતી એમએસપીને અમે કાયદેસર ગેરેન્ટી આપીશું. અમે સત્તા પર આવીશું તો ગરીબો માટે દરવાજા ખોલી દઈશું, એમ ખડગેએ કહ્યું હતું. (એજન્સી)■

### આસામમાં ૨૧૦

સ્પેશિયલ ટાસ્ક ફોર્સ(એસટીએફ) અને કચર પોલીસના સંયુક્ત ઓપરેશનમાં મિઝોરમના એક વાહનને ગુરુવારે સિલ્ચર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સૈયદપુરમાં અટકાવવામાં આવ્યું હતું. વાહનની તલાશી લેતા તેમાંથી ૨૧.૫ કિલોથી વધુ હેરોઇન જપ્ત કરવામાં આવ્યું હતું. જેમાંથી ૧૮ કિલો સૌથી શુદ્ધ સ્વરૂપમાં હતું જેને વધુ પ્રક્રિયાની જરૂર હતી. જ્યારે ૩.૫ કિલો તૈયાર ઉત્પાદન હોવાનું મહંતે જણાવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય કાળા બજારમાં જપ્ત કરાયેલી દવાઓની કિંમત આશરે રૂ. ૨૧૦ કરોડ હોવાનો અંદાજ છે. વાહન જપ્ત કરવામાં આવ્યું છે અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું. મહંતે કહ્યું હતું કે અમને માહિતી મળી હતી કે પડોશી રાજ્યમાંથી ડ્રગ્સનું એક વિશાળ કન્સાઇનમેન્ટ કેટલાક મોટા શહેરોમાં સપ્લાય કરવા જઇ રહ્યું છે. અમે અમારી તકેદારી વધારી છે અને ઘટનાક્રમનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરી રહ્યા છીએ. વાહન ત્રણ દિવસ પહેલા તેની મુસાફરી શરૂ કરી અને તે સ્થાન પર પહોંચ્યું હતું. જ્યાં તેને અટકાવવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું. મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ એક્સ પર પોસ્ટમાં હેરોઇન જપ્ત થયાના સમાચાર શેર કર્યા હતા. ■

# મુંબઈમાં વીજમાગણીનો ગ્રાફ ઊંચે ચડ્યો

## ટ્રોમ્બે પ્રોજેક્ટ પૂરી ક્ષમતાથી ચલાવવા માટે ટાટા પાવર સજ્જ

મુંબઈ: માર્ચ મહિનામાં ૩૬૦૦ મેગાવોટની સીલિંગ તોડનારા મુંબઈ શહેરની માગણી હવે ૪૫૦૦ મેગાવોટ સુધી પહોંચી જાય એવી શક્યતા જણાઇ રહી છે. એ પાર્શ્વભૂમિ પર મુંબઈને વીજપુરવઠો આપનારી કંપની ટાટા પાવર ટ્રોમ્બે પ્રોજેક્ટ પૂરી ક્ષમતાથી ચલાવવા માટે સજ્જ બની ગઇ છે.

મુંબઈની વધુમાં વધુ વીજળીની માગણી માર્ચના અંતથી એપ્રિલના પહેલા અઠવાડિયા દરમિયાન સામાન્ય રીતે ૩૪૦૦ મેગાવોટની હોય છે, પણ આ વર્ષે તેનો ગ્રાફ થોડો ઊંચે ચડ્યો છે. મુંબઈગરાની વીજમાગ હાલમાં ૩૬૦૦ મેગાવોટ સુધી પહોંચી ગઇ છે. એમાં આગામી બે મહિના ઉનાળાનો સખત તાપ લાગવાનો હોઇ તેની માગમાં ઓર વધારો થશે. ૨૦૨૩માં ૯મી જૂનના રોજ ૪૧૨૯ મેગાવોટનો વિક્રમ તોડીને વધુમાં વધુ ૪૩૦૦ મેગાવોટ સુધી પહોંચે એવી શક્યતા જણાય છે. જોકે ટાટા પાવરની આ માટે પૂરેપૂરી તૈયારી છે.

મુંબઈની વીજમાગને પૂરી કરનારી કંપની અદાણી ઈલેક્ટ્રિસિટીની દહાણુ ખાતે ઔષણિક (કોલસા આધારિત) પ્રોજેક્ટમાંથી ૫૦૦ મેગાવોટ વીજળી તૈયાર થાય છે. ગયા મહિના સુધી આ પ્રોજેક્ટમાંથી ૩૦૦ મેગાવોટ દરમિયાન વીજળીનું નિર્માણ થયું હતું. જોકે હવે માગણી વધતાં આ પ્રોજેક્ટ બપોરના સમયે પણ પૂરી ક્ષમતાથી ચલાવવામાં આવી રહ્યો છે. એ જ સમયે ટાટા પાવરના ત્રણ હાઈડ્રોઈલેક્ટ્રિસિટી પ્રોજેક્ટમાંથી ૪૪૭ મેગાવોટ વીજળી ટ્રોમ્બે માર્ગથી મુંબઈ પહોંચે છે, જ્યારે ટ્રોમ્બે ખાતે ૭૫૦ મેગાવોટ વીજળી કોલસાઆધારિત અને અન્ય ચેનલથી તેમ જ ૧૮૦ મેગાવોટ વીજળી ઓઇલ આધારિત પ્રોજેક્ટમાંથી ઉત્પન્ન કરવામાં આવે છે.

ગયા મહિના સુધી ૭૫૦ મેગાવોટ પૈકી સરેરાશ ૪૦૦થી ૪૫૦ મેગાવોટ વીજનું નિર્માણ કરવામાં આવતું હતું. હાઈડ્રોઈલેક્ટ્રિસિટીમાં પાણીની બચત થાય એ માટે ૪૪૮ પૈકી સરેરાશ ૩૦૦ મેગાવોટ જ તૈયાર કરવામાં આવે છે. જ્યારે વધારાના ખર્ચને કારણે ૧૮૦ મેગાવોટ ઓઈલ આધારિત પ્રોજેક્ટમાંથી નામપૂરતી વીજળી નિર્માણ કરવામાં આવતી હતી. હવે જોકે તમામ ઠેકાણેથી પૂરી ક્ષમતાથી વીજળીનું નિર્માણ કરવામાં આવશે, એવું ટાટા પાવરે જણાવ્યું હતું. ■

# વોન્ટેડ સોનાના દાણચોરને સીબીઆઇ સાઉદી અરેબિયાથી પાછો લાવી

મુંબઈ: સોનાની દાણચોરીના કેસમાં નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ની યાદીમાં વોન્ટેડ સાઉદી અરેબિયાના રિયાધના શૌકલઅલીને ભારત લાવવામાં સીબીઆઇને સફળતા મળી છે. તેની વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. ઇન્ટરપોલ દ્વારા અલીની શોધ ચલાવવામાં આવી રહી હતી ત્યારે તે સાઉદી અરેબિયામાં છુપાઇને બેઠો હતો. સીબીઆઇના ગ્લોબર ઓપરેશન્સ સેન્ટર દ્વારા અલીને ભારત લાવવા ઇન્ટરપોલ થકી સાઉદી અરેબિયાના નેશનલ સેન્ટ્રલ બ્યૂરો-રિયા સાથે સમન્વય સાધવામાં આવ્યો હતો. સપ્ટેમ્બર, ૨૦૨૧થી અલી સામે રેડ કોર્નર નોટિસ જારી કરાઇ હતી. એનઆઇએ દ્વારા અલી વિરુદ્ધ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૦માં ગુનો દાખલ કરાયો હતો. ૩ જુલાઇ, ૨૦૨૦ના રોજ રાજસ્થાનના જયપુર ઇન્ટરનેશનલ એરપોર્ટ પર સોનાની લગડી સાથે અલી પકડાયો હતો. ■



**પૂર્વ તૈયારીઓ...** લોકસભાની ચૂંટણીની જોરદાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે દાદર ચૂંટણી અધિકારી દ્વારા કર્મચારીઓને ઈવીએમ મશીનની જાણકારી આપવા માટે દાદર ખાતે વિશેષ સત્ર રાખવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

# ચૂંટણીમાં 'લક્ષ્મી' સ્વીકારો અને મતદાન કરો

## કૉંગ્રેસનાં ઉમેદવારનું વિવાદ સર્જતું નિવેદન

ચંદ્રપુર: ભાજપના સ્થાનિક ઉમેદવાર લક્ષ્મીનાં દર્શન કરાવીને કોંગ્રેસના પદાધિકારી અને કાર્યકર્તાઓએ સાથે લઇ જાય છે. એ જ સમયે ચૂંટણીમાં આવનારી લક્ષ્મી સ્વીકારો અને મતદાન કરો, એવું વિવાદાસ્પદ વક્તવ્ય કોંગ્રેસનાં ઉમેદવાર પ્રતિભા ધાનોરકરે કર્યું છે. દરમિયાન વિધાનસભ્ય ધાનોકરે એકદમ સહેલાઈથી પૈસો સ્વીકારો, એવું ઊલટીસૂલટી ચર્ચા પણ ચાલી રહી છે.

ઈન્ડિયા આઘાડી અને મહાવિકાસ આઘાડીના નેતાઓની સભા અને બેઠક ઈમ્પીરિયલ પેલેસ ખાતે થઇ હતી. આ પ્રસંગે ધાનોરકર બોલી રહ્યાં હતાં. એ સમયે મંચ પર કોંગ્રેસના ભૂતપૂર્વ ઈન્ચાર્જ રમેશ ચેન્નીથલા, પ્રદેશાધ્યક્ષ નાના પટોલે, વિરોધી પક્ષના નેતા વિજય વડેટ્ટીવાર, સાંસદ મુકુલ વાસનિક, સાંસદ ચંદ્રકાંત હાંડોરે, જિલ્લાધ્યક્ષ વિધાનસભ્ય સુભાષ ઘોટે, ભૂતપૂર્વ પ્રધાન શિવાજીરાવ મોઘે, ભૂતપૂર્વ વિધાનસભ્ય વામનરાવ કાસાવર હાજર હતા. આ પ્રસંગે માર્ગદર્શન કરતાં કોંગ્રેસના ઉમેદવાર વિધાનસભ્ય ધાનોરકરે મહાયુતિના ઉમેદવાર વનપ્રધાન સુધીર મુનગંટીવારની ટીકા કરી હતી.

ભાજપના સ્થાનિક ઉમેદવાર પૈસાનું જોર કરી રહ્યા છે. ભાજપના ઉમેદવાર લક્ષ્મીનાં દર્શન કરાવીને કોંગ્રેસના અનેક પદાધિકારી અને કાર્યકર્તાઓને સાથે લઇ ગયા છે. ચૂંટણીમાં આવેલી લક્ષ્મીને પાછી ન કરતા. ચૂંટણીમાં આવેલી લક્ષ્મીને તમામ લોકોએ સ્વીકારવી અને કોંગ્રેસને મતદાન કરવું, એવી અપીલ ધાનોરકરે કરી હતી.

દરમિયાન ચૂંટણીમાં લક્ષ્મીનાં દર્શન થતાં હોવાનું વિધાનસભ્ય ધાનોરકરે જ કહ્યું હોવાથી કાર્યકર્તાઓએ તેમને તાળીઓથી વધાવી લીધા હતા. હું રડીશ નહીં, તેમ છતાં હું લડવાની છું, એવું જણાવીને ધાનોરકરે ઉમેદવારીપત્ર ભરવા જઇ રહ્યાં હતાં ત્યારે માનવમહેરામણ ઊમટ્યું હોવાનું જણાવ્યું હતું. ■

# કલીન અપ માર્શલ દ્વારા પ્રથમ દિવસે જ ₹ ૭૫,૦૦૦નો ઓનલાઇન દંડ વસૂલ

મુંબઈ: સ્વચ્છતાના નિયમોનો ભંગ કરનાર સામે ઓનલાઈન દંડ વસૂલવાની શરૂઆત મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસન દ્વારા કરવામાં આવી છે. આ યોજના પાલિકાના 'એ' ડિવિઝનમાં અમલમાં મૂકવામાં આવી છે અને કામગીરીના પ્રથમ દિવસે ૭૨,૦૦૦ રૂ. થી વધુનો દંડ વસૂલવામાં આવ્યો હતો. જાહેર સ્વચ્છતાના નિયમોનો ભંગ કરનાર સામે દંડાત્મક કાર્યવાહીમાં મ્યુનિસિપલ વહીવટીતંત્રે ટેકનોલોજીનો સહારો લીધો છે. આ પાયલોટ પ્રોજેક્ટ પ્રશિક્ષિત ક્લીન અપ માર્શલો દ્વારા નગરપાલિકાના એ ડિવિઝનમાં લાગુ કરવામાં આવી રહ્યો છે. ક્લીન અપ માર્શલ દ્વારા કાર્યવાહી દરમિયાન મોબાઈલ એપ દ્વારા પ્રિન્ટેડ રસીદ આપવામાં આવી રહી છે. તેમજ નાગરિકોને ઓનલાઈન દંડ ભરવાની સુવિધા પણ પૂરી પાડવામાં આવી છે. સાર્વજનિક સ્થળોએ થૂંકવું, મળમૂત્રનો નિકાલ, ભીનો અને સૂકો કચરો અલગ-અલગ કરવા, રસ્તા પર કચરો સળગાવવા, ખુલ્લામાં કપડાં અને કાર ધોવા, મેડિકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ નહીં કરવા જેવા વિવિધ નિયમોનું ઉલ્લંઘન કરનારા નાગરિકો સામે ક્લીન અપ માર્શલ દ્વારા ઓનલાઈન કાર્યવાહી કરવામાં આવી. ક્લીન અપ માર્શલો પાસેના મોબાઈલમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયાર કરવામાં આવેલું ક્લીન અપ માર્શલ સિસ્ટમ એપ છે, જેમાં સ્વચ્છતાના નિયમો અને નિયમોના ભંગ બદલ વસૂલવામાં આવતી નિશ્ચિત રકમનો પહેલેથી જ સમાવેશ થાય છે. ■

# ... તો નારાયણ રાણે બે મહિનામાં તિહાર જેલમાં હશેઃ સંજય રાઉત

મુંબઇ: મહાવિકાસ આઘાડી તરીકે અમે મહારાષ્ટ્રમાં ૪૮ લોકસભા બેઠકો પર ચૂંટણી લડી રહ્યા છીએ. મહાગઠબંધન તરીકે અમારી વચ્ચે યોગ્ય સંકલન છે, એમ સંજય રાઉતે કહ્યું હતું.

સાંગલીના પ્રવાસ દરમિયાન નારાયણ રાણેના નિવેદનની નોંધ લેતાં રાઉતે કહ્યું હતું કે, અમે કૉંગ્રેસ અને એનસીપી સાથે કામ કરી રહ્યા છીએ. આપણે બધા આઘાડી ધર્મનું પાલન કરીએ છીએ. કૉંગ્રેસ પણ તેને અનુસરે છે, અમે પણ તેને અનુસરીએ છીએ. રામટેકમાં અમારો ઉમેદવાર હતો, ત્યાં તેમણે ઉમેદવારની જાહેરાત કરી અમે કંઈ કહ્યું? હવે આપણે ત્યાં કામ કરીશું. અમે સાંગલીમાં કૉંગ્રેસના નેતાઓને મળવાના છીએ. વિશ્વજીત કદમ, વિશાલ પાટીલ અમારા છે. ગઠબંધનમાં સામેલ દરેક પક્ષને લાગે છે કે આ મતવિસ્તાર તેમની પાસે રહેવો જોઈએ. પરંતુ આગળની બેઠકો અહીં અને ત્યાં થઈ રહી છે. ભાજપ સાથે ગઠબંધન વખતે પણ આવું બન્યું છે સંજય રાઉતે કહ્યું. ■

# બાળકી દત્તક અપાવવાને નામે મહિલા સાથે નવ લાખની છેતરપિંડીઃ આરોપી પકડાયો

મુંબઈ: સંતાનપ્રાપ્તિની ઇચ્છા ધરાવતી મહિલા સાથે બાળકી દત્તક અપાવવાને બહાને નવ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરનારા શખસની પોલીસે ધરપકડ કરી હતી.

સમતા નગર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ સાહિલ અબ્દુલ હમીદ શેખ તરીકે થઈ હતી. શેખે પોતાની ઓળખ એનજીઓના કર્મચારી તરીકે આપી હતી અને મહિલાને નવજાત શિશુ દત્તક અપાવવામાં મદદરૂપ થવાની ખાતરી આપી હતી.

કાંદિવલી પૂર્વમાં રહેતી ૪૬ વર્ષની મહિલાએ આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી નર્સ તરીકે કાર્યરત હોઈ હાલમાં એક દર્દીની કેરટેકર તરીકે કામ કરે છે. લગ્નને ૧૫ વર્ષ વીત્યાં છતાં સંતાન ન હોવાથી મહિલાએ બાળક દત્તક લેવાનું વિચાર્યું હતું. બાળક દત્તક લેવાની પ્રક્રિયા અંગેની પૂછપરછ દરમિયાન તેની ઓળખાણ એક ફ્રેન્ડ મારફત આરોપી શેખ સાથે થઈ હતી. શેખે બાળક દત્તક અપાવવામાં મદદ કરવાની ખાતરી આપી હતી.નવેમ્બર, ૨૦૨૦માં શેખે ફરિયાદીને કહ્યું હતું કે એક મહિલા તેની બાળકી દત્તક આપવા તૈયાર છે. આ માટે ફરિયાદી પાસેથી ફોર્મ ભરાવી પ્રોસેસિંગ ફી પેટે દોઢ લાખ રૂપિયા શેખે લીધા હતા. થોડા દિવસ પછી શેખે બાળકી કોવિડને કારણે મૃત્યુ પામી હોવાનું કહ્યું હતું.

અમુક દિવસ વીત્યા પછી શેખે દાદી સાથે રહેતી બીજી બાળકીને દત્તક લેવા સંબંધી વાત કરી હતી. દાદી બાળકીની સંભાળ રાખી શકતી ન હોવાથી તે દત્તક આપવા માગે છે, એવું શેખે કહ્યું હતું. આ બાળકી માટે શેખે ફરિયાદી પાસેથી ૭.૫૦ લાખ રૂપિયા પડાવ્યા હતા. રૂપિયા લીધા પછી શેખે ફરિયાદીના કૉલ રિસીવ કરવાનું બંધ કર્યું હતું.

દરમિયાન ૨૦૨૩માં ફરિયાદીને ફાઈનાન્સ કંપનીમાંથી ફોન આવ્યો હતો અને બાઈકના હપ્તા ચૂકવવામાં ન આવ્યા હોવાનું કંપનીના કર્મચારીએ કહ્યું હતું. તપાસ કરતાં બાળકી દત્તક લેવા માટે આપેલા દસ્તાવેજોનો શેખે બાઈક ખરીદવા દુરુપયોગ કર્યો હોવાનું જણાયું હતું. ■

# દહિસરમાં પરિણીતાએ કરી આત્મહત્યા

## પતિ-સાસુ વિરુદ્ધ ગુનો દાખલ

મુંબઈ: દહિસરમાં ૧૮ વર્ષની પરિણીતાએ નિવાસસ્થાને ગળાફાંસો ખાઇ જીવનનો અંત આણ્યો હતો. મૃતકના પિતાએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે દહિસર પોલીસે પતિ અને સાસુ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. સોનાના દાગીના અને મોટરસાઇકલ માટે પુત્રીને શારીરિક-માનસિક ત્રાસ આપતાં તેણે આત્મહત્યા કરી હોવાનો આરોપ પિતાએ ફરિયાદમાં કર્યો હતો.

દહિસર પૂર્વમાં કેતકીપાડા વિસ્તારમાં ગુરુવારે જ્યોતિ વડારી નામની પરિણીતાએ સાડીની મદદથી ગળાફાંસો ખાધો હતો. જ્યોતિને હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. જ્યોતિના પિતા મનોજકુમાર રેડ્ડીએ આ પ્રકરણે જ્યોતિના પતિ કૈલાસ વડારી અને સાસુ અનંતમા વિરુદ્ધ દહિસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ■

# ભાજપે મહારાષ્ટ્રના ઘણા ભાગમાંથી ધનુષ-બાણનું ચિહ્ન ગાયબ કરી દીધુંઃ ઉદ્ધવસેના

મુંબઈ: ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેના નેતૃત્વવાળી શિવસેનાએ આરોપ મુક્યો હતો કે અવિભાજિત શિવસેના દ્વારા ચૂંટણી લડવામાં આવતી બેઠકો માટે ભાજપે દાવો કરવા બાદ મહારાષ્ટ્રના ઘણા ભાગમાંથી ધનુષ-બાણનું ચિહ્ન ગાયબ થઈ ગયું છે.


પાર્ટીના મુખપત્ર 'સામના'ના તંત્રી લેખમાં ઉદ્ધવસેનાએ કહ્યું હતું કે અવિભાજીત શિવસેના તેના ધનુષ-બાણના ચિહ્ન પર મહારાષ્ટ્રમાં ૪૮માંથી ૨૩ બેઠકો પર ચૂંટણી લડતી હતી.

વિપક્ષ મહાયુતિ મહાવિકાસ આઘાડીનો એક ભાગ ઉદ્ધવસેનાએ એવો પણ દાવો કર્યો હતો કે ઘણા શિવસેનાના સીટિંગ સાંસદોને રિપીટ ન કરવા પાછળ ભાજપની ઉચ્ચ નેતાગીરીનો હાથ છે. એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેના એટલે કે શિંદેસેનાએ ભાવના ગવલી, કૃપાલ તુમાને અને હેમંત પાટિલ, યવતમાળ-વાશિમ, રામટેક અને હિંગોળીના સીટિંગ સાંસદોની ફરી ઉમેદવારી નોંધાવી નથી. હાલ શિંદેસેનાને અડધી બેઠકો પણ મળી નથી અને ભાજપે ચારથી પાંચ બેઠકો પર ધનુષ-બાણનું ચિહ્ન ગાયબ કરી દીધું છે.

ઉદ્ધવસેનાએ એ પણ દાવો કર્યો હતો કે ભાજપે બાળા સાહેબ ઠાકરેની પરંપરાગત સિંધુદુર્ગ-રત્નાગિરિ બેઠક પરથી પણ ધનુષ-બાણનું ચિહ્ન ગાયબ કરી દીધું અને આના પર હવે ભગવાધારીઓ દાવો કરી રહ્યા છે. એડિટોરિયલમાં એ પણ પ્રશ્નાર્થ કરવામાં આવ્યો છે કે હવે શિવસેનાનું ચિહ્ન કલ્યાણ અને થાણેમાં સંઘર્ષ કરી રહ્યું છે, જે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનો ગઢ માનવામાં આવે છે. તેનો દીકરો શ્રીકાંત શિંદે હાલ કલ્યાણની બેઠક પરથી સીટિંગ સાંસદ છે.

એડિટોરિયલમાં વધુમાં જણાવાયું છે કે એવી શક્યતા છે કે જે લોકો લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી છે તેઓ જીતી જશે. ■


usuct યુનિવર્સલ સ્પીરીચ્યુઅલ અપલીફ્ટમેન્ટ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ www.usuct.org
મહિનાના દર પહેલાં અને ત્રીજા શનિવારે,- પ્રેમપુરી આશ્રમ, ચોપાટી.



ભગવત્ સ્વરૂપ શ્રી સુરેશ કોઠારી પ્રેરિત,
જ્ઞાન - ભક્તિનું આયોજન -
આ શનિવારનો વિષય-
મનને મળે નવી દિશા
YouTube
Live On - Universal Spiritual Upliftment and Charitable Trust (USUCT)
આજે ૬ એપ્રિલ, ૨૦૨૪, શનિવાર, સાંજે ૬.૦૦ થી ૭:30
પ્રેમપુરી આશ્રમ, ચોપાટી, મુંબઈ - ૭
આ કાર્યક્રમ નિઃશુલ્ક છે.
KParth


### શૈક્ષણિક સંસ્થામાં ગોટાળો

# રાષ્ટ્રવાદીના મીરા-ભાયંદરના જિલ્લાધ્યક્ષ મોહન પાટીલની ધરપકડ

## ૮ એપ્રિલ સુધી પોલીસ કસ્ટડી ફટકારાઇ

ભાયંદર: છેલ્લા સવા મહિનાથી ફરાર રાષ્ટ્રવાદીના મીરા-ભાયંદરના જિલ્લાધ્યક્ષ મોહન પાટીલની શુક્રવારે મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસની આર્થિક ગુના શાખાએ ધરપકડ કરી હતી.

શૈક્ષણિક સંસ્થામાં ગોટાળો કરવાનો પાટીલ પર આરોપ છે. પાટીલની આગોતરા જામીનની અરજી ફગાવી દેવાયા બાદ તેની ધરપકડ કરાઇ હતી. પાટીલને કોર્ટમાં હાજર કરાતાં તેને ૮ એપ્રિલ સુધી પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

પાટીલ ભાયંદર પૂર્વમાં અભિનવ શેતકરી શિક્ષણ મંડળના કાર્યાધ્યક્ષ પદે હતો ત્યારે તેણે કરોડો રૂપિયાનો ગોટાળો કર્યો હોવાનો આરોપ સંસ્થાના સભ્યોએ કર્યો હતો.

આમાં શાળામાંના વિદ્યાર્થીઓને આપવામાં આવતી ખીચડી તેમ જ ઓળખપત્ર વિતરણ અને કમ્પ્યુટરની ખરીદીમાં થયેલા ગોટાળાનો સમાવેશ છે, જેને લઇ સંસ્થામાંના બે જૂથ વચ્ચે કાનૂની લડાઇ પણ ચાલુ છે.

દરમિયાન આમાંના એક પ્રકરણમાં પાટીલ વિરુદ્ધ ૨૦૧૮માં નવઘર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને તેની તપાસ બાદમાં આર્થિક ગુના શાખાને સોંપાઇ હતી. પાટીલે બાદમાં ૨૪ જાન્યુઆરીએ હાઇ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. જોક કોર્ટે અરજીને ફગાવી દીધા બાદ પાટીલ ફરાર હતો. આખરે શુક્રવારે વહેલી સવારે પાટીલની ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. ■




E-book today at www.marutisuzuki.com or visit your nearest Maruti Suzuki dealership | For bulk orders, mail at: shuaib.akhtar@maruti.co.in

AUTHORISED DEALERS: MUMBAI: (SOUTH & CENTRAL): SAH & SANGHI: KEMPS CORNER 8879939452 / 8108184122, AUTOMOTIVE: KURLA 1800 2100 021, KTS AUTOMOTORS: FORT 22101234, 9833246246, EXCELL AUTOVISTA: BANDRA (W) 9209200071, SAI SERVICE: LOWER PAREL 8879590112 / 02243030317, VITESSE: WORLI 42005464, 02267304947, 8108508617. MUMBAI (EAST, WEST & NORTH): KIRAN MOTORS: GHATKOPER (W): 7400362222, 7400483333, EXCELL AUTOVISTA: MALAD (W) 9209200071, FORTPOINT CARS: JOGESHWARI 9594973626, SHIVAM AUTOZONE: KANDIVALI (W) 8082666333, MY CAR: VILE PARLE (W) 9028146999, SAI SERVICE: ANDHERI 43030550, 43030505, GOREGAON 9594952100, 9594952213, BORIVALI 29678888, 29678800. SUPREME AUTOMOBILES: MIRA ROAD: 8976877177. THANE: PRAKASH AUTO: ULHASNAGAR 8983003363, 9967468558, SIMRAN MOTORS: AIROLI 9223161411, NAVNIT MOTORS: THANE 022-41556699, 9821807000, VELOX: MULUND 9111949494, FORTPOINT CARS: THANE 40791111, AHER AUTOPRIME: KALYAN 02512327344, 9702919919, VELOX MOTORS: WAGLE ESTATE THANE 9920059595. PALGHAR: SAI SERVICE: VASAI 9594952175, SHIVAM AUTOZONE: BOISAR 9664393939, WADA 9326721001, 9326721005, NAVI MUMBAI: MY CAR - VASHI 7719800000, EXCELL AUTOVISTA: KHARGHAR 9209200071, AUTOMOTIVE: NAVI MUMBAI 1800 2100 021, SIMRAN MOTORS: PANVEL 7506278049. E-OUTLET: KIRAN MOTORS: KHOPOLI 9967017556/7400362222, SAI SERVICE: VIRAR 8605000904, PALGHAR 8308806721, DAHANU - 9167980093, SIMRAN: WADKHAL 9223161473, KARJAT 9223181114, MAHAD 9223161415, ALIBAG - 9223161461/9223161462, MANGAON 9223161426, AUTOMOTIVE: DOMBIVALI 1800 2100 021, SHIVAM AUTOZONE: TALASARI 9664666111, SHAHAPUR 9664222666, NALASOPARA 9870597777, VELOX: SHILPHATA 9111949494, PRAKASH AUTO: KONEGAON 9579298697, BADLAPUR 8097707770, MURBAD 9702639469, AHER AUTOPRIME: TITWALA 8422871736. R-OUTLET: SAI SERVICE: MANOR 7506448316, 8879685577, EXCELL AUTOVISTA: ROHA 9209200071, MY CAR: ULWE 8104906845, AHER AUTOPRIME: AMBERNATH 7208985578. MY CAR: URAN 8104906916.

*Offer includes consumer offer, exchange bonus and corporate offer (wherever applicable) on select models/variants. Terms and conditions apply. Offers applicable on selected models. Car models and accessories shown may vary from the actual product. Subscription service is available in Mumbai only. The terms and conditions are subject to change without any prior notice. Offers may vary from city to city and variant to variant for all models. Accessories and features shown in the pictures may not be a part of the standard equipment and may vary according to the variant. Creative visualization. Black Glass shade on the car is due to lighting effect. Colours shown may vary from actual body colours due to printing on paper. Images used are for illustration purposes only. Offers valid till 30th April 2024 or till stocks last, whichever is earlier.

## છેલ્લા પાનાનું ચાલુ

### બાળ ઠાકરેના

પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે પ્રયાસો કરતા હોવાનું દેખાડી રહ્યા છે.

મરાઠા અનામતના આંદોલનને જે રીતે તેમણે શાંત કર્યું છે તે રીતે અત્યારે મરાઠા સમાજ એકનાથ શિંદેની સાથે છે. નાયબ મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસ સામે તેમની નારાજી જાહેર હોવા છતાં એકનાથ શિંદે તેમને શાંત રાખવામાં સફળ થયા છે. આ ઉપરાંત એસટી કર્મચારીઓનું આંદોલન પણ તેમણે બહુ સારી રીતે હેન્ડલ કર્યું હતું.

ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસ કરતાં વધુ સાથ મહારાષ્ટ્રમાં એકનાથ શિંદેને મળી રહ્યો છે અને તેને કારણે રાજ્યમાં અનેક નવા પ્રોજેક્ટ શરૂ કરાવવામાં તેમને સફળતા મળી છે. રાજ્યમાં ઝડપથી સંખ્યાબંધ પ્રોજેક્ટ અમલમાં મૂકીને તેમણે રાજ્યના વિકાસમાં ગતિ લાવી દીધી છે અને ઉદ્ધવ ઠાકરેના કાર્યકાળમાં વિકાસ યોજનાઓ ઠપ થઈ ગઈ હતી અને શિંદેના કાર્યકાળમાં યોજનાઓ બૂલેટ ટ્રેનની ઝડપથી થઈ રહી છે એવું દર્શાવી રહ્યા છે.

જોકે, એક સત્ય એ પણ છે કે દિવંગત બાળ ઠાકરેને માનનારો રાજ્યનો અને ખાસ કરીને મુંબઈ થાણેનો જે વર્ગ છે તે ઘણો લાગણીશીલ છે. આ વર્ગને પકડવા માટે ઉદ્ધવ ઠાકરે વિક્ટિમ કાર્ડ રમી રહ્યા છે. મારી પાસેથી મુખ્ય પ્રધાનની ખુરશી, પાર્ટી, ચિહ્ન બધું છીનવી લીધું એવું દેખાડીને લોકોની સહાનુભૂતિ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

### ૩૫.૮ ડિગ્રી

ફરિયાદ સાથે દર્દીઓ આવ્યા હતા. આરોગ્ય ખાતાના જણાવ્યા મુજબ ગરમીનું પ્રમાણ વધવાને કારણે લૂ લાગવાના કેસમાં વધારો જણાયો હતો.

મુંબઈમાં હજી ગુરુવારે મહત્ત તાપમાન ૩૩.૫ ડિગ્રી હતું, તેમાં ૨૪ કલાકની અંદર જ બે ડિગ્રી જેટલો વધારો થયો હતો. શુક્રવારે દિવસ દરમિયાન સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૫.૮ ડિગ્રી અને કોલાબામાં મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી જેટલું ઊંચુ નોંધાયું હતું. હવામાન ખાતાના કહેવા મુજબ મુંબઈમાં આગામી દિવસમાં ગરમીનું પ્રમાણ હજી વધવાની શક્યતા છે. એટલે કે તાપમાનનો પારો હજી ઉપર જવાનો છે. હીટ સ્ટ્રોકના કેસમાં વધારો થવાની શક્યતાને પગલે મુંબઈ મહાનગરપાલિકાએ એડવાઈઝરી પણ બહાર પાડી છે. મુંબઈમાં આ અગાઉ ૩૧ માર્ચના ૩૮.૮ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું.

આ દરમિયાન રાજ્યમાં પણ માર્ચ મહિનાના છેલ્લા અઠવાડિયામાં અમુક જિલ્લામાં વરસાદ હાજરી પૂરાવી ગયા બાદ એપ્રિલ મહિનાની શરૂઆત સાથે જ કાળઝાળ ગરમી પડી રહી છે. રાજ્યના હિલ સ્ટેશન ગણાતા અને મુંબઈથી એકદમ નજીક આવેલા માથેરાનમાં ૩૪.૦ ડિગ્રી તો મહાબળેશ્વરમાં ૩૩.૬ ડિગ્રી જેટલું ઊંચુ તાપમાન નોંધાયું હતું.

આગામી દિવસમાં મુંબઈ સહિત રાજ્યમાં તાપમાનનો પારો ઊંચો જવાનો છે. શુક્રવારે દિવસ દરમિયાન રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન સોલાપુરમાં ૪૩.૧ ડિગ્રી નોંધાયું હતું. તો વિદર્ભ સહિત રાજ્યના અનેક જિલ્લામાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીથી ઉપર જવાની શક્યતા છે, જેમાં વિદર્ભમાં ચંદ્રપુરમાં ૪૨.૪ ડિગ્રી, વર્ધામાં ૪૨.૧ ડિગ્રી, યવતમાળ અને બ્રહ્મપુરીમાં ૪૨.૦ ડિગ્રી, અકોલા અને વાશીમમાં ૪૧.૮ ડિગ્રી, ગઢચિરોલીમાં ૪૧.૬ ડિગ્રી, નાગપુરમાં ૪૧.૪ ડિગ્રી, અમરાવતીમાં ૪૦.૬ ડિગ્રી, ગોંદિયામાં ૪૦.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

### વીઆઈપી ગ્રુપના

પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ ગુનાના આધારે ઇડી આ પ્રકરણે તપાસ કરી રહી છે.

રોકાણ પર સારું વળતર અને ટ્રેડિંગની લાલચ દેખાડીને આરોપીઓએ બોગસ કંપનીના માધ્યમથી વિવિધ બેન્ક ખાતાંમાં રોકાણકારોના ૧૦૦ કરોડથી વધુ રૂપિયા જમા કર્યા. ઇડીના જણાવ્યા મુજબ દુબઇમાં રહેતા વિનોદ ખુટે આ પ્રકરણમાં મુખ્ય આરોપી હોઇ તેણે દુબઇ સ્થિત કંપની મેસર્સ કાના કેપિટલ લિમિટેડના માધ્યમથી વિવિધ ગેરકાયદે વેપાર, ક્રિપ્ટો એક્સચેન્જ, વોલેટ સેવા, ફોરેક્સ ટ્રેડિંગના નામે છેતરપિંડી આચર્યાનો આરોપ છે.

વિનોદ ખુટેએ મેસર્સ વીઆઇપીસ વોલેટ પ્રા.લિ. સહિત અનેક કંપનીઓ શરૂ કરી અને તેના થકી રોકાણકારો પાસેથી રૂપિયા ભેગા કર્યા. આ રૂપિયા બોગસ કંપની અને બેન્ક ખાતાંના માધ્યમથી વ્યવહારમાં લાવ્યા. બાદમાં હવાલા ઓપરેટર્સના માધ્યમથી પૈસા દુબઇ મોકલ્યા છે. વિનોદ ખુટેએ અત્યાર સુધી કરેલા ખર્ચની વિગતો ઇડી દ્વારા તપાસવામાં આવતાં ગુનામાંની રકમ ૧૦૦ કરોડથી વધુ હોવાનું ધ્યાનમાં આવ્યું છે. આ રૂપિયાથી દુબઇ-ભારતમાં મિલકત ખરીદવામાં આવી છે. અગાઉ ઇડીએ વિનોદ ખુટે સાથે સંબંધિત પુણે, અમદાવાદ, મુંબઇ તથા વિવિધ સ્થળે છાપા માર્યા હતા.

### એફડીએના

કામગીરી ડ્રગ ઇન્સ્પેક્ટરો કરે છે. તેમજ ફૂડ ઇન્સપેક્ટરો દ્વારા વિદેશમાંથી ગુપ્ત રીતે વેચાણ માટે આવતી ખાદ્ય બનાવટો પર ઝીણવટભરી નજર રાખવા અને તેના પર કાર્યવાહી કરવા, ખાદ્યપદાર્થોમાં ભેળસેળ અટકાવવા અને નાગરિકોને ગુણવત્તાયુક્ત ખાદ્યપદાર્થો મળી રહે તે માટે પ્રયાસો કરવામાં આવે છે.

રાજ્યમાં એફડીએના દવા વિભાગમાં લગભગ ૧૫૦ થી ૨૦૦ કર્મચારીઓ અને અધિકારીઓ છે, જ્યારે ફૂડ વિભાગમાં લગભગ ૧૨૫ થી ૧૫૦ અધિકારીઓ અને કર્મચારીઓ છે. તેમાંથી લગભગ ૮૦ ટકા અધિકારીઓ અને કર્મચારીઓને ચૂંટણીની કામગીરી માટે નિયુક્ત કરવામાં આવ્યા છે.

### સાવધાની રાખવા

વધીને લૂ લાગવાના કેસ વધી શકે છે. તેથી પાલિકા મુંબઈના નાગરિકો માટે શું કાળજી લેવી તેની માટે ખાસ એડવાઈઝરી બહાર પાડી છે. તેમ જ ગરમીનું મોજું ફરી વળે (હીટ વેવ) તો તેનો ભોગ બનેલા દર્દી માટે પોતાની ૧૪ હૉસ્પિટલમાં કોલ્ડ રૂમ તથા દવાની વ્યવસ્થા કરી છે.

## હિટ વેવ સંબંધિત બીમારીનાં લક્ષણો

પૌઢ વ્યક્તિમાં શરીરનું તાપમાન ૧૦૪ ફેરનહાઈટ સુધી ( ૪૦ ડિગ્રી સેલ્સિઅસ) સુધી પહોંચે, માથુ દુખે, ઉલટી થાય, ચક્કર આવે, હાર્ટ બીટ વધી જાય અને ગભરાટ થાય છે. નાના બાળકો ખોરાક લેવાનું ટાળે, ચીડચીડ કરે, પેશાબ કરવાનું ટાળે અને આંખો નિસ્તેજ થઈ ગઈ હોય અને મોઢાની સાથે જ ચામડી પણ ડ્રાય થઈ જાય છે.

## હિટ સ્ટ્રોકનો ભોગ બન્યા તો શું કરશો?

પગ નીચે તકિયો લઈને અથવા કંઈ અન્ય વસ્તુ રાખીને તેને આડા સુવા કહેવું, લૂ લાગેલી વ્યક્તિને તરંત ઘરમાં અથવા છાયડામાં લઈ જવું, નાના બાળકો હોય તો તેમને વાંરવાર ઠંડા પાણીના ઘૂંટડા પીવા આપવા, હવા આવવા માટે પંખાનો ઉપયોગ કરવો, ઠંડા પાણીના પટ્ટાનો ઉપયોગ કરવો, ટાઈટ કપડા પહેરવા નહીં. તબિયત વધુ ખરાબ લાગે તો તુરંત ડૉક્ટર પાસે જવું.

## હીટ વેવથી બચવા શું કરશો ?

માથા પર ટોપી પહેરવી અથવા રૂમાલ બાંધવો, માથાને તડકાથી બચાવવા માટે છત્રીનો ઉપયોગ કરવો, બપોરના ૧૨ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધી તડકામાં બહાર નીકળવાનું ટાળવું, સફેદ અને હળવા રંગના કપડા પહેરવા, માથા પર ટોપી પહેરવી, તડકાના સીધા સંપર્કમાં આવવાનું ટાળવું જોઈએ. પૂરતું પાણી પીવું, છાશ, લીંબુ પાણી, નાળિયેર પાણી જેવા લિક્વિડ પદાર્થનું સેવન કરવું.

## શું નહીં કરવું ?

ઉનાળામાં શારિરીક કષ્ટ આપતા કામ કરવા ટાળવા, બપોરના ૧૨થી સાંજના ચાર વાગ્યા સુધી ઘરની બહાર નીકળવાનું ટાળવુ જોઈએ. ઉનાળામાં રસ્તા પર ચપ્પલ વગર ચાલવું નહીં. નાના બાળકો અને પાળેલા પ્રાણીઓને અંદર રાખીને વાહનના દરવાજા બંધ કરવા નહીં. ચા, કોફી જેવા ગરમ પીણા પીવાનું ટાળવું.

### મુંબઈ-અમદાવાદ

છે. મુંબઈ-અમદાવાદ હાઇવેના વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી ભૂમાફિયાઓએ જમીન પર ગેરકાયદેસર ભરણી કરીને જમીન કબજે કરી રહ્યા છે. આ કારણસર ચોમાસા અને ભરતી દરમિયાન વર્સોવા ખાડીનું પાણી હાઇવે પર જમા થાય છે આ સાથે ગેરકાયદેસર ભરણીને કારણે હાઇવેની આસપાસની નાની ગટર અને નાળાઓ બંધ થઈ ગયા છે. જેથી ગામ અને હાઇવે પર પાણી ભરાવાની સમસ્યા નિર્માણ થશે અને આ વિસ્તારમાં મેન્ગ્રોવની પણ કાપણી કરવામાં આવી રહી છે, એવો આરોપ ગામના લોકોએ કર્યો હતો.

હાઇવે પર ચાલી રહેલા આ ગેરપ્રકારને રોકવા માટે પ્રશાસન દ્વારા ભરણીને રોકવાનો આદેશ જાહેર કર્યો હતો તેમ છતાં આ ગેરકાયદેસર કામ થઈ રહ્યું છે. આ મામલે ગામના નાગરિકોએ અનેક વખત ફરિયાદ કરી હતી પણ કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા ગામમાં મોટા પ્રમાણમાં પાણી ભરાવવાની સમસ્યાથી નાગરિકો ચિંતિત છે.

મુંબઈ-અમદાવાદ હાઇવેના કોંક્રિટીકરણ માટે ૬૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જોકે હાઇવેની આસપાસ ગેરકાયદેસર ભરણીની સમસ્યા વધી રહી છે. જો આ બાબતે કોઈ પગલાં ન લેવામાં આવતા હાઇવે પર પાણી જામતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવાનો વખત આવશે.

આ સમસ્યાને દૂર કરવા માટે ગામના લોકોએ સોમવારે પ્રશાસનની ઓફિસની સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને જો આ બાબતે કોઈ કાર્યવાહી નહીં કરવામાં આવે તો આ હાઇવેને બંધ કરવાનો ઈશારો લોકોએ આપ્યો હતો.

### થાણે શહેર માટે

વધતી હોય છે, જેમાં ચક્કર આવવા, સ્નાયુ ખેંચાવા, માથાનો દુખાવો, શ્વાસની સાથે જ હાર્ટબીટ વધવા જેવી બીમારી થઈ શકે છે. તેથી નાગરિકોએ તુરંત નજીકના આરોગ્ય કેન્દ્ર અને હૉસ્પિટલમાં તેની નોંધ કરાવવાની અપીલ પાલિકાએ કરી છે. તેમ જ હીટ વેવ સમયે શું કરવું અને શું ના કરવું અને ગરમીને કારણે થનારી બીમારી બાબતે આશાવર્કસને પ્રશિક્ષણ આપીને જનજાગૃતિ કરવાનું અને નાગરિકોને કાળજી લેવા મુદ્દે ટાસ્ક ફોર્સની બેઠકમાં ચર્ચા થયા બાદ થાણે પાલિકાએ લોકોને સર્તક રહેવાની અપીલ કરી છે.

વધતા જતા શહેરીકરણને કારણે શહેરમાં વધતી ઉષ્ણતાના જોખમને નિયંત્રણ કરવા માટે થાણે મહાનગરપાલિકાએ મહારાષ્ટ્ર સરકારના નેતૃત્વમાં કાઉન્સિલ ઓફ ઍનર્જી અને વાતાવરણમાં થતા ફેરફારના ક્ષેત્રમાં કામ કરનારી ઍન્વ્હાર્યમેન્ટ ઍન્ડ વોટર સંસ્થા સાથે સંયુક્ત રીતે 'હીટ એક્શન પ્લાન' તૈયાર કર્યો છે. ઉષ્ણતાને નિયંત્રણમાં લાવવા માટે ખાસ થાણે શહેર માટે 'હીટ વેવ ટાસ્ક ફોર્સ'ની સ્થાપના પણ કરવામાં આવી છે.

આ ટાસ્ક ફોર્સની ત્રણ એપ્રિલ, બુધવારના થાણે પાલિકા કમિશનર સૌરભ રાવના નેતૃત્વમાં બેઠક થઈ હતી.

વધતી ગરમી બાબતે થાણેના વાગલે એસ્ટેટ વિસ્તારમાં આવેલી ઝૂંપડપટ્ટી અને રહેણાંક વિસ્તારમાં સામાજિક, આર્થિક, નૈસર્ગિક, ભૌગોલિક સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં ઍન્વ્હાર્યમેન્ટ ઍન્ડ વોટર સંસ્થાએ વાગલે એસ્ટેટમાં કરેલા સર્વેક્ષણ બાબત, નાગરિકોને હીટ વેવ બાબતે નિરીક્ષણ અને તેને અનુસંધાનમાં કરવાની ઉપાયયોજના બાબતે માહિતી આપવામાં આવી હતી. છેલ્લા અમુક વર્ષમાં હીટ વેવની તીવ્રતા વધી રહી હોઈ રાતના તાપમાનમાં પણ વધારો થઈ રહ્યો છે. તેની અસર દૈનિક કામકાજ કરતા સમાજના તમામ સ્તરને લોકોને જણાઈ રહી છે. વાગલે એસ્ટેટમાં અંદાજે ૪૦ ટકા લોકસંખ્યા એ ૧૫ વર્ષની નીચે અને ૬૦ વર્ષથી ઉપરના લોકો હોઈ તેમના પર હીટ વેવની અસર વધુ જણાય છે.

### અરુણ ગવળી

પૂરી થયા પછી કોર્ટે ચુકાદો મોકૂફ રાખ્યો હતો. શુક્રવારે નાગપુર ખંડપીઠે ચુકાદો આપતાં ગવળીને મુદત પૂર્વે જેલમાંથી મુક્ત કરવાના નિર્દેશ આપ્યા હતા અને જેલ પ્રશાસનને જવાબ નોંધાવવા ચાર સપ્તાહનો સમય આપ્યો હતો.

કમલાકર જામસંડેકરની હત્યાના કેસમાં સેશન્સ કોર્ટે ઑગસ્ટ, ૨૦૧૨ના રોજ ગવળી સહિત ૧૨ જણને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. વિશેષ મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ) કોર્ટે ચુકાદો આપતાં આજીવન કારાવાસ અને ૧૭ લાખ રૂપિયાના દંડની સજા સંભળાવી હતી. ગવળીના વકીલે કોર્ટમાં દલીલ કરી હતી કે રાજ્ય સરકારના ૨૦૦૬ના જાહેરનામા અનુસાર આજીવન કારાવાસની સજા ભોગવી રહેલા કેદીને ૧૪ વર્ષની સજા પૂરી થયા પછી અને ૬૫ વર્ષની ઉંમર બાદ પણ જેલમાંથી મુક્ત કરી શકાય છે. અરુણ ગવળીની હાલમાં ઉંમર ૭૦ વર્ષ છે અને છેલ્લાં ૧૬ વર્ષથી તે જેલમાં છે. સરકારના જાહેરનામામાં નોંધવામાં આવેલી બન્ને શરતો ગવળીના કેસમાં પૂર્ણ થાય છે. તેથી તેને જેલમાંથી મુક્ત કરવાની દલીલ વકીલે કરી હતી.

### ભીમા કોરેગાંવ

જેલમાં રાખવાની જરૂર નથી. જેથી સુપ્રીમ કોર્ટે કેટલીક શરતો સાથે સેનને જામીન આપવાનો આદેશ આપ્યો હતો.

અદાલતની શરત મુજબ ભીમા કોરેગાવના આરોપી શોમા સેનને અદાલતની પરવાનગી સિવાય મહારાષ્ટ્ર છોડીને જવા મળશે નથી. આ સાથે સેનનો પાસપોર્ટ પર એનઆઇએના અધિકારીઓ પાસે જમા કરાવવો પડશે અને સેને તેમના મોબાઇલની લોકેશન હંમેશા માટે ચાલુ રાખવાની સાથે તેની માહિતી એનઆઇએના અધિકારીઓને આપવાની રહેશે. ભીમાકોરેગાવની હિંસામાં ૧૬ આરોપીઓમાંથી શોમા સેન છઠ્ઠા આરોપી છે જેને કોર્ટે જામીન મંજૂર કર્યા છે. જામીન મળેલા છ આરોપીઓમાં સુધા ભારદ્વાજ, આનંદ તેલતુમ્બડે, વર્નોન ગોન્સાલ્વિસ, અરુણ ફરેરા, વરવરા રાવ અને ગૌતમ નવલખા સામેલ છે.

સુપ્રીમ કોર્ટમાં શોમા સેનના વકીલે દલીલ કરી હતી કે તેમણે કહ્યું હતું કે યુએપીએ કાયદા હેઠળ સેન વિરુદ્ધ કોઈ મજબૂત પુરાવા નથી અને એનઆઇએએ સેનના નક્સલવાદી ચળવળ સાથેના સંબંધ છે એ બાબતે પણ કોઈ પુરાવા રજૂ કર્યા નથી. એનઆઈએએના વકીલે સેનના વકીલની દલીલને અગાઉની સુનાવણીમાં ફગવવામાં આવી હતી પણ ત્યારબાદ સેનને વધુ સમય સુધી અટકાયતમાં રાખવાની જરૂર નથી, એ બાબતને એનઆઇએએ પણ સ્વીકારી હતી, જેથી આરોપી સોમા સેનને અદાલતે અમુક શરતો સાથે જામીન મંજૂર કર્યા હતા.

### ૧,૫૦૦ કરતાં

પણ સરકારની આ યોજનાનો ગેરલાભ અમુક સરકારી કર્મચારીઓ પણ લેતા હોવાની ચોંકાવનારી વાતનો ખુલાસો થયો હતો. ગરીબી રેખાની નીચે આવતા કુટુંબને આ યોજનાનો લાભ મળે છે. આ લાભ લેવા માટે સરકારી રાશનની દુકાન પર આધારકાર્ડને લિન્ક કરાવી તમારી આવકનું પ્રમાણ પત્ર જમા કરાવવું ફરજિયાત છે, પણ સરકારી કર્મચારીઓએ પોતાની આવકનું પ્રમાણ પત્ર છુપાવીને સરકારની મફત રાશન યોજનાનો લાભ લઈ રહ્યા હોવાનો ગેરપ્રકાર ધ્યાનમાં આવતા રાયગઢમાં થોડા સમય માટે મફત રાશનની સેવાને બંધ કરવામાં આવી છે અને આ યોજનાનો ગેરલાભ લેતા સરકારી કર્મચારીઓની તપાસ કરવા માટે એક સમિતિની સ્થાપના પણ કરવામાં આવી છે, એવી માહિતી એક અધિકારીએ આપી હતી.

મફત રાશનનો લાભ મેળવવા માટે લોકોને તેમનું આધારકાર્ડ અને મોબાઇલ નંબર લિન્ક કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ લિન્ક કરવામાં આવેલા આધારકાર્ડ અને મોબાઇલ નંબર સરકારી કર્મચારીઓના હોવાની વાતનો ખુલાસો થયો હતો. જેથી આ કર્મચારીઓ કેટલા વર્ષોથી મફત રાશન લઈ રહ્યા છે એ બાબતની તપાસ સમિતિ દ્વારા કરવામાં આવી રહી છે. મફત રાશન લેનાર કર્મચારીઓ ક્યાથી સેવામાં છે તે બાબતની તપાસ કરી તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે, એવી માહિતી એક વરિષ્ઠ અધિકારીએ આપી હતી.

### પાલિકાના ૯,૦૦૦

હતી. પાલિકા કર્મચારીઓને પગાર થયા પછી દરેકને સેલરી સ્લીપ આપવામાં આવે છે. જોકે માર્ચ મહિનાના પગારની સેલરી સ્લીપ જોઈને બીએમસી કર્મચારીઓના પગ નીચેથી જાણે જમીન જ ખસી ગઈ હતી, કારણકે ૯,૦૦૦ કરતાં વધુ કર્મચારીને માત્ર એક રૂપિયા પગાર જમા થયો હોવાની ચોંકાવનારી વાતનો ખુલાસો થયો હતો.

આ બાબતની વધુ તપાસ કરવામાં આવતા આ કર્મચારીઓએ તેમના આધાર અને પેન કાર્ડ લિન્ક ન કરાવ્યા હોવાનું કારણ સામે આવ્યું હતું. આ બાબતે જાણ ન કરતાં કર્મચારીઓ બીએમસી ઉપર નારાજ હોવાની સાથે આધાર કાર્ડને પેન કાર્ડ સાથે લિન્ક કરાવવા માટે હવે દોડાદોડી કરી રહ્યા છે. આ બાબતે એક બીએમસી કર્મચારીએ કહ્યું હતું કે તે ૨૦૦૭થી બીએમસીના સફાઈ વિભાગમાં કામ કરે છે. તેમનો મહિનાનો પગાર રૂ. ૪૯,૦૦૦ની આસપાસ છે. બીએમસી તરફથી અમને આધાર અને પેન કાર્ડને લિન્ક કરાવવા માટે કોઈ પણ સૂચના આપવામાં આવી નહોતી. જોકે અમારા બૅન્ક એકાઉન્ટમાં માર્ચ મહિનાનો પગાર માત્ર એક રૂપિયા જમા થતાં આ બાબતનો ખુલાસો થયો હતો.

આખો મહિનો કામકાજ કરીને માત્ર એક રૂપિયા પગાર મળતા બીએમસીના સફાઈ કર્મચારીઓને અનેક ચિંતા સતાવી રહી છે, જેથી આ સમસ્યાને જલદીથી ઉકેલી તેમને પૂર્ણ પગાર આપવામાં આવે, એવી માગણી કરવામાં આવી રહી છે. આ સમસ્યા એકાઉન્ટ વિભાગની છે. આ અંગે તેની સાથે વાતચીત કરીને સમસ્યાને ઉકેલવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે અને દેશના દરેક નાગરિકને આધાર અને પેનકાર્ડ લિન્ક કરાવવાની મુદતને ૩૧ માર્ચ બાદ પણ ૩૧ જૂન ૨૦૨૩ સુધી લંબાવવામાં આવી હતી, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. આ અંગે દરેક ટીવી અને અખબારોમાં જાહેરાત આપવામાં આવી હતી. તેમ છતાં અનેક લોકો આ મહત્ત્વના કામને કરવામાં બેદરકારી બતાવી હતી. જેથી જે પણ વ્યક્તિએ આધાર કાર્ડ અને પેન કાર્ડ લિન્ક નહીં કરાવ્યું હતું તે વ્યક્તિના પગારમાંથી ૨૦ ટકા ઇન્કમ ટૅક્સ કાપવામાં આવે છે. આ કારણને લીધે પાલિકાના ૯,૦૦૦ જેટલા કર્મચારીના પગારમાંથી ૨૦ ટકા વાર્ષિક ટીડીએસ કપાતને કારણે, તેમને પૈસા ન મળ્યા હોવાની માહિતી એક અધિકારીએ આપી હતી.

### ચૂંટણી તાલીમ

આવશે, તેમ જિલ્લા ચૂંટણી અધિકારી રાજેન્દ્ર ક્ષીરસાગરે જણાવ્યું હતું.

## મુંબઈમાં પચાસ હજાર કર્મચારીઓ તહેનાત

પ્રશાસન દ્વારા મળેલી માહિતી મુજબ મુંબઈ ઉપનગર જિલ્લામાં લોકસભાની ચૂંટણી માટે ૫૦,૦૦૦ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને નિયુક્ત કરવામાં આવ્યા છે. અત્યાર સુધી ચૂંટણી ફરજની તાલીમ માટે પાંચ પ્રશિક્ષણ કાર્યક્રમ યોજવામાં આવ્યા હોવાનું પણ રાજેન્દ્ર ક્ષીરસાગરે જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ છાપર (હાલ સાંતાક્રુઝ) છગનભાઇ ડાહ્યાભાઇ પટેલ (ઉં. વ. ૮૨) શુક્રવાર તા. ૫-૪-૨૪ના અવસાન પામ્યા છે. તે સ્વ. લીલાબેનના પતિ. તે ભૂપેન્દ્રભાઇ, મીનાબેન અને રમેશભાઇના પિતાશ્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. કમળાબેન મજેઠીયા (ઉં. વ. ૭૭) મૂળ કચ્છ ગામ માતાજીના નેત્રા હાલ ઘાટકોપર, સ્વ. કિર્તીકુમાર ડુંગરશી મજેઠીયાના ધર્મપત્ની, સ્વ. હરીરામ વાઘજી સોતા ગામ મુરુની પુત્રી. કામીની, જીજ્ઞેશ, સ્વ. પિયુષના માતુશ્રી. મહેશકુમાર પ્રવીણભાઇ ભીંડેના સાસુ. સ્વ. અશ્વીનભાઇ, મહેશભાઇ, સ્વ. પુષ્પાબેન હરેશ ગણાત્રા, સ્વ. વિજયા વિનય કોઠારીના બહેન. તે દક્ષાબેન અને જયોતીબેનના જેઠાણી. તા. ૪-૪-૨૪ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૪-૨૪ના ૫.૩૦થી ૭. ઠે. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સિહોરવાળા સ્વ. વિમળાબેન તથા સ્વ. જીવરાજ પરશોતમદાસ સંઘવીના જયેષ્ઠ પુત્ર મહેન્દ્રભાઇ (ઉં. વ. ૮૦) (હાલ વડોદરા) બુધવાર તા. ૩-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે મધુકાંતાબેનના પતિ. અ. સૌ. બેલા સંજયકુમાર મહેતાના પિતા. સ્વ. વાસંતી હસમુખરાય મહેતા, કિશોર-ભાવના, હીના જીતેન્દ્ર કરવત, ભરત-સ્વ. આશા, સ્વ. મનોજભાઇ નંદલાલ સંઘવીના ભાઇ. સિહોરવાળા સ્વ. હરીલાલ પ્રભુદાસ મહેતાના જમાઇ તથા સિહોરવાળા સ્વ. ત્રિભોવનદાસ, સ્વ. જયંતીલાલ નારણદાસ મહેતાના ભાણેજ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

મૂળ વતન જખૌ હાલ મુંબઇ મુલુંડ નિવાસી સ્વ. રાજેશ જોષી (લચ્છા) (ઉં. વ. ૪૯) તે સ્વ. શકુંતલાબેન અને સ્વ. રવિશંકર મુલજી જોશી (લચ્છા)ના સુપુત્ર તે ફાલ્ગુનીબેનના પતિ. તે અ. સૌ. હંસાબેન મોહનલાલ પોપટલાલ જોષી (રતનેશ્વર)ના જમાઇ. તે ભાવેશ અને જયેશના નાનાભાઇ. તે પૂનમબેન અને પ્રીતીબેનના દિયર. તે પ્રથા અને ક્રિશાના પિતા. ગુરુવાર તા. ૪-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ ભાણગોર હાલ વસઈ નિવાસી ગ. સ્વ. લીલાવતીબેન ખીમજી માણેક (ઉં. વ. ૮૪) તે વિજયભાઈ, જીતુભાઈ, ભારતીબેન નરેશ મશરૂ, શોભાબેન જીતેન્દ્ર સીરોદરીયા, મીનાબેન અશ્વિન ગંભીરના માતુશ્રી. તે માળિયા હાટીનાવાળા વિઠ્ઠલદાસ ભીમજી પૉબારીના દીકરી. તે મમતા અને પૂજાના સાસુ. રોનક, પ્રીશીતાના દાદી. તા. ૪-૪-૨૪ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થના સભા તા.૬-૪-૨૪ શનિવારના ૪.૩૦ થી ૬, કે. ટી વાડી હોલ, ૧લે માળે, ૬૦ ફૂટ રોડ, હોલી પેરેડાઇઝ સ્કૂલની બાજુમાં વસઈ (વેસ્ટ). લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

પોરબંદર નિવાસી હાલ કાંદિવલી ગં.સ્વ. જયાબેન દાવડા (ઉં. વ. ૮૮) તે ૪/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ગોપાલદાસ નાનજી દાવડાના ધર્મપત્ની. રાજુભાઈ, સ્વ. અજયભાઇ, નયનાબેન નવીનચંદ્ર, કાશ્મીરાબેન ચેતનકુમાર, સ્વ.ભારતીબેનના માતુશ્રી. હીનાબેન, દક્ષાબેનના સાસુ. રેશ્મા અમિત, મેઘના અભિષેક, મમતા શાહિલ, સલોનીના દાદી, સ્વ. લાલજીભાઈ નેણશી કારિયાના દીકરી. સ્વ.કિશોરલાલ લાલજીના બહેન, બંને પક્ષની પ્રાર્થનાસભા ૭/૪/૨૪ના ૫.૦૦ થી ૬.૩૦. શ્રી અરુણકુમાર જે. વિ. ગોકળ સભાગૃહ, શ્રી હાલાઇ લોહાણા બાળાશ્રમ, મંગુભાઇ દત્તાણી રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ.

**બ્રહ્મભટ્ટ**

મૂળ સરાડિયા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. જમનાદાસ વીરજી ભટ્ટ (લખલાણી)ના ધર્મપત્ની ગં. સ્વ પ્રભાબેન (ઉં. વ. ૮૫) તે ૪/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.જયેશ તથા દક્ષાના માતુશ્રી. ગં.સ્વ મીનલ તથા વિપુલકુમાર મગનલાલ સદાવૃત્તિના સાસુ, પાર્થ તથા સીખાના દાદી. સ્મિત, ડિમ્પલ રવિ વ્યાસના નાની. પિયરપક્ષે ખોનપુરવાળા સ્વ. જીવીબેન જેસંગભાઈ સદાવૃત્તિના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુકઠીયા સઇ સુથાર.**

મૂળ ગામ આરબલુસ હાલ સાંતાક્રુઝ સ્વ. વિજ્યાબેન મગનલાલ ટંકારીયાના પુત્ર ચંદ્રકાંત (ખન્ના) ટંકારીયા (ઉં. વ. ૫૫) તે ૩/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે પ્રવીણભાઈ, રાજેશભાઈ, પ્રકાશભાઈ, સ્વ.જયસુખભાઇ અશ્વિનભાઇ, દક્ષાબેન કપિલભાઈ રાઠોડના ભાઈ. પ્રાર્થનાસભા ૬/૪/૨૪ના રોજ ૫ થી ૭. રોટરી કલબ, જુહુતારા રોડ, શીવાસ સલોનની બાજુમાં, મિલેનયર શોરૂમની સામે, સાંતાક્રુઝ વેસ્ટ.

**૨૫ ગામ ભાટિયા**

ગં. સ્વ. ઉષાબેન (ઉં. વ. ૯૦) તે સ્વ.દ્વારકાદાસ હીરાલાલ સરૈયાના ધર્મપત્ની. હરેશ, વિજય, નિલેશ, કિરણ પ્રફુલકુમાર ટોપરાણી, રિટા ભરત આશર, અમિષા અનિલ સંપટના માતુશ્રી. ખોખરીવાળા સ્વ. લીલાબેન લક્ષ્મીદાસ આશરના પુત્રી. સ્વ.મનુભાઈ, સ્વ.દુષ્યંતભાઈ, સ્વ.જયાબેન, સ્વ. પ્રેમિલાબેનના બહેન. મીના, ગીતા, રશ્મિના સાસુ. તે ૪/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૬/૪/૨૪ના ૫ થી ૭. મહાવર હોલ, જનતા નગર, સ્ટેશન રોડ, ભાયંદર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

અહમદનગર વાળા (હાલ નવી મુંબઈ) શ્રી ચંદ્રકાંત હરજીવનદાસ ભાઈચંદ મહેતાના ધર્મપત્ની અ.સૌ. શકુંતલા (ઉં. વ. ૮૧ ) તે સ્વ.ભાનુબેન જયંતીલાલ મહેતાની પુત્રી, કેતન, ફાલ્ગુનીના માતુશ્રી. હેમાલી,દેવાંગના સાસુ. શરદ, મુકેશ, હંસા, સ્વ.દમયંતી, ઉષા, ભારતી, જયશ્રીના બહેન. તા.૪/૪/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવીવાર તા.૭/૪/૨૪ના ૧૦ થી ૧૨ - સ્વામિનારાયણ કલા કેન્દ્ર, સેકટર ૧૦/૧૨ એ, મીની સી શોર રોડ, વાશી, નવી મુંબઈ.

**ક્ષત્રિય સગર સમાજ**

મહુવા નિવાસી હાલ બોરીવલી સ્વ.કાશીબેન તથા સ્વ.રવજીભાઈ હમીરભાઇ પરમારના સુપુત્ર ભરતભાઈ પરમાર (ઉં. વ. ૬૧) તે ૫/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે ચેતનાબેનના પતિ, પ્રતીક, વેદાંતના પિતા. મધુભાઈ, વિનોદભાઈ, મનસુખભાઇ, અશોકભાઈ, મંજુલાબેન ચુડાસમાંના ભાઈ, સાસરાપક્ષે ગં. સ્વ.શોભનાબેન નેન્સીભાઈ પરમારના જમાઈ. પ્રાર્થનાસભા ૬/૪/૨૪ના ૪ થી ૭. શિરોડકર ગુરુજી દત્તમંદિર, એક્સર મેટ્રો સ્ટેશન નીચે, યોગી ટાવરની સામે, બોરીવલી વેસ્ટ.

**કપોળ**

રસનાળવાળા હાલ અમદાવાદ સ્વ. મંગળાબેન નાગરદાસ મહેતાના પુત્ર બળવંતભાઇ (ઉં. વ. ૮૪) તા. ૪-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રવિણાબેનના પતિ. કેતન, બીના, રાધિકા, રાજીવ મહેતાના પિતાશ્રી. સ્વ. ડૉ. વિનોદ, અશોક, પ્રફૂલ, હંસા ભરતકુમાર મુનીના વડીલ ભાઇ. જતન, ધવલના દાદા-નાના. સ્વ. રતિલાલ હરીલાલ ભુવાના જમાઇ. લૌકિક ક્રિયા બંધ છે.

## પારસી મરણ

કમલ નોશીર ભંડારી તે નોશીર નવરોજી ભંડારીના ધણિયાની. તે મરહુમો કેટી તથા મીનુ કુપરના દીકરી. તે બરજીશ નોશીર ભંડારી ને શેરનાઝ ફેડી વાચ્છાના મમ્મી. તે નાઝનીન બી ભંડારી ને ફેડી એમ. વાચ્છાના સાસુજી. તે ફરહાન ફેડી વાચ્છાના ગ્રેન્ડ મધર. (ઉં. વ. ૭૫) રે. ઠે. ૨/એ, સુનાવાલા બિલ્ડિંગ, ૪થે માળે, રૂમ.નં.૮, તારદેવ નાઇક ચોક, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૭-૪-૨૪ના બપોરે ૩.૪૦ કલાકે તારદેવ મધે બાટલીવાલા અગિયારીમાં કરવામાં આવશે.

દારા કાવસજી પુનાવાલા તે મરહુમ રોશન દારા પુનાવાલાના ખાવીંદ. તે મરહુમો નાજામાય તથા કાવસજીના દીકરા. તે કેશમીરા હોમી મરોલ્યા ને કેટાયુન કૈઝાદ સુખીયાના પપ્પા. તે હોમી ગુસ્તાસ્પ મરોલ્યા ને કૈઝાદ બેહરામ સુખીયાના સસરાજી. તે ખોરશેદ ઇરાની, જીમી પુનાવાલા અને મરહુમ બાનુના ભાઇ. (ઉં. વ. ૯૫) રે. ઠે. ૩/એ, ૬૦૧ સાલસેટ પારસી સોસાયટી, જીજામાતા રોડ, પમ્પ હાઉસની સામે, મુંબઇ-ચકાલા, મુંબઇ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૪-૨૪ના બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ઓલબ્લેસ બંગલીમાં.

## જૈન મરણ

રાધનપુર તીર્થ નિવાસી હાલ મુંબઈ સ્વ.લક્ષ્મીબેન માણેકલાલ ભુરાલાલ દોશીના જ્યેષ્ઠ સુપુત્રી, રમીલાબેન (ઉં. વ. ૮૩) તે કુમારપાળભાઈ - એવંતીભાઈ - પ્રકાશભાઈ - સુલસાબેન, કલાબેન, અંજુબેન પ.પૂ.સા.અપૂર્વનિધીશ્રીજી મ.સા, પ.પૂ. સા.મધુરગીરાશ્રીજી મ.સા નાં બેન, શકુંતલાબેન - કુમુદબેન - ભાવનાબેનનાં નણંદ, ગુરૂવાર ૪ એપ્રીલના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

ઘાંટવડ નિવાસી હાલ સુરત સ્વ. હિંમતલાલ સુંદરજી ગાંધીના ધર્મપત્ની લતાબેન ગાંધી, તે હર્ષિલ, હેતલ ભાવેશભાઈ દોશીના માતુશ્રી. યોગીનીના સાસુ. ભાનુબેન જયંતીલાલ ગાંધીના દેરાણી, સ્વ. રંભાબેન ચંદુલાલ વોરાના સુપુત્રી તા. ૪-૪-૨૪ને ગુરુવારના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના હરખચંદ હીરજી દેવજી લાલન (ઉં. વ. ૬૬) તા. ૧-૪-૨૪ના દેશમાં અવસાન પામેલ છે. સ્વ. કંકુબેન હીરજી દેવજી લાલનના પુત્ર. સોનબાઇ દેવજી લાલનના પૌત્ર. રાયણ મોટીના દેવકાબેન લખમશી સાવલાના દોહીત્ર. સ્વ. વિસનજી, સ્વ. નાનાલાલ મણીબેન પ્રફુલ, સ્વ. પ્રેમીલાના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હરખચંદ હીરજી લાલન, ચુક ફરીયો, ગામ : કોડાય, તાલુકો માંડવી.

બાડાના હાલે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસ મુકામે વેજબાઇ અરજણ વીરા (ઉં. વ. ૯૪) તા. ૩-૪-૨૪ના દેહ પરિવર્તન કરેલ છે. માતુશ્રી કુંવરબાઇ જેઠા વીરાના પુત્રવધુ. સ્વ. અરજણના પત્ની. સ્વ. મુલચંદ, સુશીલા, રંજનાના માતુશ્રી. સાભરાઇના જેઠીબાઇ માલશી ટોકરશી ગોસર (મંજલીયા)ના પુત્રી. સ્વ. કેશવજી, સ્વ. વસનજી, સ્વ. નાનજી, સ્વ. જેઠાલાલ, સ્વ. વલ્લભજી, બાડાના બાઇયાબાઇ હેમરાજ મોનાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રંજન રજનીકાંત સાવલા, ૮૭/૧૨, અગાસ આશ્રમ, આણંદ.

કપાયા હાલે માટુંગાના માતુશ્રી રતનબેન કેશવજી જેવત ગોગરી (ઉં. વ. ૮૭) ૨-૪-૨૪ ના દેશમાં અવસાન પામેલ છે. નાનબાઈ/ દેમુબેન જેવત વિરપારના પુત્રવધુ. કેશવજીના ધર્મપત્ની. ચંદ્રા, કીરીટના માતુશ્રી. કુંદરોડી નેણબાઈ ખીમજી છેડાના સુપુત્રી. ધનજી, વસનજી, કપાયા કેસરબેન કેશવજી, લાખાપુર મણીબેન હંસરાજના બેન. પ્રા. શ્રી. વર્ધ. સ્થા. જૈન શ્રા. સંઘ દાદર સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે), ટા. ૪ થી ૫.૩૦, નિ. કીરીટ કેશવજી, ૧૩/એ, મણી નીવાસ, ટી.એચ. કટારીયા માર્ગ, માટુંગા (વે).

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

ફોફલિયા વાડો વખતજીની શેરી શર્મિષ્ટાબેન શાહ (ઉં.વ.૭૮), તા. ૫/૪/૨૪ શુક્રવાર અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ.મહેન્દ્રભાઈ અમૃતલાલ શાહના પત્ની. સ્વ.તારાબેન મુલચંદ શાહના દીકરી. સ્વ.પ્રભાબેન અમૃતલાલ શાહના પુત્રવધૂ. અપૂર્વ -નિમીતા,રૂપલ-આશિષભાઈ, ધીરેન -સેજલના મમ્મી- સાસુ. હેત્વી, ક્રીશી, વિવાન, આરવના નાની-દાદી, પ્રાર્થનાસભા ૬/૪/૨૪ શનિવારે ૩-૩૦ થી ૫-૩૦ રાજપુરિયા હોલ, ગુજરાતી મંડળરોડ, વિલે પાર્લે ઈસ્ટ.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ હલરાના તેજીબેન ખેરાજ ગાલા (ઉં. વ. ૮૦) ગુરુવાર, તા. ૪-૪-૨૪ના અવસાન પામેલ છે. જેઠીબેન રામજી રવજીના પુત્રવધૂ. ખેરાજભાઇના ધર્મપત્ની. ભાણજી, પુષ્પા, જીતેન્દ્ર, સ્વ. પ્રફુલા, ચંદન, રાજેશના માતુશ્રી. પુષ્પા, ચેતના, રીટા, કાંતિલાલ નિસર, સુરેશ છાડવા, મહેન્દ્ર સત્રના સાસુ. નિકુંજ, જીનીત, દક્ષ, દેવના દાદીમાં. ગામ હલરાના પરમાબેન પરબત કારીયાના દીકરી. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૬-૪-૨૪ના પ્રા. ટા. ૪થી ૫.૩૦. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ).

**વિશા ઓશવાળ જૈન**

ઉષાબેન ઝવેરી (ઉં. વ. ૭૮) તે શ્રેણીકભાઈ કુમારપાળ ઝવેરીના પત્ની. સિદ્ધાર્થ, સલોનીના માતુશ્રી, કીંજલના સાસુ. શ્લોક તથા શૌર્યના દાદી. સ્વ. નટવરલાલ અને સ્વ. સુશીલાબેન દલાલન સુપુત્રી. સ્વ. સુનીતાબેન, સ્વ. સીમકીબેન, સ્વાતીબેન તથા સોનલબેનના ભાભી તા. ૪થી એપ્રિલ ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા શનિવાર તા. ૬ એપ્રિલ, ૫ થી ૭ રાખેલ છે. વાય.બી.ચવાણ સેંટર, મંત્રાલયની સામે, જગન્નાથ ભોંસલે માર્ગ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર ગં.સ્વ. સુરજબેન રતિલાલ શેઠના સુપુત્ર પીયૂષ શેઠ, (ઉં. વ. ૬૨) તા. ૫-૪-૨૦૨૪ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે ચેતનાબેનના પતિ. તે રાજ, નીલના પિતાશ્રી. તે ફોરમ, સોનાલીના સસરા. તે સ્વ.કુંદનબેન દિનેશભાઈ બાવીસીના જમાઈ. તે પ્રદીપ, દિલીપ, રાજેશ તથા સુધાબેન અરૂણભાઈ મોદીના ભાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૭-૪-૨૦૨૪ રવિવારના લાઈન્સ કોમ્યુનીટી હૉલ, ગરોડીયાનગર, ઘાટકોપર-ઈસ્ટ, ૪.૦૦ થી ૬.૦૦.

**માંગરોળ દશા શ્રીમાળી જૈન**

ઘાટકોપર નિવાસી સ્વ.દિવાળીબેન કેશવલાલ રણછોડના પુત્ર ધીરેન્દ્રભાઈ (ઉં. વ. ૮૪) તા. ૪-૪-૨૦૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ.નયનાબેનના પતિ. સ્વ.પ્રાણલાલ પ્રભુદાસ ગોસલિયાના (પોરબંદર)ના જમાઈ, ચિ. કુનાલના પિતા, ચિ. હેતલના સસરા, ચિ. દેવરાજ, વૈભવી, જશના દાદા. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |




# હૈદરાબાદના હાઈ-સ્કોરિંગ મેદાન પર સનરાઈઝર્સે ચેન્નઈને ૧૬૫/૫ સુધી સીમિત રાખ્યું

હૈદરાબાદઃ ચેન્નઈ સુપર કિંગ્સે અહીં સનરાઇઝર્સ હૈદરાબાદે બૅટિંગ મળ્યા પછી પાંચ વિકેટે ૧૬૫ રન બનાવ્યા હતા. આ જ હાઈ-સ્કોરિંગ મેદાન પર થોડા દિવસ પહેલાં મુંબઈ સામે ૨૭૭/૩નો સર્વોચ્ચ ટીમ-સ્કોરનો રેકૉર્ડ કરનાર હૈદરાબાદની ટીમના બોલર્સે ચેન્નઈના બૅટર્સને કાબૂમાં રાખ્યા હતા. ચેન્નઈના ૧૬૫ રનમાં શિવમ દુબે (૪૫ રન, ૨૪ બૉલ, ચાર સિક્સર, બે ફોર), અજિંક્ય રહાણે (૩૫ રન, ૩૦ બૉલ, એક સિક્સર, બે ફોર), રવીન્દ્ર જાડેજા (૩૧ અણનમ, ૨૩ બૉલ, ચાર ફોર) અને ઋતુરાજ ગાયકવાડ (૨૬ રન, ૨૧ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર)ના મુખ્ય યોગદાનો હતા. જાડેજાની સાથે અણનમ રહેલા ભૂતપૂર્વ કૅપ્ટન ધોનીને માત્ર બે બૉલ રમવા મળ્યા હતા.

૨૭મી માર્ચે હૈદરાબાદના આ ગ્રાઉન્ડ પર સનરાઇઝર્સના ૨૭૭/૩ના જવાબમાં મુંબઈએ ૨૪૬/૫ના સ્કોર બદલ ૩૧ રનથી હાર જોવી પડી હતી. જોકે એ દિવસે કુલ ૫૦૦-પ્લસ રન બનતા જોવા મળ્યા હતા.

હૈદરાબાદના ભુવનેશ્વર કુમારને આ સીઝનમાં ભુવીએ રાચિન રવીન્દ્ર (૧૨)ને માર્કરમના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. ભુવીને પહેલી ત્રણેય મૅચમાં વિકેટ નહોતી મળી. કોલકાતા સામે તેને ૫૧ રનમાં, મુંબઈ સામે ૫૩ રનમાં અને ગુજરાત સામે ૨૭ રનમાં એક પણ વિકેટ નહોતી મળી.

ભુવી સહિત હૈદરાબાદના પાંચ બોલરને એક-એક વિકેટ મળી હતી. એમાં કૅપ્ટન અને હૈદરાબાદે ૨૦.૫૦ કરોડ રૂપિયામાં ખરીદેલા કમિન્સનો સમાવેશ હતો. જયદેવ ઉનડકટ, શાહબાઝ અહમદ અને ટી. નટરાજનને પણ એક વિકેટ મળી હતી.

હૈદરાબાદના કૅપ્ટન પૅટ કમિન્સે ટૉસ જીત્યા બાદ ફીલ્ડિંગ પસંદ કરી હતી. તેની ટીમમાં એક ફેરફાર કરાયો હતો. મયંક અગરવાલ નાદુરસ્ત તબિયતને કારણે રમી શકે એમ ન હોવાથી તેના સ્થાને નીતિશ રેડ્ડીને ઇલેવનમાં સ્થાન આપવામાં આવ્યું હતું. નટરાજન પણ ઈજામુક્ત થઈને પાછો આવ્યો હતો. બીજી તરફ, ચેન્નઈની ટીમે પણ ફેરફાર કર્યા હતા. મુસ્તફિઝુર રહમાન અને પથિરાના ટીમમાં નહોતા. કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડે કહ્યું હતું કે 'મોઇન અલી, મહીશ થીકશાના અને મુકેશ ચૌધરીને ટીમમાં સમાવવામાં આવ્યા છે.' ■

# જય સોમનાથ...હાર્દિક પંડ્યા પ્રથમ જયજયકારની પ્રાર્થના માટે પહોંચી ગયો પ્રભાસ પાટણ

મુંબઈઃ ક્યારેક એવી ગંભીર, કટોકટીની કે મુસીબતમાંથી બહાર આવવા કોઈ આશાનું કિરણ નજરે ન પડતું હોય એ સ્થિતિમાં માણસ ઈશ્વરને શરણે જઈને શુભ અને સારા દિવસોની માગણી કરતો હોય છે, પછી ભલે એ માણસ ગરીબ હોય કે ધનકુબેરનો ભંડાર ધરાવતો હોય. ગરીબને પૈસાની ઝંખના હોય છે અને સમૃદ્ધ માણસ પુષ્કળ પૈસા હોવા છતાં ગંભીર સમસ્યા કે ગૂંચવણમાંથી બહાર આવવા અથવા ગુમાયેલી પ્રતિષ્ઠા પાછી મેળવવા આકાશ-પાતાળ એક કરતો હોય છે.

આપણે બધા જાણીએ છીએ કે ભૂતકાળમાં મુંબઈ ઇન્ડિયન્સના ફ્રૅન્ચાઇઝીને મુસીબતના સમયકાળ દરમ્યાન ઈશ્વરની કૃપા ખૂબ ફળી છે. પાંચ-પાંચ ટાઇટલ જીતી ચૂકેલી આ ટીમ આ વખતે પહેલી ત્રણેય મૅચ હારી ચૂકી છે અને એના નવા સુકાની



હાર્દિક પંડ્યાને માથે તો અસંખ્ય ક્રિકેટપ્રેમીઓના પ્રચંડ વિરોધનું સંકટ આવી પડ્યું છે.

અમદાવાદ હોય કે હૈદરાબાદ કે પછી હોમ-ટાઉન મુંબઈ, એમઆઇએ પરાજય જ જોયો છે અને કૅપ્ટન હાર્દિકનો ત્રણેય જગ્યાએ હુરિયો બોલાવવામાં આવ્યો છે.

હાલના સંકટના આ સમયે મુંબઈની ટીમ ૧૦ ટીમના પૉઇન્ટ્સ-ટેબલમાં સાવ તળિયે છે. એની આગામી મૅચ રવિવારે વાનખેડેમાં દિલ્હી કૅપિટલ્સ સામે છે.

મુંબઈની ટીમનો કૅપ્ટન હાર્દિક શુક્રવારે પ્રભાસ પાટણમાં સોમનાથના મંદિરે પ્રાર્થના કરી રહેલો એક વીડિયોમાં જોવા મળ્યો હતો. સોમવારે રાજસ્થાન સામે રમાયેલી મૅચ પછી દિલ્હી સામેની મૅચ દરમ્યાન લાંબો બ્રેક હોવાથી હાર્દિક સોમનાથદાદાની કૃપા મેળવવા પહોંચી ગયો હતો.

હાર્દિકે ૨૦૧૫માં મુંબઈની ટીમ વતી રમીને જ આઇપીએલમાં ડેબ્યૂ કર્યું હતું. ૨૦૨૧ની સાલ સુધી તે મુંબઈની ટીમમાં હતો. ૨૦૨૨માં ગુજરાત ટાઇટન્સની ટીમમાં કૅપ્ટન તરીકે જોડાયો હતો અને એને ડેબ્યૂના વર્ષમાં જ ટાઇટલ અપાવ્યું હતું અને ૨૦૨૩માં રનર-અપનું ટાઇટલ અપાવ્યું હતું. ■

# મોહમ્મદ અલીના એક શૉર્ટની ૨૭ કરોડ રૂપિયામાં લાગી બોલી

ન્યૂ યૉર્કઃ વિશ્વભરના મુક્કાબાજોમાં સર્વશ્રેષ્ઠ ગણાતા મોહમ્મદ અલીના એક પંચથી ઘણા હરીફ બૉક્સર નૉકઆઉટ થઈ ગયા હતા. અલીના બાઉટ જોવા પ્રેક્ષકો ઊમટી પડતા અને શેડ્યૂલ જાણીને ટીવી પર કરોડો દર્શકો મોજ માણતા. ૨૦૧૬માં ૭૪ વર્ષની ઉંમરે અલીનું અવસાન થયું ત્યાર પછી પણ તેની લોકપ્રિયતા લેશમાત્ર ઓછી નથી થઈ.

આ મહાન મુક્કાબાજે રિંગમાં જે શૉર્ટ્સ પહેરીને મુકાબલામાં ભાગ લીધો હતો એમાંની એક શૉર્ટની હરાજી થઈ રહી છે. પાંચમી એપ્રિલે આ શોર્ટનું ઑક્શન શરૂ થયું હતું અને એની બોલી ૩૨ લાખ ડૉલર (અંદાજે ૨૭ કરોડ રૂપિયા) સુધી પહોંચી ગઈ હતી. મોહમ્મદ અલીના શૉર્ટની બોલી માર્ચના અંતમાં શરૂ થઈ હતી. આ હરાજી ન્યૂ યૉર્કમાં સૉથબી નામના ઑક્શન હાઉસ દ્વારા ઑનલાઇન કરવામાં આવી રહ્યું છે. આ લિલામી ૧૨ એપ્રિલે બંધ કરાશે એટલે ત્યાં સુધીમાં કોઈ પણ સંભવિત ખરીદનાર વ્યક્તિ બોલી લગાવી શકશે.

આ એ શૉર્ટ છે જે મોહમ્મદ અલીએ ૧૯૭૫ની પહેલી ઑક્ટોબરે થ્રિલા ઇન મનીલા નામની મુક્કાબાજીની ઇવેન્ટ દરમ્યાન પહેરી હતી. હેવીવેઇટ ચૅમ્પિયનશિપ માટેની એ મુક્કાબાજી ફિલિપીન્સમાં જો ફ્રેઝિયર સામે થઈ હતી. મોહમ્મદ અલી એ રસાકસીભરી અને રોમાંચક મુક્કાબાજી ૧૪ રાઉન્ડ બાદ ટેક્નિકલ નૉકઆઉટમાં જીત્યા હતા. ■

# ગુરુવારના મૅચ-વિનર શશાંકને પંજાબે ભૂલથી ખરીદ્યો હતો!

અમદાવાદઃ ગુરુવારે સાંજે નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં ઇન્ડિયન પ્રીમિયર લીગ-૨૦૨૪ની ૧૭મી મૅચમાં પંજાબ કિંગ્સે ગુજરાત ટાઇટન્સને ૩ વિકેટે હરાવ્યું એમાં પંજાબનો શશાંક સિંહ મૅચ-વિનર બન્યો હતો. આ રોમાંચક મુકાબલામાં શશાંક સિંહએ શાનદાર ઇનિંગ્સ રમીને પંજાબને જીત અપાવી હતી. રસપ્રદ વાત એ છે કે અગાઉ શશાંક સિંહને પંજાબ કિંગ્સની ભૂલ કહેવામાં આવી રહ્યો હતો. દુબઈમાં ડિસેમ્બરની હરાજી દરમિયાન પંજાબ કિંગ્સના ફ્રૅન્ચાઇઝીએ તેને ભૂલથી ખરીદી લીધો હતો, હવે શશાંક જ ટીમ માટે હીરો સાબિત થયો છે. શશાંકને શાનદાર પ્રદર્શન માટે 'પ્લેયર ઓફ ધ મેચ'નો અવૉર્ડ આપવામાં આવ્યો હતો.

પાંચ મહિના પહેલાં, દુબઈમાં મિનિ-ઓક્શન યોજાયું હતું. એમાં શશાંક સિંહને ખરીદવા અંગે કન્ફ્યુઝન થયું હતું. બે ખેલાડીઓના નામ શશાંક હોવાથી પંજાબ કિંગ્સે ભૂલથી શશાંક સિંહને ખરીદી લીધો હતો. પંજાબ કિંગ્સ અંડર-૧૯ ટીમમાં રમતા શશાંકને ખરીદવા ઇચ્છતી હતી, પરંતુ ફ્રૅન્ચાઇઝીએ રણજી ટ્રોફીમાં છત્તીસગઢ વતી રમતા ૩૨ વર્ષીય શશાંક સિંહ પર બોલી લગાવી દીધી હતી અને તેને ૨૦ લાખ રૂપિયાની મૂળ કિંમતે ખરીદી લીધો હતો.



મૅચ વિનર શશાંકે (જમણે) ૨૯ બોલમાં અણનમ ૬૧ અને આશુતોષે ૩૧ રન બનાવ્યા હતા.

જોકે, ત્યાર બાદ આ અંગે પંજાબે સ્પષ્ટતામાં જણાવ્યું હતું કે 'શશાંક સિંહ તેમની યાદીમાં પહેલેથી જ સામેલ હતો. યાદીમાં એક જ નામના બે ખેલાડીઓ હોવાથી કન્ફ્યુઝન થયું હતું. શશાંક સિંહ અમારી ટીમમાં સામેલ થતાં અમે ખુશી અનુભવી રહ્યા છીએ અને તે ટીમની સફળતામાં ફાળો આપશે એવી આશા છે.'

ગુરુવારે રમાયેલી ગુજરાત ટાઇટન્સ સામેની મેચમાં શશાંકે ૨૯ બોલમાં ૬ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી અણનમ ૬૧ રન બનાવ્યા હતા.

એ પહેલાં શશાંકે બેન્ગલૂરુ સામે પણ શાનદાર રમ્યો હતો. આરસીબી સામે શશાંકે ૮ બોલમાં ૧ ફોર અને ૨ સિક્સરની મદદથી ૨૧ રન બનાવ્યા હતા. ■

# બેન્ગલૂરુના સ્ટેડિયમને નોટિસમાં પુછાયુંઃ તમે કયું પાણી વાપરો છો

બેન્ગલૂરુઃ ભર ઉનાળે જો ક્યાંય પણ પાણીનો વધુપડતો વપરાશ થતો જોવા મળે તો સામાન્ય નાગરિકથી એ સહેવાતું નથી અને ફરિયાદ કરવામાં આવે તો સત્તાધીશો (જો આ મામલામાં ખરેખર ગંભીર હોય તો) પગલાં ભરવાનું શરૂ કરી દે છે.

આઇપીએલની ૧૭મી સીઝન માટેના ૧૩ શહેરોમાંના એક બેન્ગલૂરુનો સમાવેશ છે અને આ શહેરમાં પાણીની ગંભીર કટોકટી છે. આ સ્થિતિમાં બેન્ગલૂરુના એમ. ચિન્નાસ્વામીમાં આઇપીએલની મૅચો દરમ્યાન કેવા પ્રકારનું, કેટલું પાણી વાપરવામાં આવી રહ્યું છે એની વિગતો પૂરી પાડવા નૅશનલ ગ્રીન ટ્રિબ્યૂનલે કર્ણાટક ક્રિકેટ અસોસિએશન તથા રાજ્યના અન્ય સત્તાવાળાઓને નોટિસ મોકલી છે. ■

# સૂર્યકુમાર આવી ગયો પાછો મેદાન પર, મુંબઈ ઇન્ડિયન્સનો વિજય હવે પાક્કો જ છે

મુંબઈઃ આઇપીએલની ઘણી સીઝનમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની ટીમ શરૂઆતની ત્રણથી પાંચ મૅચ હાર્યા પછી વિજયીપથ પર આવતી હોય છે. પ્રારંભિક નબળાઈ પછી પણ સૌથી વધુ પાંચ વાર ટાઇટલ જીત્યા એ આ ટીમની સૌથી મોટી ખાસિયત છે. આ વખતે પહેલી ત્રણ મૅચ હારી ચૂકેલી એમઆઇને હમણાં તો નવા કૅપ્ટન હાર્દિક પંડ્યા સામેના ક્રિકેટપ્રેમીઓના પ્રચંડ વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે અને સૌથી સફળ સુકાની રોહિત શર્માના નબળા ફૉર્મની પણ ટીમને ચિંતા છે, પરંતુ સૌથી આક્રમક અને ભલભલા બોલર્સને ધ્રુજાવી શકે એવો બૅટર સૂર્યકુમાર યાદવ પ્રૅક્ટિસ માટે પાછો મેદાન પર આવી ગયો છે.



ગઈ કાલે પ્રૅક્ટિસમાં સૂર્યકુમાર

ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સનો વર્લ્ડ નંબર-વન બૅટર સૂર્યકુમાર ઘૂંટણની સર્જરી બાદ સાજો થઈ ગયો છે. તે રવિવારે વાનખેડેમાં દિલ્હી કૅપિટલ્સ સામેની મૅચ રમશે કે કેમ એ તો હજી નક્કી નથી, પરંતુ તેની ફિટનેસ હમણાં તો ચકાસવામાં આવી રહી છે.

મુંબઈની ત્યાર પછીની મૅચ બૅન્ગલોર અને ચેન્નઈ સામે રમાવાની છે અને એમાં સૂર્યકુમાર નામનું તોફાન સ્ટેડિયમ ગજાવશે તો નવાઈ નહીં. સૂર્યકુમાર છેલ્લે ડિસેમ્બર, ૨૦૨૩માં જોહનિસબર્ગમાં સાઉથ આફ્રિકા સામેની સિરીઝની ત્રીજી ટી-૨૦માં રમ્યો હતો જેમાં તેણે ૫૬ બૉલમાં ૧૦૦ રન ફટકાર્યા હતા.

પગની ઘૂંટીની સર્જરી ઉપરાંત સ્પોર્ટ્સ હર્ણિયાનું ઑપરેશન પણ તેણે કરાવડાવ્યું હતું.


ઝાલાવાડી દેરાવાસી જૈન



જયશ્રીબેન શાહ (ચકુ)

ખેરવા (જતના) નિવાસી હાલ ઘાટકોપર સ્વ. પુષ્પાબેન શાંતિભાઈ છગનલાલ શાહના સુપુત્રી, તા. 03.04.2024 ના રોજ અરિહંતશરણ પામેલ છે.

તે રાજેશભાઈ - મીતાબેન, ભારતી બિપિન કોઠારી, ઈલા દીપક શાહ, કાશ્મીરા પ્રકાશ પટેલ, જ્યોતિ કેતન ગાંધીના બેન

તે સ્વ. ખીમચંદભાઈ, સ્વ. ચીનુભાઈ, સ્વ.ચીમનભાઈ, સ્વ.શાંતાબેનના ભત્રીજી

તે સ્વ. નટવરલાલ શાંતિલાલ શાહના ભાણેજ

**પ્રાર્થના સભા :**
શનિવાર, તા. 06.04.2024 ના રોજ, સાંજે 5 થી 7,
સ્થળ : લાયન્સ કોમ્યુનિટી હોલ, ગરોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ)

લૌકિક વ્યવહાર બંધ છે


# મેં સેહવાગની બૅટિંગ જોઈને ક્રિકેટ રમવાનું શરૂ કર્યું હતુંઃ મુંબઈનો ઓપનર ભૂપેન લાલવાણી

મુંબઈઃ તાજેતરમાં મુંબઈના ૪૨મા વિજેતાપદ સાથે પૂરી થયેલી રણજી ટ્રોફીની સીઝનમાં મુંબઈ વતી સૌથી વધુ ૫૮૮ રન બનાવનાર ઓપનર ભૂપેન લાલવાણીએ કહ્યું હતું કે 'નાનપણમાં હું ટીવી પર વીરેન્દર સેહવાગની બૅટિંગ ખૂબ મોજથી માણતો હતો. તેની બૅટિંગ જોઈને જ મને ક્રિકેટ રમવાનો શોખ જાગ્યો હતો અને એમાં જ કરીઅર બનાવવાનું નક્કી કરી લીધું હતું. સેહવાગને આઉટ થતો જોયા પછી હું જમતો જ નહોતો. ૨૦૦૮માં ચેન્નઈમાં સેહવાગે સાઉથ આફ્રિકા સામે જે ટ્રિપલ સેન્ચુરી ફટકારી હતી એનું રેકૉર્ડિંગ મેં ૧૦૦ વખત જોયું છે. હું જ્યારે પણ આત્મવિશ્વાસ ગુમાવી લઉં છું ત્યારે વીરુની એ ઇનિંગ્સને યાદ કરી લઉં છું.'



મુંબઈમાં ગઈ કાલે એક ઇવેન્ટ દરમ્યાન ભૂપેન લાલવાણી. (અમય ખરાડે)

આવતી કાલે (રવિવારે) જિંદગીના પચીસ વર્ષ પૂરા કરનાર ભૂપેન લાલવાણીએ રણજી ટ્રોફીની વીતેલી સીઝનમાં ૧૦ મૅચમાં ૫૮૮ રન બનાવ્યા હતા જે મુંબઈની ટીમમાં હાઈએસ્ટ હતા. તનુષ કોટિયન ૫૦૨ રન સાથે બીજા નંબરે હતો. ભૂપેનના ૫૮૮ રનમાં એક સેન્ચુરી અને પાંચ હાફ સેન્ચુરી સામેલ હતી. ૪૭.૦૪ તેની બૅટિંગ ઍવરેજ હતી.

પીટીઆઇના અહેવાલ મુજબ મુંબઈમાં શુક્રવારે આસ્ક ફાઉન્ડેશન૨૪ નામના એનજીઓ તરફથી ભૂપેનનું સન્માન કરવામાં આવ્યું હતું.

ભૂપેનને આશા છે કે એક દિવસ તે મુંબઈ ઇન્ડિયન્સ વતી રમશે. તેણે એવું પણ કહ્યું હતું કે 'રણજી ટ્રોફી પ્લેયરને બીસીસીઆઇ ઉપરાંત પૂરક ફી તરીકે મુંબઈ ક્રિકેટ અસોસિએશને પણ મોટી રકમ આપવાનો જે નિર્ણય લીધો છે એનાથી ડોમેસ્ટિક પ્લેયરો (જેમની પાસે આઇપીએલના કૉન્ટ્રેક્ટ ન હોય તેમને) મોટી આર્થિક મદદ મળશે. ■

# કાર્લસન કહે છે, એકેય ભારતીય કૅન્ડિડેટ્સ સ્પર્ધા નહીં જીતે

ટૉરન્ટોઃ ચેસજગતમાં ૨૦૧૩થી ૨૦૨૩ સુધીના ૧૦ વર્ષ દરમ્યાન ચેસજગત પર રાજ કરનાર નોર્વેના મૅગ્નસ કાર્લસનને તો હવે ફરી વર્લ્ડ ચૅમ્પિયન નથી બનવું, પણ તેનું એવું દૃઢપણે માનવું છે કે કૅનેડામાં શરૂ થયેલી અને બાવીસમી એપ્રિલ સુધી ચાલનારી કૅન્ડિડેટ્સ નામની મોટી ચેસ સ્પર્ધામાં ભારતનો એક પણ ખેલાડી ચૅમ્પિયન બની શકે એટલો તૈયાર નથી અને સમર્થ પણ નથી. કાર્લસનના મતે ભારતના આર. પ્રજ્ઞાનાનંદ, ડી. ગુકેશ અને વિદિત ગુજરાતીમાંથી એક પણ ભારતીય ખેલાડી કૅન્ડિડેટ્સનું ટાઇટલ જીતી નહીં શકે. કાર્લસન કહે છે, 'પ્રજ્ઞાનાનંદ આટલી મોટી સ્પર્ધા જીતવા જેટલો હજી તૈયાર જ નથી થયો.'

જોકે ગુરુવારે પ્રજ્ઞાનાનંદે ફ્રાન્સના ફિરૌઝા અલીરેઝાને જોરદાર ટક્કર આપીને ૩૯મી ચાલમાં તેની સામેની ગેમ ડ્રૉમાં લઈ જવા તેને મજબૂર કર્યો હતો. કાર્લસન કહે છે કે 'ભારતનો ગુકેશ એક-બે ગેમ જીતશે, પણ ચૅમ્પિયન નહીં બની શકે એવું કાર્લસનને લાગે છે.' કાર્લસન દૃઢપણે માને છે કે અમેરિકાનો ફેબિયાનો કેરુઆનો આ સ્પર્ધા જીતવા માટે તેની દૃષ્ટિએ હૉટ ફેવરિટ છે. ■


દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન



પીયૂષ રતિલાલ શેઠ

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર ગં. સ્વ. સુરજબેન રતિલાલ શેઠના સુપુત્ર પીયૂષ શેઠ, (ઉં. વ. ૬૨) તા. ૫-૪-૨૦૨૪ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે ચેતનાબેનના પતિ. તે રાજ, નીલના પિતાશ્રી. તે ફોરમ, સોનાલીના સસરા. તે સ્વ. કુંદનબેન દિનેશભાઇ બાવીસીના જમાઇ. તે પ્રદીપ, દિલીપ, રાજેશ તથા સુધાબેન અરૂણભાઇ મોદીના ભાઇ.

તેમની પ્રાર્થનાસભા
તા. ૭-૪-૨૦૨૪, રવિવારના લાઇન્સ કોમ્યુનિટી હોલ, ગરોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ-૭૭ સાંજે ૪.૦૦ થી ૬.૦૦, દરમ્યાન રાખેલ છે.




















# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| નિવેડો | સંકલ્પ |
| નિશા | ફેંસલો |
| નિશ્ચય | રાત્રિ |
| નિષિદ્ધ | નાતો |
| નિસ્બત | પ્રતિબંધિત |



## ઓળખાણ પડી?

જન્માષ્ટમી ઉત્સવ વખતે ઉપયોગમાં લેવાતા ધાણા, સૂંઠ, સુવાદાણા, ખાંડ અને ટોપરું અથવા સૂંઠના મિશ્રણની ઓળખાણ પડી? ઘઉંના લોટના ઉપયોગથી મીઠાઈ પણ બને છે.

અ) લૌકિ હલવા  બ) પૂડા  ક) નેયાપ્પમ  ડ) પંજરી

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ત્તા | ૨ વા | ૩ ૨ | | ૪ ના | ૫ પ | ૬ સં | ૭ દ | ૮ ગી |
| મા | | ૯ ઉ | જા | ૧૦ સ | | ૧૧ સં | બં | ધિ | ત |
| ઘા | | ચ | | ૧૨ મ | હો | દ | ધી | | કા |
| ૧૩ ન | ૧૪ કા | ૨ | | જૂ | | ગી | | ૧૫ ઘ | ૨ |
| | ૨ | | ૧૬ વ | તી | | | ૧૭ વા | ડો | |
| ૧૮ ગ | ણ | ત્રી | | | ૧૯ ક | ૨૦ ચ | રો | | ૨૧ અ |
| ઠ | | | ૨૨ ન | ૨૩ વે | સ | ૨ | | ૨૪ ઠા | ૨ |
| ૨૫ બં | ધ | | ૨૬ ક | ત | ૨ | ણ | | | જ |
| ધ | | ૨૭ જ | રુ | ૨ | ત | | ૨૮ વિ | ૨૯ ત | ક |
| ૩૦ ન | કા | મો | | ણ | | ૩૧ વિ | ઘ્ન | હ | ર્તા |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | ૮ | ૯ | | | | | |
| ૧૦ | | ૧૧ | | | | ૧૨ | | | |
| | | ૧૩ | | | | | | ૧૪ | |
| ૧૫ | | | | | | | ૧૬ | | |
| | | | ૧૭ | | ૧૮ | ૧૮અ | | | ૧૯ |
| ૨૦ | | | ૨૧ | ૨૨ | | ૨૩ | | | |
| | | ૨૪ | | | | | ૨૫ | | |
| | | | | ૨૬ | ૨૭ | | ૨૮ | | |
| ૨૯ | | | | ૩૦ | | | | | |

### આડી ચાવી

૧. મિલન, ઓળખાણ, પરિચય (૪)
૪. જવાબ આપવાનું જોખમ (૫)
૭. જરૂર (૨)
૮. એક ધાતુ (૩)
૧૦. લાલાશ (૩)
૧૨. માથે વાળ ના હોવા (૨)
૧૩. થનગનાટ, જોમ, ઉત્સાહ (૫)
૧૪. ગુપ્તચર, જાસૂસ (૨)
૧૫. પાંચનો સમૂહ (૩)
૧૬. રૂઆબ, આબરૂ, ઈજ્જત (૨)
૧૮. વાદળું કાળું --- હોય (૩)
૨૦. મૃત્યુના દેવ (૨)
૨૧. ગંધ (૨)
૨૩. હાથ (૨)
૨૪. અઘરું, મુશ્કેલ (૩)
૨૫. શંકા (૨)
૨૬. કોઈ અપેક્ષા વિના આપવું તે (૨)
૨૮. --- જેવી કોઈ કસરત નહીં (૩)
૨૯. બાવાઓની ટોળી (૩)
૩૦. ગુણગાન ગાવા તે (૪) સિરીયલ (૨)

### ઊભી ચાવી

૧. બોલકું (૩)
૨. ગાયબ (૩)
૩. ગરમ મસાલો (૨)
૪. --- જણાવાનું કે --- (૨)
૫. બાહુમૂલ (૩)
૬. વ્યવસ્થિત રીતે, પદ્ધતિસર (૪)
૯. સોઈ, અનુકૂળતા, ફુરસદ (૪)
૧૧. સો શ્લોકનું કાવ્ય (૩)
૧૨. કંતાન (૨)
૧૪. --- મંગની, પર બ્યાહ (૨)
૧૫. પ્રજાસત્તાક રાજ્ય, પ્રજાધીન રાજ્યતંત્ર (૬)
૧૬. વિના (૩)
૧૭. રહેઠાણ (૩)
૧૮-અ. બે-ત્રણ જણ બેસે એવી પાટલી (૩)
૧૯. આતંક ફેલાવનાર (૫)
૨૨. સમૂહ, ટોળું, જથ્થો (૪)
૨૪. સમય (૩)
૨૫. બાણ (૨)
૨૭. કેફી પદાર્થ, માદક દ્રવ્ય (૨)
૨૮. શરીર, કાયા (૨)

## ગુજરાત મોરી મોરી રે

જાડેજા શાસકો દ્વારા બંધાવવામાં આવેલો અને આજની તારીખમાં સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયેલો ‘તેરા કિલ્લો’ કયા જિલ્લામાં સ્થિત છે એ જણાવો.

અ) સાબરકાંઠા  બ) પંચમહાલ  ક) જૂનાગઢ  ડ) કચ્છ

## જાણવા જેવું

રૂપગઢનો કિલ્લો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલ ગુજરાત રાજ્યના ડાંગ જિલ્લામાં આવેલો ૧૭મી સદીનાં સમયમાં બનેલો આ વિસ્તારનો એકમાત્ર ડાંગી ગિરીદુર્ગ સ્થાપત્યનો નમૂનારૂપ કિલ્લો છે. હાલમાં કિલ્લા ઉપર પથ્થરમાંથી બનાવવામાં આવેલો પાણીનો ટાંકો છે. આ ઉપરાંત આ સ્થળ પર દારૂગોળો અથવા અનાજનો સંગ્રહ કરી શકાય એવી કોઠી છે.

## સુડોકુ-૫૦૫૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | ૧ | | ૩ | | ૬ | ૭ | |
| | | ૩ | ૯ | | ૮ | ૪ | | |
| ૫ | | | | ૬ | | | | ૩ |
| ૩ | ૬ | | | | | | ૪ | ૯ |
| | | ૪ | | | | ૩ | | |
| ૯ | ૫ | | | | | | ૮ | ૬ |
| ૪ | | | | ૧ | | | | ૭ |
| | | ૯ | ૩ | | ૭ | ૫ | | |
| | ૩ | ૫ | | ૯ | | ૮ | ૨ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૫૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૪ | ૬ | ૨ | ૭ | ૩ | ૯ | ૫ |
| ૬ | ૩ | ૫ | ૪ | ૯ | ૧ | ૮ | ૭ | ૨ |
| ૨ | ૯ | ૭ | ૮ | ૫ | ૩ | ૧ | ૬ | ૪ |
| ૯ | ૭ | ૮ | ૩ | ૬ | ૨ | ૪ | ૫ | ૧ |
| ૪ | ૫ | ૬ | ૧ | ૭ | ૮ | ૯ | ૨ | ૩ |
| ૩ | ૨ | ૧ | ૫ | ૪ | ૯ | ૬ | ૮ | ૭ |
| ૫ | ૬ | ૨ | ૯ | ૧ | ૪ | ૭ | ૩ | ૮ |
| ૮ | ૪ | ૯ | ૭ | ૩ | ૫ | ૨ | ૧ | ૬ |
| ૭ | ૧ | ૩ | ૨ | ૮ | ૬ | ૫ | ૪ | ૯ |

## ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

બાળપણ રાજાશાહી ઠાઠમાં પસાર કર્યા પછી વિનોબા ભાવેની વિચારધારાથી પ્રેરણા મેળવી આનંદવનની સ્થાપના કરી કુષ્ઠ રોગીઓની સારવારમાં જીવન સમર્પિત કરનારાનું નામ જણાવો.

અ) નાનાજી દેશમુખ
બ) અણ્ણા હઝારે
ક) બાબા આમટે
ડ) શરદ જોશી

## નોંધી રાખો

જીવન ક્યારેક સાબુની ગોટી જેવું હોય છે. તમને એમ લાગશે કે બધી વસ્તુ તમારા નિયંત્રણ હેઠળ છે, પણ કયા સમયે એ હાથમાંથી સરકી જશે એની ખબર પણ નહીં પડે.

## માઈન્ડ ગેમ

વિદ્યાભ્યાસ સાથે સંબંધ ધરાવતી અનેકવિધ શાખાઓ ઉપલબ્ધ છે. Penology તરીકે જાણીતી શાખા શેના અભ્યાસ સાથે સંબંધ ધરાવે છે એ કહી શકશો?

અ) લખાણ  બ) ખેલકૂદ
ક) ગુનેગારી  ડ) રસાયણ

## ગયા શનિવારના જવાબ

### ભાષા વૈભવ

| A | B |
|---|---|
| મસલત | ચર્ચા |
| મક્કાર | ઢોંગી, કપટી |
| મનસૂબો | ઈરાદો |
| મલાજો | શરમ |
| મર્કટ | વાંદરો |

**ગુજરાત મોરી મોરી રે**
ઊંઝા

**ઓળખાણ પડી**
ઈમરતી

**માઈન્ડ ગેમ**
વિમાન

**ચતુર આપો જવાબ**
**માથું ખંજવાળો**
જશુ પટેલ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) શ્રદ્ધા આશર (૪) તાહેર ઔરંગાબાદવાલા (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૭) ડો. પ્રકાશ કટકિયા (૮) ભારતી પ્રકાશ કટકિયા (૯) ખુશરૂ કાપડીયા (૧૦) જયશ્રી બુચ (૧૧) મહેન્દ્ર લોઢવીયા (૧૨) વિભા મહેશ્વરી (૧૩) નીતા દેસાઈ (૧૪) મહેશ સંઘવી (૧૫) લજિતા ખોના (૧૬) પુષ્પા પટેલ (૧૭) મહેશ સંઘવી (૧૮) હર્ષા મહેતા (૧૯) જયોતિ ખાંડવાલા (૨૦) નિખિલ બેંગાલી (૨૧) અમીષી બેંગાલી (૨૨) મીનળ કાપડિયા (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) સુરેખા દેસાઈ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) કલ્પના આશર (૨૮) મહેશ દોશી (૨૯) અરવિંદ કામદાર (૩૦) વિણા સંપત (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) અંજુ ટોલિયા (૩૩) નિતિન જે. બજારીયા (૩૪) અલકા વાણી (૩૫) સુભાષ મોમાયા (૩૬) પ્રતિમા પામાની (૩૭) શિલ્પા શ્રોફ (૩૮) પુષ્પા ખોના (૩૯) પ્રવીણ વોરા (૪૦) રસિક જુઠાની (ટોરોન્ટો - કેનેડા) (૪૧)) રજનીકાંત પટવા (૪૨) સુનીતા પટવા (૪૩) ભાવના કર્વે (૪૪) જયોત્સના ગાંધી (૪૫) ઈનાક્ષીબેન દલાલ (૪૬) હીનાબેન દલાલ (૪૭) રમેશભાઈ દલાલ (૪૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૯) શિલ્પા શ્રોફ (૫૦) નયના ગિરીશ મિસ્ત્રી (૫૧) જયવંત પદમશી ચિખલ (૫૨) તૃપ્તી આશર

# એપ્રિલ ફૂલઃ શું તમે જાણો છો આ નામની ફિલ્મ પણ છે

એપ્રિલ ફૂલ ડે દર વર્ષે પહેલી એપ્રિલના રોજ ઉજવવામાં આવે છે. આ દિવસે કોઈ પણને મૂર્ખ બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે અને આ માટે લોકો ઘણા આયોજન કરે છે. ઘણી વખત યોજનાઓ નિષ્ફળ જાય છે અને બનાવનાર હસતા રહે છે. બસ બનવુ અને બનાવવું આ રમત આખું વર્ષ ચાલુ રહે છે. મોટાભાગના રાજકારણીઓ માટે, દરેક દિવસ એપ્રિલ ફૂલનો દિવસ છે. તેઓ એ જાણતા હોવા છતાં જાહેરાતો કરતા રહે છે કે તેઓ તેમના દ્વારા આપેલા આ વચનો ક્યારેય પૂરા કરી શકશે નહીં અને જનતા પણ આ બધાથી વાકેફ રહે છે.

ભેળસેળ કર્તાઓ, છેતરપિંડી કરનારાઓ અને અપ્રમાણિક લોકો માટે દરરોજ મૂર્ખનો દિવસ છે કારણ કે નસેટિંગથની આડમાં તેઓ ખોટા માર્ગે તેમનો વ્યવસાય કરે છે. જોકે એપ્રિલ ફૂલ ડે પર કોઈને પણ બનાવવામાં ભેળસેળ નથી. આ એક શુદ્ધ મજાક બની રહે છે.

એપ્રિલ ફૂલની થીમ અને પ્રસંગો કેટલીક ફિલ્મોમાં જોવા મળે છે, પરંતુ આ નામની એક ફિલ્મ પણ બની છે. આ ફિલ્મના લેખક, નિર્માતા અને દિગ્દર્શક સુબોધ મુખર્જી હતા. આ ફિલ્મમાં વિશ્વજીત અને સાયરા બાનુ લીડ રોલમાં હતા. તેમની સાથે જયંત, સજ્જન, નાઝીમા જેવા કલાકારો હતા.

નાયક અશોક સમૃદ્ધ પરિવારમાંથી આવે છે. તેને મજાક કરવી ગમે છે અને એપ્રિલ ફૂલના દિવસે તે ઘણા લોકોની મજાક કરે છે.

એવો જ એક એપ્રિલ ફૂલ ડે, તેની મજાક મધુને તેની નજીક લાવે છે. બંને પ્રેમમાં પડે છે. એકવાર મધુ અને અશોક એવી મજાક કરે છે કે તેનાથી તેમના જીવ પર ખતરો મંડરાય છે. આંતરરાષ્ટ્રીય ગેંગ તેની અને તેના પરિવારના સભ્યોની પાછળ જાય છે અને તેઓ કેવી રીતે તેનાથી છટકી જાય છે તે ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે. આ રોમેન્ટિક કોમેડી ફિલ્મ ૧૯૬૪માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં શંકર જયકિશનનું સંગીત હતું અને હસરત જયપુરીના ગીતો હતા. મોહમ્મદ રફી દ્વારા ગવાયેલું નએપ્રિલ ફૂલ બનાયા તો ઉનકા ગુસ્સા આયાથ અત્યંત લોકપ્રિય હતું અને ઘણીવાર ૧લી એપ્રિલે સાંભળવામાં આવે છે. તેની પહેલી નજર ક્યા અસર, તુઝે પ્યાર કરતે, આ ગલે લગ જા પણ ખૂબ જ લોકપ્રિય ગીતો હતાં. જો તમે જૂની કે હળવી ફિલ્મો જોવાના શોખીન છો તો તમે આ ફિલ્મ જોઈ શકો છો. ■

# કૉંગ્રેસ મુક્ત ગુજરાતનું અભિયાન કૉંગ્રેસ યુક્ત ભાજપમાં ફેરવાઈ ગયું છે?

ગુજરાત ભા.જ.પ.ના સંગઠન અને સત્તામાં(સરકારમાં મંત્રી પદ સહીત)અનેક હોદ્દા પર સેવા આપી ચૂકેલા અને અત્યારે (પરાણે)રાજકીય રીતે નિવૃત જીવન ગાળતા પક્ષનાં એક વિચક્ષણ અગ્રણી વિધાનસભાની કેન્ટીનમાં મળી ગયા.તેઓએ લગભગ ૩૦ મિનિટ સુધીની વાતચીતમાં જે બળાપો કાઢ્યો એનો લઘુત્તમ સાધારણ અવયવ કાઢીએ તો સાર એવો નીકળે છે કે (૧) રાજ્યમા અત્યારે જે કોંગ્રેસ મુક્ત ગુજરાતનું અભિયાન ચાલી રહ્યું છે તેની આડઅસર એવી થઈ છે કે ભારતીય જનતા પક્ષ કોંગ્રેસ યુક્ત બની રહ્યો છે (૨) પક્ષના નિષ્ઠાવાન કાર્યકરોની સતત અવગણના થાય છે (૩) બોર્ડ કોર્પોરેશનના હોદ્દેદારોની વરણી ન થતાં નાના અને સામાન્ય પણ સંગઠન અને ચૂંટણીમાં ચાવીરૂપ ભૂમિકા ભજવતા કાર્યકરોની કદર થઈ શકતી નથી (૪) ભા.જ.પ. વિકેન્દ્રીકરણનું માળખું ધરાવતો પક્ષ હતો તેને બદલે હવે કેન્દ્રીકરણનું માળખું ધરાવતો પક્ષ બની ગયો છે અને (૫)કોગ્રેસ પક્ષમાંથી ભા.જ.પ.માં જોડતા લોકો હૃદયથી જોડાયા હોય એવો અહેસાસ પક્ષનાં મૂળ કાર્યકરોને જરા પણ થતો નથી.આ બધું જ ભા.જ.પ.ને આજ નહીં તો કાલે બહુ મોટું નુક્સાન કરશે એ નક્કી છે. પક્ષના આવા સમર્પિત નેતાની વેદનાની નોંધ પક્ષમાં લેવાશે ખરી? ■

## મસ્તરામની મસ્તી (સાતમા પાનાનું ચાલુ)

એમ.આર.આઇ. સુધી બધું જ કરાવ્યું. બે તો ઓપરેશન આવ્યા. આઠ મહિના સુધી ચૂનિયાના બાપાને રીપેરીંગ કરવાનો પ્રોગ્રામ ચાલ્યો. ચૂનિયાએ બાપાને ગામડે મોકલી ચૂનિયો હિસાબ કરવા બેઠો અને કુલ ખર્ચનો આંકડો માર્યો. હિસાબ પતાવીને ચૂનિયાએ મને ફોન કર્યો અને કહે 'મિલનભાઈ, જો આ બાપા પાછળ કરેલ ખર્ચનો હિસાબ. આ ખર્ચમાં તો મારે નાનુ ખુરશી બનાવવાનું કારખાનું થઈ ગયું હોત' આ પછી તો મેં પણ નક્કી કરી લીધું કે ખુરશીની વાત આવે ત્યાં કોમ્પ્રોમાઇઝ કરવાનું જ નહીં

કહેવત ભલે હોય કે 'પગ નીચેથી જમીન સરકી જવી' પણ ખરાબ પરિસ્થિતિ તો એ કહેવાય કે 'તસરીફ નીચેથી ખુરશી ખસી જવી'. મેં એક શેર સાંભળેલો 'ગાંધી તું કેટલો સસ્તો થઈ ગયો ખુરશી સુધી પહોંચવાનો રસ્તો થઈ ગયો' જો મારા જેવો સામાન્ય માણસ પણ ખુરશી માટે આટલો હેરાન થઈ ચૂક્યો હોય અને ખુરશીનો મહિમા જાણતો હોય તો પછી અમાં નેતાઓને ક્યાં દોષ દેવો. તમે જો ખુરશી શબ્દમાંથી 'ર' શબ્દ કાઢી નાખો તો પાછળ ખુશી વધશે. 'ર' તો અમસ્તા જ ઉમેરેલો છે બાકી ખુરશી સાથે ખુશી અનાદી કાળથી જોડાયેલ હશે! ખેંચતાણ તો મનુષ્ય જીવ સાથે જોડાયેલ છે જ એટલે ખુશી માટે ખુરશીની ખેંચતાણ થતી જ રહેવાની અને ચાલતી જ રહેવાની.

## કવર સ્ટોરી (સાતમા પાનાનું ચાલુ)

તેનો શિકાર દેખાયા છે.

જો વર્તમાન શોધ, સારસંભાળ, કાર્યશૈલી અને સામાજિક ઇતિહાસના કારણે પુરુષોના પતનની વાત નહી કરી રહ્યા પરંતુ આ સંશોધન સંપૂર્ણ જેનેટિક આધારિત છે. એટલુ જ નહીં શોધકર્તા વૈજ્ઞાનિક જેની ગ્રેવ્સે દાવો કર્યો હતો કે દુનિયાના અનેક આંતરિયાળ હિસ્સાનું અસ્તિત્વ ખત્મ થવા લાગ્યું છે. જોકે આ કોઇ શોધથી કાઢવામાં આવેલો નિષ્કર્ષ નથી. પરંતુ ભારતમાં પણ આ અંશત જોવા મળે છે અને અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે સામાજિક અને આર્થિક લગામ મહિલાઓના હાથમાં છે અથવા જ્યાં મહિલાઓ નેતૃત્વની ભૂમિકામાં છે. ત્યાં પુરુષો ખત્મ ભલે ના થયા હોય પરંતુ તેમની સ્થિતિ નબળી પડી છે. ફક્ત સામાજિક, આર્થિક જ નહી પરંતુ આ સ્થિતિ જેનેટિક અસ્તિત્વ પર પણ લાગુ પડે છે. કેરળ, અંદમાન નિકોબાર ટાપુ અને ઉત્તર પૂર્વના અનેક વિસ્તારોમાં ખાસ કરીને મણિપુર અને મેઘાલયમાં પુરુષોની સંખ્યા મહિલાઓની સંખ્યા કરતા ઓછી છે. આ ક્ષેત્રોની સરખામણીએ પુરુષો વધુ નેતૃત્વની ભૂમિકામાં છે. અહીના પુરુષોની શારીરિક દેખાવમાં ફેર પડતો જોવા મળી રહ્યો છે

આ તમામ ક્ષેત્રોના સંબંધમાં તો હાલમાં ફક્ત અંદાજ છે પરંતુ જેની ગ્રેવ્સે જે શોધ અધ્યયન મારફતે સાબિત કરવાનો પ્રયાસ કર્યો છે. વાસ્તવમાં માનવ જાતિમાં પુરુષો હોવા માટે જવાબદાર વાય ક્રોમોઝોમના આનુવાંશિક ગુણ સતત નબળા પડી રહ્યા છે. અને છેલ્લી અનેક સદીઓની સરખામણીએ આજે અનેક ગણુ નબળા પડી ગયા છે. જેની સાબિતિ અભ્યાસ વિના જોવા મળે છે. આજની તારીખમાં દુનિયાનો કોઇ એવો દેશ નથી જ્યાં કેટલાક દાયકાઓની સરખામણીએ પુરુષ વિર્યની ગુણવતામાં ઘટાડો ના આવ્યો હોય. એટલે કે આ અભ્યાસ ડરાવી રહ્યો નથી પણ ધ્રુજાવી તો રહ્યો જ છે કે આવનારા સમયમાં પુરુષોનું અસ્તિત્વ ખત્મ થઇ જશે. ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ (સાતમા પાનાનું ચાલુ)

જરા હટકે, ઓવર-ધ-ટોપ, એક્ઝાઝરેટેડ ટ્રેન્ડને 'કેમ્પી'નું ટેગ મળી જાય છે. ડાલી કદાચ એ પ્રકારના કેમ્પ ટ્રેન્ડનો મૂળ સોર્સ છે. તેની કલ્પના અને એબ્ઝર્ડ વિચારો એક્સપ્રેસ કરવાની કોઈ લિમિટ નથી. સરરિયાલિસ્ટ કલાકારોમાં ડાલીથી મોટું કદાચ કોઈ નથી. પારંપરિક કલાનાં બંધનો સામે બળવો કરવા માટે ડાલી ટેલિફોનથી માંડીને બાથ-ટબ જેવી દરેક સાધારણ આઇટમને પોતાની આઉટ-ઓફ-ધ વર્લ્ડ થીમમાં જગ્યા આપે છે. આ આખુંય મ્યુઝિયમ જ એક સરરિયાલિઝમ આર્ટ પીસ માનવામાં આવે છે.

આ ગામમાં ડાલી ઘણી વાર રેસ્ટોરાંમાં પૈસાને બદલે બિલની પાછળ ચિત્ર બનાવીને આપતો. આવી ધાક ભાગ્યે જ બીજા કોઈની હશે. ફિગુરેસમાં ઘણાં રેસ્ટોરાં પોતે ડાલીનાં મનપસંદ રહી ચૂક્યાં છે તેવો દાવો કરે છે. અમે એક કાફેમાં રોકાયાં. ત્યાં પટાટા બ્રાવા અને રોહો સોસ સાથે થોડી કોફી પીધી. અહીં જ્યાં પણ જાઓ ત્યાં ખાવાનું બધે જ ફિક્કું હતું. ડાલીનાં ચિત્રોના રંગો આ રિજનના ફૂડ સુધી પહોંચ્યા ન હતા. તે દિવસે હોટલ પાછાં પહોંચતાં પહેલાં અમારે ચિલી સોસની બોટલ ખરીદવી જ પડી. ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ (આઠમા પાનાનું ચાલુ)

દીવાલવાળા ઓરડા પાણીના સ્તરની નીચે પણ બનાવાય છે. પાણી સાથે દ્રશ્ય સંપર્ક જળવાઈ રહે તે માટે અહીં ટેરેસિસનો ઉપયોગ વધારે જોવા મળે. વળી એમ પણ કહી શકાય કે અહીંના આયોજનમાં મુક્ત-સ્થાન આયોજન - ઓપન પ્લાનિંગના સિદ્ધાંતને વધુ અનુસરવામાં આવે છે.

આ પ્રકારની રચનાથી જમીન બચે પણ તેની બનાવટમાં જે સામગ્રી વપરાય તેનો ભાર તો જમીન પર જ આવે. આ પ્રકારના આવાસ પ્રમાણમાં નાના બનાવાતા હોવાથી પણ ક્યાંક પર્યાવરણ પરનો ભાર ઓછો થવાની સંભાવના રહે, તો સામાન્ય રીતે, આ વધારાનું આવાસ હોવાથી તેમાં વધારાની ખપત તો થાય જ.

બોટ હાઉસ, યોટ કે શિકારા કરતાં આ રચના ભિન્ન હોય છે. આ આવાસ એક સ્થળેથી બીજા સ્થળે જતું નથી, જે તે સ્થાન પર કાયમી સ્થિત રહે છે. સંરચનાકીય માળખા સાથે વ્યવહાર જળવાઈ રહે તે માટે તરતા આવાસનું સ્થાન કિનારાથી બહુ દૂર નથી હોતું. આનાથી અહીં રહેનારા વ્યક્તિનાં સામાજિક સમીકરણો પણ જળવાઈ રહે.

ઠંડકની મજા છે. લહેરોના સંગીતની મજા છે. ચારે તરફની મોકળાશને માણવાની મજા છે. ક્યાંક જાત સાથે જોડાવાની સંભાવના વધુ છે. કુદરત સાથે અહીં એકાંત મળી રહે છે. આવાસની સાથે સાથે માનવી પણ અહીં કુદરતના ખોળે ઝુલવા લાગે છે. ■

## ઝાકળની પ્યાલી (આઠમા પાનાનું ચાલુ)

જ હોય છે ને!)

* ઉંગલી ઉઠા રહા હૈ વો મેરી ઝુબાન પર,
જિસકા ઝહર મેં ડૂબા હુવા હર બયાન હૈ

જેનું દરેક વર્ણન ઝેરમાં ડૂબેલું છે. તે શખસ મારા સાક્ષી ભાવ સામે આંગળી ચીંધવાનું ગેરવર્તન કરી રહ્યો છે.

* બેચા ન ગયા હમ સે હસરત કે ખિલૌનોં કો,
હમ યાર કભી ફન કો બાઝાર નહીં કરતે.

અભિલાષા-ઇચ્છાના રમકડાં અમારાથી કયારેય વેચાઇ શકાયા નહીં. અરે મારા મિત્ર! અમે અમારા હુન્નર-કલાકારીગરીને ક્યારેય બજારમાં વેચતાં નથી.

* નહીં હોતા કભી ઝાહિર ગમોં કા રાઝ દુનિયા પર, હમારી આંખ કે આંસુ અગર હમને પિયે હોતે.

અમારી આંખોના આંસુઓ અમે પી ગયાં હોત તો દુઃખ-દર્દનું રહસ્ય આ દુનિયામાં પ્રગટ થઇ શક્યું ન હોત.

* મુસ્કુરાના ચાહિયે હર હાલ મેં કહતે હૈં વો,
જશ્ન અપની મૌત પર કૈસે મનાયા જાયેગા.

તેઓ તો એમ કહે છે કે દરેક સ્થિતિમાં (અમારે) હસતા રહેવું જોઇએ. તો પછી અમારા મૃત્યુની ઉજવણી કેવી રીતે થશે તે તો તમે કહો.

* જૂઠ કે હોતે ગયે સાયે ઘને,
કદ મગર સચ કા યહાં ગલતા રહા.

જૂઠાણાના પડછાયા તો ગાઢ થતા ગયા અને સચ્ચાઇનો આકાર તો બસ ગળતો રહ્યો. ■

## ભાત ભાત કે લોગ (નવમા પાનાનું ચાલુ)

લીધો. આજે જહોનના વારસદારો પાસે એ છે.

રાસ્પુટિનનું શિશ્ન પણ મૃત્યુ પશ્ચાત વાઢી લેવાયેલું, જે હાલમાં સેન્ટ પીટર્સબર્ગના ઈરોટિકા મ્યુઝિયમ ખાતે જોવા મળે છે. રાસ્પુટિન રશિયાઓ અત્યંત વિવાદાસ્પદ અધ્યાત્મિક ગુરુ હતો. કહેવાય છે કે અધ્યાત્મના નામે એણે રશિયાના ઝારની રાણી સહિત અનેક ઉમરાવોના ઘરની સ્ત્રીઓને પોતાની દીવાની બનાવી મૂકેલી. અનેક સ્ત્રીઓ સાથેના પ્રણયફાગને પ્રતાપે રશિયન ‘કાસાનોવા’ તરીકે પ્રખ્યાત (કે કુખ્યાત) રાસ્પુટિનની હત્યા કરી નાખવામાં આવી. એ પછી

એના નિશ્ચેત શરીરમાંથી શિશ્ન વાઢી લેવાયું, જે આજે મ્યુઝિયમમાં જોવા મળે છે.જીવતા માણસને નસીબ હોય એ તો સમજ્યા, પણ લોકોની ઘેલછા જોઈને લાગે છે કે મૃત માનવીના અંગોને ય નસીબ જેવું કશુંક હોતું હશે! ■

## ટૂંકી વાર્તા (આઠમા પાનાનું ચાલુ)

જોબ કરવાની શરૂઆત કરી. એકલી સ્ત્રીને જોબ કરવી કેટલી મુશ્કેલ છે એ વૃંદાને પછી સમજાયું. જોબ દરમ્યાન વૃંદા ભાગ્યે જ કોઈ સાથે વાતો કરતી. પોતાના કામથી કામ રાખતી. સ્ટાફના અન્ય લોકો અંદર અંદર વૃંદા વિશે વાતો કરતાં. કોઈ વળી આડકતરી રીતે પૂછી પણ લેતું, પરંતુ વૃંદાને કશીયે અસર ન થતી. એ હંમેશા પોતાની ધૂનમાં જ રહેતી. એમાં વળી અતુલ બહુ બોલકો. આપણને ન બોલવું હોય તોય બોલાઈ જાય. એ વૃંદાની વારંવાર મજાક કરતો. વૃંદા ખાસ ધ્યાન ન આપતી. સામે જવાબ પણ ન વાળતી, પરંતુ એમ પાછળ હટી જાય તો અતુલ શાનો! એ પોતાના સ્વભાવ મજબ વૃંદાની ટીખળ કરતો. અંદરખાને વૃંદાને આ ગમતું હતું, પરંતુ એણે પોતાની જાતને એક વર્તુળમાં બંધ કરી દીધી હતી. જેમાંથી બહાર આવતા ડર લાગતો હતો, પરંતુ સમય જતાં અતુલ સાથે બોલવા લાગી હતી. સ્ટાફના અન્ય લોકોને થોડી નવાઈ સાથે ઈર્ષ્યા પણ આવી, પરંતુ વૃંદાને અંદરથી સારું લાગતું હતું. અતુલ સાથે થોડી વાતો થતી ત્યારે એ હળવીફૂલ થઈ જતી. અતુલ ક્યારેક એની અંગત જિંદગી વિશે ન પૂછતો. છતાંય વૃંદાને ક્યારેક ઈચ્છા થતી કે અતુલને વાત કરું, પરંતુ મન ન માનતું. વિશ્વાસ ડગમગી જતો. ફક્ત સહાનભૂતિ ઉઘરાવવા ખાતર શા માટે સ્વમાન ફેંદવું..!

માને અતુલ વિશે વાત કરી ત્યારે મા એકચોટ તો રાજી થઈ ગઈ. કેટલાય સમયથી ન જોવા મળેલું તેજ એના ચહેરા પર આવી ચડ્યું. વૃંદા જાણીતી હતી કે મા આવું શા માટે કરે છે, પરંતુ વૃંદાએ એ દિશામાં વિચાર્યું ન હતું. હવે મતલબ પણ ન હતો. આર્યન સાથે જોડાયેલા સંવેદનો અંદર સડી ગયા હતા. જેની વાસ કશુંયે નવું પાંગરવા દેતી ન હતી. એવામાં અતુલ સાથેના સંબંધ વિશે વિચારવાનો કોઈ મતલબ ન હતો. વૃંદાને એવી કોઈ ઝંખના જ ન હતી, પરંતુ માની આંખોમાં દેખાયેલી ચમક હંમેશાં માટે રહે એવું એકાદ ક્ષણ માટે થઈ આવેલું.

વૃંદા હિંચકો છોડી ઘરમાં આવી. માના ગળામાંથી ભજનની સેરો વહી રહી હતી. વૃંદાને સારું લાગતું હતું એ ખુરશી પર બેઠી. મા એની ધૂનમાં હતી. વૃંદા અતુલ વિશે વિચારી રહી હતી. બે દિવસ પહેલા અતુલે પોસ્ટ ઓફિસમાંથી છૂટતી વેળાએ પાણીપૂરી ખાવાની વાત કરી હતી. વૃંદાને કોણ જાણે શું થયું ના ન પાડી શકી અને સંકોચ સાથે અતુલની બાઈક પર પણ બેસી ગઈ. પોસ્ટ ઓફિસના ગેટ સામે જોવાની હિંમત એનામાં ન હતી. કેમ કે સ્ટાફના બધા એને જોઈ રહ્યા હતા. વૃંદાથી નીચું જોવાઈ ગયું. શરમના શેરડા પડતા હતા. એને થતું હતું કે અતુલ અહીંથી જલદી લઈ જાય તો સારું, પરંતુ બોલકા અતુલને કશી જ ખબર ન હતી.


રસ્તામાં બન્નેએ ખૂબ વાતો કરી. વૃંદાએ પણ ખૂલીને ઘણી વાતો કરી. અનાયસે અતુલ વિશે પણ પુછાઈ ગયું, પરંતુ અતુલે જરા પણ છંછેડાયા વિના શાંતિથી જવાબ આપ્યા. તીખી પાણીપૂરી બાદ આઈસક્રીમ ખાવાની વાત પણ વૃંદાએ જ કરી. ત્યારે તો અતુલ પણ સહેજ રોમાંચિત થઈ ગયેલો. છૂટા પડતી વખતે વૃંદા અનાયાસે જ બોલી ગઈ હતી કે ક્યારેક ઘરે તો આવો. બેસીએ. પછી તરત જ પાછું વળી ચાલી ગઈ હતી. વૃંદાને પણ પોતાના વર્તન પર અચરજ આવતું હતું.

ગેટનો આગળિયો ખૂલવાનો અવાજ આવતાં વૃંદાની નજર બહાર ગઈ. માના ગળામાંથી વહેતા ભજન અટક્યાં. વૃંદા ઊભી થઈ બહાર આવી. ચહેરા પર કઈ ઘડીએ જાસૂદ જેવી માદકતા આવી બેઠી એની ખબર ન રહી. ચહેરા પર સહેજ સ્મિત ફેલાઈ ગયું. સાથે આશ્ચર્ય પણ હતું જ, પરંતુ અંદર જાણે કશુંક પાંગરી રહ્યું હોય એવું લાગતું હતું. એને બે દિવસ પહેલા છૂટા પડતી વખતે અતુલને કહેલું યાદ આવ્યું.

વૃંદા ઉત્સાહમાં ગેટ બંધ કરતી હતી. ત્યાં એની નજર કૂથલીમંડળ તરફ ગઈ. એ બધી સ્ત્રીઓ વૃંદા તરફ જોઈ રહી હતી. વૃંદાની છાતી ફુલાણી. ગર્વથી ઊંડો શ્વાસ લીધો. ત્રાંસી નજર એ બાજુ નાખતાં એ અંદર ચાલી ગઈ.

બહાર પૂરબહાર સંધ્યા ખીલી ગઈ. ■



# ખુરશીની અક્કલમઠ્ઠી રમત

**મસ્તરામની મસ્તી**

feedback@bombaysamachar.com
મિલન ત્રિવેદી

ચૂંટણીનો માહોલ છે એટલે તમે તમારા દીકરાના લગ્નની કંકોત્રી લખવા માંગતા હો પણ મગજ એટલું બેકાર થઈ ગયું છે કે ‘‘મારા દીકરાને મત આપવા પધારજો‘‘ એવું લખાઈ જાય છે.

રાજકીય પક્ષો પણ ખરેખર આજે એક ખુરશી માટે સગા ભાઈઓને કે પતિ પત્નીને કે કુટુંબના સભ્યોને અંદરો અંદર લડાવી મારે. અમારો ચુનીયો તો કહે છે કે ’ખુરશી માટે મગજમારી નહીં કરવાની આપણે ઘરેથી લઈ જઈએ તો સંસદમાં બેસવા દે કે નહીં?’ પણ આજે પ્રયત્ન પૂર્વક રાજકીય ખુરશી ની વાત નથી જ કરવી.

વાત મારા બચપણની છે.મારા ઘરમાં ખુરશીઓ ઓછી અને હું નાનો એટલે કોઈ પણ મહેમાન આવે મારે જ પહેલા ખુરશી ખાલી કરવાની આવે. ઘણા ગમતા મહેમાનોમાં ઘણી બધી આંટીઓએ મને ગાલે ચૂટકી ભરી છે અને ખોળામાં બેસાડ્યો છે. એટલે ખુરશી ખાલી કરવાનું થોડું વસુલ પણ થતું! તો પણ એક વાત તો કહી જ દઉં કે મારી ખુરશી ખેંચાઇ જવાનો અફસોસ તો થતો જ એટલે ચૂટકી ભરેલા મહેમાન સામે કાતર મારી જોઈ લેતો. આ ભૂલનો અહેસાસ મને યુવાન થયા પછી થયો કે ખોળામાંથી ઊભુ થઈ જવું એ મારી બહુ મોટી ભૂલ હતી! મારી આ ભૂલને સુધારવાનો આજની તારીખ સુધી પ્રયત્ન કરુ છૂં. આજે પણ મેં ઘરમાં એકાદ ખુરશી ઓછી રાખુ છું.

મારે તો કોણ જાણે ખુરશી સાથે લેણાદેણી જ નથી. અમારી શેરીમાં એક માણસ છકડો રીક્ષા લઈને ખુરશીઓ વેંચવા આવ્યો. મને થયું કે ૪ ખુરશી વસાવી જ લેવી છે. મને ૨૦૦૦ રૂપિયાની ૪ ખુરશી કહી પણ ખૂબ રકઝકને અંતે ૫૦૦ રૂપિયામાં ૪ ખુરશી ખરીદી શિવાજીએ જેમ નવો ગઢ સર કર્યો હોય એવી ખુશી સાથે ઘરમાં ખુરશી રાખી. બીજા જ દિવસે ૧૬ પાયામાંથી ૪ જ પાયા સાજા હતા એટલે આમ તેમ કરીને એક ખુરશીને જીવાડી લીધી પણ મારી સાથે ઘોર છેતરપીંડી થઈ હોય એ રીતે આ ફેરિયાને શોધવા નિકળ્યો. પાંચ દિવસની મહેનતને અંતે એ બીજી સોસાયટીમાંથી હાથમાં આવ્યો અને મેં માંડીને ફરિયાદ કરી અને કહ્યું કે ચારમાંથી ત્રણ ખુરશી તૂટી ગઈ અને એક જે જીવે છે એ પણ આઇ.સી.સી.યુ.માં છે એમ જ માની લે. ફેરિયાએ ખૂબ જ શાંતિપૂર્વક જવાબ આપ્યો ’એવું બને જ નહીં કે ખુરશી તૂટી જાય, નક્કી કોઈ બેઠું હશે’ મારી પાસે કોઈ જ જવાબ ન હતો એટલે વધેલા બજેટમાંથી સારી દુકાને જઈને બે ખુરશીઓ ખરીદી કરી ચલાવી લીધું પણ આ ખુરશીઓથી મારુ ખુરશી સુખ કદાચ નહીં જોઈ શકાતુ હોય એટલે ઘેર જે પહેલા મહેમાન આવ્યા એ પણ જમના ફોઈ. એમનો વજન ૧૨૦ કીલો એટલે મેં મારા છોકરાને કહ્યું કે બાજુ વાળા આંટીના ઘેરથી ખુરશી લઈ આવ. મારો છોકરો લેવા ગયો તો આંટીને એમ લાગ્યું કે વધારે મહેમાન હશે એટલે જરૂર હશે પણ એ આંટી એટલા પ્રેમાળ છે કે વહાલથી મારા છોકરાને પૂછ્યું અને મારા છોકરાએ જવાબ પણ આપી દીધો કે ’મહેમાન તો એક છે પણ જમના ફોઈ બહુ જાડા ને એટલે અમારી નવી ખુરશી ક્યાંક તૂટી જાય તો’ આટલી નાની વાતમાં મારા છોકરાના એ પડોશી આંટીએ મારી સામે હસવાનું પણ બંધ કરી દીધું!!!

તમે મારી જેમ જ ઘણા લગ્નોમાં મફત જમવા ગયા હશો. અત્યારે તો રીવાજ જ બૂફેટનો થઈ ગયો છે પણ ક્યાંક ક્યાંક વળી બુફેટ સાથે થોડી ઘણી ખુરશીઓ અને ટેબલ ગોઠવાયેલા હોય છે. તમે જો માર્ક કર્યું હોય તો આવા સમયે સારામાં સારી મીઠાઇનો જેટલો મહિમા નહીં હોય એટલો મહિમા ખાલી થતી ખુરશી તરફ હોય છે. હમણા અમારે એક જ્ઞાતિના સ્નેહ મિલનમાં આમંત્રણ કુલ ૩૦૦ માણસોને આમંત્રણ આપવામાં આવ્યું હતું પણ આયોજકો હોશિયાર એટલે ધારેલુ કે ૧૦૦ માણસો જ આવશે અને તેમાં પણ બજેટ બચાવવા ૭૦ ખુરશીઓ જ મંડપ સર્વિસમાંથી મંગાવવામાં આવી. મેં જઈને જોયું તો અમારા જ ફેમિલીના તેમાંથી ૪૦ માણસો હતા. મારા સગા સંબંધીઓની એક ખૂબી છે કે મારા કુટુંબના અસલ મારી જેમ જ મફત આઇસ્ક્રીમની લાલચમાં ગમે ત્યાં પહોંચી જ જાય. આ ૪૦માંથી ૧૫ તો ઉમરલાયક માણસો હતા. મેં મારુ ઉતરદાયિત્વ સ્વીકાર્યું અને જેવી કોઈ ખુરશી ખાલી થાય એટલે તરત જ લપકીને એકાદ વડિલને બેસાડી દઉં. થોડી વારમાં તો મારી છાપ ખુરશી ઉઠાવગીર તરીકે ફેલાઇ ગઈ. દહેશત તો એવી ફેલાણી કે હું પાણી પીવા જતો હોઉં તો પણ પગ મોકળો કરવા ઊભા થયેલા ફટાફટ આવીને ખુરશી પર પાછાં બેસી જતા. હદ તો ત્યારે થઈ જ્યારે અમારા અનંત કાકાને બે શબ્દો બોલવા ઊભા કર્યા પણ જેવી તેમની નજર મારા પર ગઈ ત્યાં સ્ટેજ તો સ્ટેજ પાસેથી દોડતા આવીને પાછા ખુરશી પર બેસી ગયા!!!

ખુરશીની મહિમાનો સાચો અનુભવ તો મને ચૂનિયાના બાપા વખતે થયો. ચૂનિયો પણ મારી જેમ સસ્તી ખુરશી લાવેલો અને નવી ખુરશી જોઈને ચૂનિયાના બાપા રાજીપામાં એવા તો જોરથી બેઠાં કે જાણે હવે પછી ક્યારેય ખુરશી જોવા જ ન મળવાની હોય. જેવા બેઠાં એ સાથે ચાર પાંચ કડાકાના અવાજ આવ્યા. ખરાબ સંજોગે હું પણ હાજર હતો એટલે ખુરશી જોવા મંડ્યો કે કઈ કઈ પાંચ વસ્તુ તૂટી છે. તપાસ કરતા ખબર પડી કે ખુરશીનો તો એક જ પાયો તૂટ્યો છે. બાકીના ચાર અવાજો ઓર્થોપેડીક પાસે ગયા ત્યારે ખબર પડી કે ચૂનિયાના બાપાના હાડકા તૂટવાના હતાં! એક્સ રે, સી.ટી.સ્કેન અને છેલ્લે (જુઓ પાનું ૬) ▶▶

**વિચારવાયુ:**

ધર્મસ્થાન બહાર ભીખ માંગે છે? આ ગેરકાયદેસર છે. તને ખબર છે જેલની સજા થશે

પૈસાની ભીખ ન માગુ અને વોટ માંગુ તો સજા નહીં થાય ને?

**કવર સ્ટોરી**

feedback@bombaysamachar.com
લોકમિત્ર ગૌતમ

# શું એક દિવસ ધરતી પરથી સંપૂર્ણ રીતે ખતમ થઇ જશે પુરુષ..?

વૈજ્ઞાનિકોનું કહેવું છે કે પુરુષોના વાય ક્રોમોઝોમ ઝડપથી ઘટી રહ્યા છે. જો આ પરિસ્થિતિ યથાવત રહી તો માનવામાં આવી રહ્યું છે કે આગામી ૪૮ લાખ વર્ષ બાદ ધરતી પરથી વાય ક્રોમોઝોમ પુરી રીતે ખત્મ થઇ જશે અને આ સાથે પુરુષોનુ નામોનિશાન મટી જશે. જેનો અર્થ એ છે કે જો આ ભવિષ્યવાણી સત્ય સાબિત થઇ તો ધરમતીમાં લગભગ ૩ કરોડ ૪ લાખ વર્ષ મહિલાઓને એકલા જ રહેવું પડશે. આ અંદાજ એટલા માટે પણ એકદમ કાલ્પનિક લાગી રહ્યું નથી કારણ કે વ્યવહારિક રીતે જોઇએ તો પુરુષોનના વાય ક્રોમોઝોમ ધીરે ધીરે ઓછા થઇ રહ્યા છે. સાથે જ તેની ગુણવતા પણ ઘટી રહી છે. જ્યારે મહિલાઓના એક્સ ક્રોમોઝોમમાં છેલ્લા અનેક સદીઓમાં કોઇ પણ ઘટાડો જોવા મળ્યો નથી. આ બિલકુમ નોર્મલ છે. જોકે કેટલાક વૈજ્ઞાનિકો કહી રહ્યા છે કે જો પુરુષોના વાય ક્રોમોઝોમ બિલકુલ ખત્મ થઇ જશે તો તેના સ્થાને અન્ય કોઇ ક્રોમોઝોમ વિકસિત થઇ જશે. જોકે, કોઇ અન્ય ક્રોમોઝોમની થિયરીને લઇને હાલમાં વૈજ્ઞાનિકો પુરી રીતે એકમત નથી.

નોંધનીય છે કે સ્તનપાયી શિશુઓમાં લિંગ વાઇ ગુણસૂત્ર પર નર નિર્ધારક જીન દ્વારા નક્કી કરવામાં આવે. હવે વાઇ ગુણસૂત્રની ગુણવત્તા ઘટી રહી છે એટલા માટે એક અંદાજ એ પણ છે કે કોઇ નવો સેક્સ જિન પણ વિકસિત થઇ શકે છે. વાય ક્રોમોઝોમના ખત્મ થવાની આશંકા એટલા માટે વધી રહી છે કે કારણ કે કોઇ પણ મનુષ્યના શરીરમાં વાય ગુણસૂત્ર ધરાવતી કોશિકાઓની સંખ્યા વધારવાની કોઇ રીત સાયન્સમાં શોધી શકાઇ નથી. વાય ગુણસૂત્ર કોશિકાઓની સંખ્યા ગર્ભધારણના સમયે જ વ્યક્તિની આનુંવાંશિક સંરચનાને નિર્ધારિત થઇ જાય છે.

હાલમાં ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં પ્રકાશિત હેરાલ્ડ સન ન્યૂઝપેપરમાં છપાયેલા એક રિપોર્ટની લેખિકા અન કૈમ્બ્રા યુનિવર્સિટીમાં વ્યવહારિક પ્રાકૃતિક વિજ્ઞાનના સંશોધક જેની ગ્રેવ્સની પુરુષોના સંબંધમાં અભ્યાની વિશ્વાસુ છે. તે અગાઉ પણ પુરુષોના સંબંધમાં અનેક મહત્વપૂર્ણ સંશોધનો કરી ચૂક્યા છે. તેમના સોશિયલ આચાર વિચારથી લઇન તેના બાયોલોજિકલ વ્યવહાર અને તેમના અસ્તિત્વ પર કામ કરી રહ્યા છે. આ શોધ સિવાય પણ તેમની અનેક મહત્વપૂર્ણ શોધ પ્રકાશિત થઇ ચૂકી છે. જેમાં તેમના નિષ્કર્ષ પૂરી રીતે સત્ય નથી તો પૂરી રીતો ખોટા પણ સાબિત થયા નથી. પુરુષોના અસ્તિત્વ પણ ચિંતા વ્યક્ત કરનારી આ પ્રથમ અભ્યાસ રિપોર્ટ નથી. આ અગાઉ પણ અનેક એવા રિપોર્ટ આવ્યા છે જેમાં આશંકા વ્યક્ત કરાઇ છે કે પોતાના આક્રમક સ્વભાવ અને કમજોર જેનેટિક આધારના કારણે પુરુષો એક દિવસે દુનિયામાંથી ગુમ થઇ જશે અને પછી ફક્ત મહિલાઓ જ મહિલાઓ હશે.

મહાન મનોવૈજ્ઞાનિક ફ્રાયડ કહેતા હતા કે ઉગ્રતા, આક્રમકતા એક રીતે અસુરક્ષાબોધનું પરિણામ હોય છે. તો શું પુરુષો પણ જે ઉગ્રતા, આક્રમકતા અને ખાસ કરીને મહિલાઓ પ્રત્યે છે તે આ અસુરક્ષાબોધનું પરિણામ છે. ભવિષ્યમાં કદાચ એમ સાંભળવા અથવા વાંચવા મળે કે કન્યા ભ્રૂણ હત્યા પાછળ અવચેતનમાં ક્યાંક ને ક્યાં પુરુષ સમાજને પોતાના અસ્તિત્વના અંતની ચિંતા છે. વાસ્તવમાં અગાઉ પણ અનેક સંશોધનો થઇ ચૂક્યા છે જેમાં કહેવામાં આવ્યુ છે કે સક્રિયતા અને આક્રમકતાનો વારસો ઉઠાવવાના કારણે પુરુષ અસ્તિત્વના મામલામાં સતત નબળો પડી રહ્યો છે. આ વાત વિવિધ પર્યાવરણીય શોધોએ પણ સાબિત કરી છે કે પર્યાવરણે નુકસાનની સૌથી વધુ અસર પુરુષો પર પડી રહી છે. પછી વધુ ગરમી હોય કે વધુ ઠંડી હોય. વાતાવરણના અચાનક કડક વલણથી મહિલાઓ કરતા વધુ પુરુષો માર્યા ગયા છે અથવા


(જુઓ પાનું ૬) ▶▶

**અરાઉન્ડ ધ વર્લ્ડ**

pratiksha.thanki@bombaysamachar.com
પ્રતીક્ષા થાનકી

# ફિગુરેસ - ડાલીના રંગે રંગાયેલું ગામ...









ખ્યાતનામ કલાકાર સાલ્વાડોર ડાલીની મોટાભાગની કૃતિઓ ક્યારેક સપનામાં આવેલા માથા-પગ વિનાના વિષયો, ચીજો અને સ્થળો જેવી લાગે છે. તે કૃતિઓ અને તેને પ્રેરણા આપતાં સ્થળો સાથે જોવા મળે તો તેનાથી વધુ મજાનું શું હોઈ શકે. એમ્પુરિયા બ્રાવામાં બોટ રાઇડ અને બીચની મજા લઈને જ્યારે થોડો સાંસ્કૃતિક અનુભવોવાળો સમય વિતાવવાની વાત આવી ત્યારે લિસ્ટ પર પહેલું ડાલી મ્યુઝિયમ આવ્યું. ડાલી આ જ જીરોના રિજનમાં જન્મ્યો હતો. તેનું મોટાભાગનું જીવન પણ અહીં જ વીતેલું. આમ પણ અહીંનાં દરેક ગામનો તેના સેલિબ્રિટી કલાકાર સાથે કોઈ ને કોઈ સંબંધ જરૂર હતો. ડાલીની ખરી કર્મભૂમિ કહી શકાય તે ગામનું નામ છે ફિગુરેસ. ફિગુરેસ આમ તો નાનકડું કાટાલોનિયન ગામ છે, પણ હાલમાં તેની ઓળખને સંપૂર્ણ રીતે ડાલીની પર્સનાલિટી જાણે ગળી ગઈ છે. ગામમાં પ્રવેશતાની સાથે જ દરેક સાઇન અને દરેક ટૂરિસ્ટ કાર ડાલી મ્યુઝિયમ તરફ જઈ રહી હતી.

વળી ગામમાં ડાલી મ્યુઝિયમની ગલીનો એકવાર ટર્ન લઈ લો પછી તેને ચૂકી શકાય તેની કોઈ શક્યતા નથી. આ ઇમારતની ટોચ પર લાગેલાં એગ્સ જોઈને ડાલીના કામથી જરા પણ પરિચિત માણસ તેનું મહત્ત્વ નક્કી સમજી જાય. ડાલીનાં એબ્સ્ટ્રેક્ટ ચિત્રો અને શિલ્પોમાં અવારનવાર ઇંડું કોઇ ને કોઈ સ્વરૂપમાં દેખાઈ જાય છે. તે મારફતે પ્રતીકાત્મક રીતે ડાલી હંમેશાં રિઝરક્શન કે રિબર્થની વાત કરતો. અને તેણે જાતે ડિઝાઇન કરેલી આ મ્યુઝિયમ અને થિયેટરની ઇમારતની છત મોટાં ભવ્ય એગ્સથી જડેલી છે. ઇમારતની પાછળનું પાર્કિંગ ડાલીએ જાતે ડિઝાઇન કર્યું હોય તેવું નહોતું લાગતું. આ ત્રણ માળની પાર્કિંગની ગ્રે ઇમારત એટલી સાંકડી હતી કે ત્યાં નોર્મલ સાઇઝની ગાડીને પણ અંદર પ્રવેશવામાં કોઈ પણ તરફ ભટકાઈ જવાનો ભય રહે. કલાના વિરોધી શબ્દ જેવા આ પાર્કિંગ લોટથી નીકળીને અમે મ્યુઝિયમમાં પહોંચ્યાં ત્યાં જાણે ક્રિયેટિવ એનર્જીથી આંખો અંજાઈ ગઈ.

ત્યાં સેલ્ફ ગાઇડેડ ઓડિયો ગાઇડ છે જેમાં મ્યુઝિયમના દરેક વિભાગનો વિસ્તારથી સમજાવવામાં આવ્યો છે. ડાલીના કિસ્સામાં આ ગાઇડેડ માહિતી વધુ પડતી કામ લાગી, કારણ કે મોટા ભાગનું તેનું સર્જન એ પ્રકારનાં પ્રતીકો અને ગેબી વિષયોથી ભરેલું છે કે ત્યાં મોટાભાગની કલાકૃતિઓ માથા પરથી જતી રહે. જેમ કે મુખ્ય કોરિડોરની બરાબર વચ્ચે ચોકમાં ઓપન એર વિસ્તારમાં એક ભવ્ય કેડિલેક ગોઠવવામાં આવી હતી. તે ડાલીનું જ સર્જન છે. વીસમી સદીમાં કારનું કંઇક અલગ જ મહત્ત્વ હતું. ડાલીના સર્જનમાં કાર પણ ચિત્ર-વિચિત્ર રીતે દેખાયા કરે છે.

ફિગુરેસમાં સાન્ટ ફેરાન કિલ્લો છે. એક ટોય મ્યુઝિયમ અને એક ટેકનોલોજી મ્યુઝિયમ પણ છે. જોકે ત્યાં કોણ જતું હશે તે પ્રશ્ન જરૂર થાય. જોકે માત્ર ફિગુરેસમાં જ બે-ત્રણ દિવસ રહેવાનાં હોય તેમના માટે ત્યાં કરવા માટે ઘણી પ્રવૃત્તિઓ છે જ. પણ સાંભળવામાં આવ્યું છે કે ત્યાં વધુ દિવસો રહેનારાં પણ દરરોજ એક વાર તો ડાલી મ્યુઝિયમ આવે જ છે, કારણ કે ત્યાં મલ્ટી એન્ટ્રી પાસ અને આખા વર્ષનો પાસ પણ ઉપલબ્ધ છે. જોકે તેનું કારણ ત્યાંનું થિયેટર પણ હોઈ શકે. આ રિજનમાં દુનિયાભરથી કલાકારો આર્ટિસ્ટિક રેસિડન્સી માટે આવ્યા કરે છે. તેમના માટે તો આ મ્યુઝિયમ કોઈ પ્રેરણાની ખાણથી કમ ન હોઈ શકે.

અમે એક પછી એક વિભાગમાં ડાલીનું કલ્પનાજગત, તેના અલગ અલગ જીવનકાળ, વિશ્વ યુદ્ધો દરમ્યાનના સમયગાળાનો તેની કલા પર પ્રભાવ, તેના નાટકીય નિર્ણયો, બધું જાણે આ મ્યુઝિયમમાં જ સમાવી લેવામાં આવ્યું છે. પોતાના જીવનકાળ દરમ્યાન જ તેણે જાતે ડિઝાઇન કરેલું આ મ્યુઝિયમ ઇમારતના સ્વરૂપમાં તેની આત્મકથા જેવું છે. ડાલીએ ખુદ ૧૯૭૪માં તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને છેલ્લે ૧૯૮૯માં પોતાના અંતિમ વર્ષ સુધી તેના પર કામ કર્યું હતું. લોકોએ પાછળથી બનાવેલાં મ્યુઝિયમો તો દુનિયાના દરેક ખૂણે છે, પણ કોઈ કલાકારને તેના ગયા પછી તેનું કામ લોકોએ કઈ રીતે જોવું અને તે આ રીતે લેગસી તરીકે જોશે, તે આ સ્તરે પહેલાં ક્યાંય જોવા નથી મળ્યું. કદાચ ડાલીને પણ એટલી સેલ્ફ અવેરનેસ હશે જ કે તેનું કામ એમનું એમ લોકો જરાય સમજી નહીં શકે. ખાસ તો એટલા માટે પણ કે ત્યાં એક આખો વિભાગ ડાલીએ બીજા ખ્યાતનામ કલાકારો પર કરેલાં વ્યંગ-કટાક્ષનો પણ છે જેમાં પિકાસોની કૃતિઓથી માંડીને દા-વિન્ચીની મોનાલિસા પર બનાવેલાં તેનાં સ્પૂફ ચિત્રો પણ છે.

પોપ કલ્ચરમાં ડાલીનો જબરો પ્રભાવ છે. આજે જ્યાં જુઓ ત્યાં સોશિયલ મીડિયા પર રંગીન,

(જુઓ પાનું ૬) ▶▶

## ટૂંકી વાર્તા

feedback@bombaysamachar.com
અજય સોની



# સંધ્યાના રંગો

વૃંદા ઘરમાંથી બહાર આવી. ભાદરવાનો તડકો શેરીમાં પથરાયેલો હતો. હવાની લહેરખીઓ વૃંદાના વાળ આમતેમ ફંગોળીને એના ચહેરા પર ઉદાસીના ઉઝરડા પાડી રહી હતી. વૃંદાને જોવું ન હતું છતાંય થોડે દૂર કુંડાળું કરીને બેઠેલી સ્ત્રીઓ તરફ જોવાઈ ગયું. એમાંથી અમુક સ્ત્રીઓ એની તરફ જોઈ રહી હતી. વૃંદાને લાગ્યું જાણે અંદરથી તીખારો ઝર્યો. અનાયાસે નજર નીચે ઢળી ગઈ. ચહેરા પર તિરાડો પડવા લાગી. થોડીવાર પહેલાં જાગેલા રોમાંચનો ઊભરો શમવા લાગ્યો. અંદર ધીમી ફર્યા કરતી સારણીએ અચાનક જ ગતિ પકડી લીધી. કશુંક ખૂંચ્યા કરતું હતું, જે વૃંદાને બહાર આવતા રોકતું હતું. જિવાઈ ચૂકેલી નિષ્ફળ ક્ષણોનો ભાર એટલો વધી ગયો હતો કે વર્તમાનનું જાણે કશું મહત્ત્વ જ ન હોય. જ્યારે અતુલે એમ કહ્યું કે, તમે સલવાર, કુર્તામાં સારા લાગો છો, દરરોજ આવું જ પહેરતા હો તો...!

ત્યારે પહેલી વાર એમ લાગ્યું કે છૂટેલી ક્ષણો ફરી આવી રહી છે. આસપાસ કશુંક નવું રચાઈ રહ્યું છે. એ શું હતું એના વિશે વૃંદા જાણતી ન હતી, પરંતુ ત્યાર પછી દરરોજ સવારે કપડાં પહેરતી વખતે વોર્ડરોબમાં પહેલી નજર સલવાર કુર્તા પર જતી. ક્ષણિક હાથ રોકાતો. ક્યારેક મન સાથે ઝઘડીને પણ બીજો ડ્રેસ પસંદ કરતી, પરંતુ નહાઈને આવ્યા પછી વિચાર બદલી જતો. પછી તો અલગ રંગોના પ્રિન્ટેડ, ખત્રીના અને બીજા અલગ અલગ કુર્તા આવી ગયા. ખાલી રંગોના બધા ખાના ભરાઈ ગયાં.

અચાનક જ પવન પડી ગયો એવું લીગ્યું. વૃંદા હવામાં ઊડીને ઝાડ પર બેઠેલી કાબરોને જોઈ રહી. કૂથલી વર્તુળમાંથી ખિખિયાટાં સંભળાતા હતા. એ સાંભળવા વૃંદાના કાન સરવા થયા, પરંતુ બીજી જ ક્ષણે નવો વિચાર આવ્યો. આ લોકોને આટલી બધી વાતો હોય. ખિખિયાટા કાઢી શકે. એકબીજાને તાળીઓ આપી હસી શકે, પરંતુ મને કેમ કાંઈ નહીં?

જાગેલા સવાલોને અવગણવાની શક્તિ વૃંદામાં ન હતી. પ્રશ્નનો જવાબ તો તરત જ મળી ગયો, પરંતુ પાછળ એક ચક્ર શરૂ થઈ ગયું. જેમાં વૃંદા રહેંસાવા લાગી. આટલો સમય થઈ ગયો છતાંય એ ક્ષણો જાણે આંખ સામે જ હોય એમ પજવ્યા કરે છે. બહાર આવવાનો દરેક પ્રયત્ન પાછો ત્યાં જ લઈ આવે છે, જ્યાં પેલા બિહામણાં સંવેદનો ઊભાં છે.

વૃંદાએ ગેટને આગળિયો માર્યો. હિંચકા પર બેઠી. અંદરથી મમ્મીનો ભજન ગાવાનો અવાજ આવી રહ્યો હતો. એના સ્વરમાં ભળેલો ભાવ અલગ જ તરી આવતો હતો. સવારે ઊંઘમાં પણ મમ્મીના એ ભજન જ વૃંદાને ઢંઢોળીને જગાડતા. ક્યારેક વૃંદાને વિચાર આવતો કે પપ્પાના અવસાનને આટલાં વરસ થઈ ગયાં. છતાંય મમ્મીના સ્વભાવમાં કે વર્તમાન કશોય ફેર નથી પડ્યો. મમ્મીને એકલું નહિ લાગતું હોય. રાતના પડખા નહિ ઘસતી હોય. ઓશિકા નહીં ભીંજાતા હોય. મમ્મીને પપ્પાની સ્મૃતિ નહિ પજવતી હોય. મમ્મીનાં ભજનોએ એને સઘળું ભુલાવી દીધું હતું. પપ્પા તો નથી રહ્યા, પરંતુ આર્યન છે. ભલે એના નામનું સિંદૂર મારા માથે ન હોય, પરંતુ આજે આર્યનની જેમ એની સ્મૃતિ પણ મને પજવવામાં પાછળ નથી રહી. કોઈ લાંબી સજા ભોગવી રહી હોઉં એવી પીડા થાય છે.

મંદ ગતિએ ચાલતો હિંચકો વૃંદાએ ઊભો રાખી દીધો. પોતાની જાતથી દૂર નીકળી એક વિચાર આવ્યો કે આર્યન સાથેનો સંબંધ તો ક્યારનોય પૂરો થઈ ગયો છે. એણે બીજા લગ્ન પણ કરી લીધા હશે. બાળકો પણ હશે, પરંતુ પોતે જાણે હજી પણ ત્યાં જ ઊભી છે. જ્યાંથી આર્યન પસાર થઈ ગયો હતો. એના શુષ્ક ચહેરા પર હાથ ફેરવતો ચાલ્યો ગયો. એના બન્ને હાથ હવામાં ફેલાયેલા છે, પરંતુ સામે કશું નથી. દૂર દૂર સુધી નજર કરતાંય આર્યન નથી દેખાતો. આજુબાજુનાં દૃશ્યો બદલાઈ ગયાં છે, પરંતુ કશાકથી છંછેડાયેલી ત્યાં જ બળ્યા કરે છે. રાખ પણ નથી ઊડતી અને ધુમાડો પણ નથી નીકળતો. ભીતરથી બળ્યા કરે છે.

આર્યન સાથેની જિંદગી એટલી સભર હતી કે ક્યારેય એવો વિચાર જ નથી આવ્યો. આજે પણ છૂટા પડ્યાની એ ક્ષણો વિશે વિચારું છું તો લાગે છે કે જાણે બધું બનાવટી છે. આવું થઈ જ ન શકે, પરંતુ એ બની ચૂક્યું છે. આર્યન હવે પોતાની લાઈફમાં ગોઠવાઈ ગયો હશે. એને કોઈ માટે વિચારવાનો સમય નહિ હોય. જ્યારે વૃંદા ત્યાં જ ખૂંપેલી છે. કોઈએ એનું ઉથાપન નથી કર્યું.

લગ્ન બાદ એકાદ વર્ષ તો એવું વીત્યું જાણે આ જ સ્વર્ગ છે. ત્યારે એવો વિચાર પણ ક્યાંથી આવે કે આર્યન જેવો દેખાય છે એવો નથી. એના ચહેરા પાછળ કોઈ દંભી છે, જે ખંધુ હસે છે. કોઈપણ ઝઘડા વિના આર્યને સીધું જ કહી દીધેલું કે એને લીયા પસંદ છે. લગ્ન ફક્ત ઘરવાળાના દબાણના કારણે કર્યા છે ત્યારે વૃંદાની સામે કેટકેટલું આવ્યું હશે. આવનારા દિવસોનો વિચાર જ ડરાવી ગયો હતો. કારણ કે એના ઘરમાં પણ આર્યન વિશે મતભેદ હતો. મમ્મીને પણ ઓછું ગમેલું, પરંતુ વૃંદાની ખુશી માટે કોઈએ વિરોધ કર્યો ન હતો. ભાઈ, ભાભીને પણ લગ્નમાં બહુ ઉત્સાહ ન હતો અને આર્યન જ્યારે એવું કહે કે બીજી જ કોઈ ગમે છે ત્યારે પહેલો વિચાર એ આવેલો કે બીજી જ પસંદ હતી ત્યારે મને શા માટે રમાડી. આટલાં સ્વપ્નો બતાવ્યાં.

આર્યનને પસંદ જ ન હતી તો પછી એને શું કહેવું. જે મારી સાથે ભલે હોય, પરંતુ એનું મન બીજે હોય એવી વ્યક્તિ સાથે રહેવાનો શું મતલબ. ત્યાર પછી એ ઘરમાં રહેવાનું કોઈ કારણ ન હતું. જ્યાં એ ફક્ત નિર્જીવ લાકડા સમાન હતી, જેની કોઈ કિંમત ન હતી. આર્યન એની રીતે રહેતો હતો. વૃંદાએ ઘણું સહન કર્યું, પરંતુ પછી લાગ્યું હવે નહિ જીવાય અને એ ઘર છોડતાં જીવ તો ઘણોય બળ્યો, પરંતુ એને કોઈએ ન રોકી.

મમ્મીના ઘરે જતાં પગ પાછા પડતા હતા. સતત વિચારો પજવતા હતા. એ જાણતી હતી કે એના પાછા જવાથી શું થવાનું છે, પરંતુ બીજો કોઈ રસ્તો ન હતો. મમ્મીને વળગીને ખૂબ રડી ત્યારે જ મમ્મી અને ભાભી સમજી ગયા હતા. બોલવાની જરૂર જ ન હતી. મારી આંસુભીની લાલ આંખો બધું બયાન કરતી હતી. ભાભીને આ ન ગમ્યું અને ભાઈ-ભાભી બીજે રહેવા ચાલ્યા ગયા. મમ્મીએ ઘણા સમજાવ્યા,પરંતુ ન માન્યા. હંમેશાં દીકરાની ચિંતા કરતી મમ્મી ભાઈને જતો જોઈ રડી પડેલી ત્યારે થયેલું કે ભાઈ- ભાભી ને રોકી લે અને પોતે ચાલી જાય. કેમ કે હવે પોતે જીવે કે મરે કોઈ ફરક પડવાનો ન હતો. જિંદગી જાણે ખતમ થઈ ગઈ હોય એવું લાગતું હતું ત્યારે મમ્મી અને પોતાની સ્થિતિ એક જેવી જ લાગતી હતી. પપ્પા ન હતા અને આર્યન હતો, પરંતુ વાસ્તવમાં બધું સરખું હતું.

શરૂઆતમાં માએ ઘણી સમજાવી, પરંતુ કશું અસર ન કરતું. જાણે અંદરથી લોહી ચુસાઈ ગયું હોય એવું લાગતું હતું. એકવાર કંટાળીને બોલી જવાયું હતું.

- મમ્મી, હું અહીં છું એ તને નથી ગમતું? ત્યારે વૃંદાની આંખમાં ભરોભાર પીડા હતી.

- બેટા, એવું કેમ બોલશ. મમ્મીનો અવાજ પણ ગળગળો થઈ ગયેલો.

-મારાથી ભૂલ થઈ ગઈ છે એ હું જાણું છું, પરંતુ મારો ઈરાદો ખોટો ન હતો. વ્યક્તિને ઓળખવામાં થાપ ખાઈ ગઈ એ પણ મારી ભૂલ. આર્યન પર વિશ્વાસ કર્યો ત્યારે લગીરે ખબર ન હતી કે આવું થશે, પરંતુ મારી કિસ્મતમાં આવું અધૂરું વૈધવ્ય લખાયું હશે મમ્મી. હું તને જોઈને રાજી થાઉં છું એક જ નામ કે પપ્પા નથી. જ્યારે આર્યન તો છે અને નથી.

- બેટા, હું તારી મા છું. બધું સમજું છું. સ્ત્રી તરીકે જન્મવું એ કેટલી પીડાદાયક વાત છે એ જાણું છું, પરંતુ આપણે જે સમાજમાં રહીએ છીએ ત્યાં આવા બધા પ્રશ્નો થવાના છે. આપણી ભૂલ જ આપણને સજારૂપે મળે છે. તને જોઈને હું કેટલી દુઃખી થતી હોઈશ એનો તને અંદાજ નથી. નહીંતર તું આવું ન બોલત. મમ્મી રડી પડેલી.

-મમ્મી, તને રડાવાનો મારો ઈરાદો નથી. અકળામણમાં હું વધુ બોલી હોઉં તો મને માફ કરજે.

બન્ને મા-દીકરી રડી પડેલાં. ત્યાર પછી વૃંદાનો સ્વભાવ ઘણો બદલાઈ ગયો. એ ખરા અર્થમાં સ્ત્રી તરીકે જીવવા લાગી. પાડોશીઓ અને સંબંધીઓ હજીયે વૃંદાને અલગ નજરે જોતા, પરંતુ વૃંદાને હવે કશો ફરક પડતો ન હતો અને એ પોતાની રીતે જીવવા લાગી હતી, પરંતુ ક્યારેક થઈ આવતું કે દુનિયામાં આટલા બધા લોકો રહે છે. બધા આનંદથી રહે છે, પરંતુ મને કેમ એકેય સુખ નથી મળ્યાં. આ વિચાર વૃંદાને ક્યાંય દૂર લઈ જતો અને જ્યારે એ પાછી વળતી ત્યારે બીજી જ વૃંદા બની જતી.

માની ના હોવા છતાંય વૃંદાએ પોસ્ટ એફિસમાં

(જુઓ પાનું ૬) ▶▶

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

feedback@bombaysamachar.com
હેમંત વાળા

# તરતા આવાસની મજા





આવાસ એ મૂળભૂત રીતે વાતાવરણનાં વિપરીત પરિબળો સામે રક્ષણ આપતું પ્રાથમિક સ્થાપત્યકીય આવરણ છે. તેમાં ક્રમશઃ વિવિધ જરૂરિયાત ઉમેરાતી ગઈ. સમય જતા તે જે તે વસ્તુના સંગ્રહ માટે તથા રોજિંદી ક્રિયા કરવાની સગવડતા માટે બનાવાતું ગયું. રક્ષણની સાથે ઘરની રચનામાં સવલતો તથા પસંદ-નાપસંદ બાબતોનું પ્રભુત્વ વધતું ગયું. ઘર હવે જરૂરિયાતથી વધીને વ્યક્તિત્વને નિખારવાનું, વ્યકિતત્વને પ્રતિબિંબિત કરવાનું અને એશોઆરામનું સ્થાન બનવા લાગ્યું. તે મુજબ આવાસમાં પણ પ્રકાર આવતા ગયા. કેટલાક વ્યક્તિ સમૂહ માટે રોજિંદુ તથા રજાઓ માટેનું - એમ અલગ અલગ ઘરની રચના કરાતી થઈ. આવા રજા માટેના આવાસનો એક પ્રકાર એટલે તરતું ઘર.

શરૂઆતના તબક્કામાં મજબૂત કરાયેલ પોલિસ્ટાયરિન તથા લાકડાના પાટિયાનો મંચ બનાવી તેના પર આવા મકાન બનાવતા. આ પ્રકારની રચનામાં ક્ષેત્રફળ તથા ભારવાહનની ક્ષમતામાં મર્યાદાને કારણે આ આવાસ નાના બનાવાતા હતા, જેને કારણે ચોક્કસ શ્રેણીના શ્રીમંત વર્ગની કેટલીક ઈચ્છાઓ અધૂરી રહી જતી. હવેના તરતા ઘર પોલિસ્ટાયરિનના એક કરતાં વધારે ઊંધા વાડકા જેવી રચના પર બનાવાય છે. આવા ફ્લોટ પર મંચ બનાવી તેના પર ઓછા વજનની બાંધકામની સામગ્રીમાંથી આવાસની રચના થાય છે. આવા આવાસને જે તે સ્થાને જકડી રાખવા લંગરના સ્તંભ સાથે તેને બાંધી દેવાય છે. ક્યારેક તેને લાંબા મજબૂત અને લચકદાર દોરડાથી નજીકના કિનારા સાથે પણ જકડી દેવાય છે.

આ આવાસ પાણીની સપાટી પર તરતા રહે છે અને પાણીના સ્તરમાં વધઘટ થતાં તે ઉપર નીચે પણ જાય છે થાય છે. આવા ઘર જ્યારે દરિયામાં બનાવાય ત્યારે ભરતી-ઓટ અને દરિયાના પ્રબળનું ખૂબ ધ્યાન રાખવું પડે. જો કે તરતા ઘર સામાન્ય રીતે શાંત પાણીમાં જ બનાવવામાં આવે છે. આ પ્રકારના આવાસમાં આવવા જવા માટે નાના યાંત્રિક હોડકા રખાય છે.

આ પ્રકારની રચનાનું વજન ઓછું રાખવા એલ્યુમિનિયમ, કાચ, પ્લાસ્ટિક તથા આબોહવા સામે ટકી શકે તેવા લાકડાના પાટિયાનો ઉપયોગ થાય છે. તેની દીવાલો વચમાં અવકાશ વાળી - કેવીટી વોલ પ્રકારની હોય છે જેનાથી અંદરનું તાપમાન ઊર્જાના વપરાશ વગર પણ અનુકૂળ સ્તરે જળવાઈ રહે. આ આવાસમાં ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા માટે ટાંકી રખાય છે જે સમયાંતરે મોટરથી પહેલેથી જ ગોઠવવામાં આવેલ પાઇપમાં ખાલી કરાય છે. શુદ્ધ પાણીના સંગ્રહ માટે પણ અહીં ટાંકી જ હોય છે. આ પ્રકારના આવાસમાં સૂર્ય કિરણો તથા સૂર્ય ઊર્જાનો મહત્તમ ઉપયોગ થાય તેવી રચના કરાય છે.

તરતા આવાસની કિંમત તેનું ક્ષેત્રફળ, તેમાં સમાવાયેલ સવલતો, એક કે બે માળમાં વિભાજિત થતી તેની ઊંચાઈ, જે તે સ્થાનમાં પાણીના પ્રવાહનો વેગ, તે સ્થાનની નીચેની જમીનની ઊંડાઈ, સ્થાનિક પવનની દિશા અને તીવ્રતા, સલામતી અને સાવચેતી માટે પ્રયોજાયેલાં ઉપકરણો જેવી બાબતો પર અવલંબે છે.

પાણીની સપાટી પર આવેલા આવા ઘરમાં ગરમી ઠંડીની માત્રા આપમેળે જ અમુક અંશે નિયમિત રહે વળી અહીં પવનના સ્થાનિક પ્રવાહો પણ સર્જાતા હોવાથી તેનો પણ લાભ મળે. આવા આવાસમાં સૂર્યપ્રકાશના ઉપયોગની સંભાવના પણ વધુ હોય છે. તો સામે આ પ્રકારના આવાસમાં વ્યક્તિગતતાને વધુ મહત્ત્વ મળે અને સામાજિક માળખું ક્યાંક ક્ષતિગ્રસ્ત થતું લાગે. સહવાસની ભાવના પણ અહીં ઓછી થતી જણાય. આના ઉકેલ સ્વરૂપે આ પ્રકારના આવાસ સમૂહમાં બનાવવાનો અભિગમ વધતો જાય છે. આ આવાસ કેટલીક વ્યક્તિઓ માટે મનને પ્રફુલ્લિત રાખવાની સારી તક પૂરી પાડે તો કેટલાક માટે તે જાણે વાતાવરણ માનસિક તથા શારીરિક બીમારીનું કારણ પણ બની રહે. જો આ દરિયાના પાણીમાં બનાવાયું હોય તો વાતાવરણમાં રહેલી ખારાશ જુદા જ પ્રકારના પ્રશ્નો સર્જી શકે.

આજુબાજુની પરિસ્થિતિ સાથે દ્રશ્ય સંપર્ક જળવાઈ રહે તે માટે આ રચનામાં કાચની દીવાલ પ્રમાણમાં વધુ પ્રયોજાય છે. કેટલાક સંજોગોમાં તો ફર્શ પણ કાચની બનાવાય છે. આ આવાસ મોટે ભાગે પાણી પર તરતા હોય છે પણ જળ સૃષ્ટિ વધારે વ્યવસ્થિત રીતે માણી શકાય તે માટે ક્યારેક કેટલાંક કાચની

(જુઓ પાનું ૬) ▶▶

## ઝાકળની પ્યાલી

feedback@bombaysamachar.com
ડૉ. એસ. એસ. રાહી

# નહીં હોતા કભી ઝાહિર ગમોં કા રાઝ દુનિયા પર, હમારી આંખ કે આંસુ અગર હમને પિયે હોતે

*ઝૂઠ કે હોતે ગયે સાયે ઘને,*
*કદ મગર સચ કા યહાં ગલતા રહા.*
*બેચા ન ગયા હમ સે હસરત કે ખિલૌનોં કો,*
*હમ યાર કભી ફન કો બાઝાર નહીં કરતે*
*ઉંગલી ઉઠા રહા હૈ વો મેરી ઝુબાન પર,*
*જિસ કા ઝહર મેં ડૂબા હુવા બયાન હૈ*
*મુસ્કુરાના ચાહિયે હર હાલ મેં કહતે હૈં વો,*
*જશ્ન અપની મૌત પર કૈસે મનાયા જાયેગા?*

**અલીલ મેરઠી**

આશા-નિરાશા, છાયા-તડકા, મધુરતા-કટુતા, સુખ-દુઃખ, સમસ્યા-સમાધાન તેમ જ રાજીપા-અજંપાનું સરળ ભાષામાં છતાં વેધકતા સાથે નિરૂપણ કરનાર શ્રી નરેન્દ્રકુમાર અમરનાથ શર્મા 'અલીલ-મેરઠી'ના તખલ્લુસથી જાણીતા થયા છે. ઉત્તર પ્રદેશના મેરઠમાં ૯ જૂન ૧૯૫૫ના રોજ તેમનો જન્મ થયો હતો. એમ.એ.ની ડિગ્રી મેળવ્યા પછી આ શાયરે મેરઠથી ભરૂચમાં સ્થળાંતર કર્યું હતું. ૧૫ નવેમ્બર ૨૦૦૮ના રોજ ભરૂચમાં આ શાયરનું અવસાન થયું હતું.

ભરૂચ અને સુરતના શાયરો સાથે તેઓ નજીકનો સંબંધ અને સંપર્ક ધરાવતા હતા. તેમણે અનેક મુશાયરામાં ભાગ લીધો હતો. તેમનો પ્રથમ ગઝલસંગ્રહ 'જિંદગી સે તો શીખ' ઇ. સ. ૧૯૯૯માં અને બીજો ગઝલસંગ્રહ 'અંધેરો કે સફર' ઇ. સ. ૨૦૦૦માં પ્રગટ થયેલો.

આ શાયરે જિંદગીને ખૂબ જ નજીકથી અને પ્રેમપૂર્વક જોઇ હતી, જાણી હતી તેમ અનુભવી હતી. તેમની ગઝલોમાં કયાંય બનાવટ કે આયાસ નથી, પણ સાહજિકતા તથા સ્વાભાવિકતા છે. આ કારણને લીધે તેમના ઘણા શેર શાયરોમાં ભાવિકોનાં દિલોને તસલ્લી આપવાનું કામ કરે છે. આ શાયરે ઉજાસને પ્રેમ કર્યો હતો. તો અંધકારને તેમણે ક્યારેય તિરસ્કાર કર્યો નહોતો. આ વાત તેમના ઘણા શે'રમાં ઝબકી-ઝબકી ઉડતી જણાય છે.

આ સદ્‌ગત શાયરના કેટલાક મજાના શે'રનું હવે આચમન કરીએ.

* તેરી ઝુલ્ફોં કે પેચોખમ સે જયાદા,
હમારી જિંદગી ઉલઝી રહી હૈ

તારી ઝુલ્ફોની આંટીઘૂંટી કરતાં તો અમારી જિંદગી (વિશેષ) ગૂંચવાઇ રહી છે. (તેનો કોઇ ઉકેલ ખરો?)

* મોહબ્બત કી નિશાની હૂં, મુઝે સબ 'તાજ' કહેતે હૈં,
મૈં ચાહૂંગા મેરા જઝબા હર ઇક દિલ મેં ઊતર જાયે.

હું તો પ્રેમની નિશાની છું અને મને બધા 'તાજ' કહે છે. હું ઇચ્છું છું કે મારું આકર્ષણ દરેકના હૃદયમાં (ઊંડે સુધી) ઉતરી જાય..

* ફરહાદ હો કિ કૈસ યા મહિવાલ-રાંઝના,
યે ઇશ્ક તો સદા રહા સૌદાઇ કા સફર

ફરાહદ હોય, મજનૂ (કૈસ) હોય કે પછી મહિવાલ-રાંઝના હોય. વિશ્વના આ બધા પ્રેમીઓ માટે પ્રેમ-પ્યાર તો હંમેશાં માટે પાગલ-વિક્ષિપ્ત રહ્યો છે.

* ઇક નયા હૈ, ઇક પુરાના, ઝખ્મ દો હૈં જિસ્મ પર,
તુમ પુરાના જખ્મ સહ લો, હમ નયા લે જાયેંગે.

મારા શરીરમાં બે જખમ છે. તેમાં એક નવો છે અને એક જૂનો પુરાણો છે. તમે જૂના જખમને સહન કરી લો. જ્યારે અમે તો નવા જખમન સાથે લઇ જઇશું.

* રાગિની છેડ મત મોહબ્બત કી,
ગમઝદા હૂં, સિતાર ચુભતી હૈ.

તું પ્રેમની રાગિણીને છેડ નહીં, હું દુઃખી છું અને મને પેલી સિતાર ભોંકાઇ રહી છે.

* દિલ કે હર અખબાર કી તાઝા ખબર,
પઢ લિયા કરતી હૈ ચેહરોં સે નઝર

આ નજર પાસે એવી ખૂબી છે કે તે હૃદયના દરેક અખબારની તાજી ખબર વાંચી શકે છે.

* ગમ કી ભી તુઝ કો જરૂરત એક દિન પડ જાયેગી,
જી ન પાઓગે અકેલે તુમ ખુશી કે સાથ મેં

તમે આનંદ સાથે એકલા-અટૂલા જીવી નહીં શકો. કોઇ એક દિવસ તને વેદનાની પણ જરૂર પડશે.

* અચ્છે-બુરે મેં હો યહાં પહચાન કિસ તરહ?
રહઝન ભી તો નકાબ મેં રહબર નઝર આયે

કોણ સારું અને કોણ ખરાબ છે તેની ઓળખ કેવી રીત કરવી? લૂંટારાએ બુકાની બાંધી હતી. તેથી અમે તો તેમને માર્ગદર્શક સમજયા હતા.

* આબાદ હોને ચલ દિયા મહલોં મેં તૂ મગર,
અપને પુરાને ઘર કે તો ખંડર સમેટ લે.

તું સુખાકારી માટે ભલે મહેલમાં જઇને વસી ગયો, પરંતુ તારા જૂના ઘરના ખંડેરને તારે સમેટી લેવાની જરૂર છે.

* જિંદગી કે રાસ્તે કિતને કઠિન,
પાંવ કે છાલોં ને કહ દી દાસ્તાં.

જીવનનો માર્ગ કેવો દુર્ગમ છે તેની અમને ખબર નહોતી, પરંતુ પગમાં પડેલા છાલાએ આ હકીકત અમને જણાવી દીધી.

* બેચ ડાલી કૌડિયોં કે મોલ કયોં તૂને?
અહમિયત ઇસ જિંદગી કી, કયોં નહીં સમજા?

તે આ જીવનને કોડીઓના ભાવમાં કેમ વેંચી નાખ્યું? તને જિંદગીની મહત્તા શા માટે સમજાઇ નહીં.

* અંધેરોં કે સફર મેં ગર ઉજાલા સાથ હો જાયે,
હમારે વાસ્તે રોશન હર ઇક દિન-રાત હો જાવે.

અંધકારની યાત્રામાં જો અજવાળાનો સાથ-સંગાથ મળે તો અમારા માટે (જીવનનો) દરેક દિવસ અને રાત્રિ પ્રકાશિત થઇ જાય.

* અગર કુછ સાલ રહતી તો નિભા લેતા અંધેરોં સે,
હંમેશાં કે લિયે શબ કયો? મેરે ઘર મેં ઠહર જાયે.

આ અંધારું જો કેટલાંક વર્ષ સુધી રહેતું હોત તો હું તેને સહન કરી લેત, પરંતુ આ રાત્રિએ હંમેશ માટે મારા ઘરમાં કેમ ઉતારો કર્યો છે?

* ઇન અંધેરોં સે હી ફૂટેગી કિરણ, શબ છુપા સકત નહીં તન્વીર કો.

આ અંધકારમાંથી જ કોઇ કિરણ ફૂટી નીકળશે. આ રાત્રિ કોઇ જયોતિને છુપાવી શકશે નહીં.

* જલ ગયા સારા શહર તોય સમઝ મેં આ ગયા,
એક ચિનગારી બહુત હૈ ઘર જલાને કે લિયે

આખું નગર બળીને જયારે ખાક થઇ ગયું તો અમે સમજી ગયા કે ઘરને બાળવા માટે માત્ર એક તણખો ઘણું કામ કરી શકે છે.

* રાખ છૂને સે હાથ જલતા હૈ, કોઇ શોલા યહાં દબા હોગા. રાખને સ્પર્શ કરવાથી મારો હાથ દાઝી જાય છે. આ જગ્યામાં કોઇ ચિનગારી દબાયેલી પડી હશે તે વાત નક્કી છે. * એક ભી આસાર ખુશિયોં કા મુઝે દિખતા નહીં, આંસુઓં મેં ડૂબને કે અબ સભી ઇમ્કાન હૈં.

આનંદ માટેનું કોઇ ચિત્ર મને નજરે પડતું નથી. જયારે આંસુઓમાં ડૂબવા માટે તો અહીં બધી જ વ્યવસ્થા છે.

* બુલંદી સે ગિરેગા તો નિશાં તક બચ ન પાયેંગે, કિસી ને આસમાનોં પર કયો અપના ઘર બનાયા હૈ.

કોઇએ આકાશમાં તેનું પોતાનું ઘર શા માટે બાંધ્યું હશે? જો તે આટલી ઊંચાઇ પરથી તે નીચે પટકાશે તો પછી તેનું કોઇ નામ-નિશાન બાકી નહીં રહે.

* હો ગયા કિતના શહર મેં આજકલ બદનામ તૂ, રાઝે-દિલ ન કહને વાલે કયોં ઝુબાં તક લે ગયા?

હૃદયમાં જે રહસ્યો ધરબાયેલાં હતાં તેને તેં શા માટે વ્યક્ત કરી દીધા? આ બાબતને લઇને આજકાલ તું આ નગરમાં કેટલો બદનામ થઇ રહ્યો છે તેની તને ખબર છે?

* ઉસ કે ચેહરે સે નજર હટતી ન થી, વો બશર થા? આ ખુદા થા? કૌન થા?

તેના ચહેરા પરથી મારી નજર દૂર થતી જ નહોતી તે કોણ હતું! તે મનુષ્ય હતો કે પછી ખુદા હતો?

* છોડના ઘર કો ગવારા કર લિયા, કૈદ સે હમને રિહાઇ માંગ લી.

અમે ઘરનો ત્યાગ કરવાનો નિર્ણય સ્વીકારી લીધો છે. અમોએ જેલમાંથી મુક્તિ માગી લીધી છે.

* સુલગતી આગ મેં જિસને બદન અપના તપાયા હૈ,
ઘડા વો ગાર-મિટ્ટી કા કભી કચ્ચા નહીં હોતા.

જેણે સળગતી આગની ભઠ્ઠીમાં પોતાનો દેહ તપાવ્યો છે. તે ગાર-માટીમાંથી બનેલો ઘડો કયારેય કાચો હોતો નથી.


(શ્રમજીવી માણસના શરીરનું પણ આવું

(જુઓ પાનું ૬) ▶▶

## ભાત ભાત કે લોગ

feedback@bombaysamachar.com
જ્વલંત નાયક

# માણસને નસીબ હોય, પણ શું એનાં અંગોને ય નસીબ હોય?!





કાળા માથાના માનવીને ભૂતકાળમાં જીવવું ગમે છે. કદાચ એટલે જ વિશ્વની તમામ પ્રજા પોતાની સાંસ્કૃતિક

ધરોહરોને બરાબર જાળવી રાખવાની કોશિશો કરતી રહે છે. આ ધરોહરોમાં ઈમારતો, પુસ્તકો વગેરે સહિત મહાનુભાવોએ અંગત ઉપયોગમાં લીધેલી ચીજવસ્તુઓનો પણ સંગ્રહ થતો હોય છે. આવી વસ્તુમાં કોઈક મહાન સેનાપતિએ વાપરેલી તલવારથી માંડીને ગાંધીજીના ચશ્મા સુધીની ચીજોનો સમાવેશ થઇ શકે છે. અહીં સુધી બધું બરાબર છે. પણ ધરોહર-વારસાને જાળવી રાખવાની આદત ત્યારે 'ઘેલછા' કે 'પાગલપણું' ગણાવા માંડે, જ્યારે લોકો મહાનુભાવોની ચીજ-વસ્તુઓને બદલે એમના અંગ-ઉપાંગોને પોતાની પાસે રાખી મૂકે! વાંચતા જ સૂગ ચડે એવી આ વાત છે, પણ વિશ્વના અનેક મહાનુભાવોના વિવિધ અંગોને જુદા જુદા લોકો-સંસ્થાઓ દ્વારા જાળવવામાં આવ્યા છે. એટલું જ નહીં, પણ કેટલાકને તો રીતસર પ્રદર્શન માટે ગોઠવવામાં આવ્યા છે!

સૌથી જાણીતો કિસ્સો એટલે મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું મગજ. ૧૬૦ થી ૧૯૦ જેટલો ઊંચો

આઈક્યુ ધરાવનાર આઈન્સ્ટાઈનનું વજન સામાન્ય વ્યક્તિની સરખામણીએ વધુ કાર્યક્ષમ હોવાનું જ. આવા બ્રિલિયન્ટ બ્રેનમાં તજજ્ઞોને રસ પડે એ સહજ છે. આઈન્સ્ટાઈનના મૃત્યુ પછી ગણતરીના કલાકોમાં થોમસ હાર્વે નામના પેથોલોજીસ્ટે મહાન વિજ્ઞાનીનું મગજ સર્જરી દ્વારા કાઢી લીધું. એના જુદા જુદા હિસ્સા વિવિધ ન્યૂરો સર્જન્સને અભ્યાસના હેતુસર ફાળવવામાં આવ્યા, પરંતુ મગજનો મુખ્ય હિસ્સો તો હાર્વે પાસે જ રહ્યો. આલ્બર્ટ આઈન્સ્ટાઈનના મસ્તિષ્કે કેટલો પ્રવાસ કર્યો, એ વિશેનું ડોક્યુમેન્ટેશન કેટલાંક પુસ્તકો અને ડોક્યુમેન્ટરીઝમાં જોવા મળે છે.

માત્ર મગજ જ નહિ, આઈન્સ્ટાઈનની આંખોમાં પણ લોકોને રસ હતો! થોમસ હાર્વેએ મગજ કાઢતી વખતે વૈજ્ઞાનિકની આંખો પણ કાઢી લીધેલી! કોઈક મૃત વ્યક્તિની આંખો જાળવી રાખવા પાછળ શું લોજીક હોઈ શકે? કદાચ

હાર્વેને પોતાને ય એ વિષે કોઈ સ્પષ્ટતા નહિ હોય એટલે એણે આંખો એક બીજા ડોકટરને આપી દીધી. આ મૃત આંખો આજ દિન સુધી ન્યૂયોર્ક ખાતે એક સેફ ડિપોઝીટ બોક્સમાં સચવાયેલી હોવાનું કહે છે. જ્યારે આ આંખ સંગ્રાહક ડોકટરને મૃત આંખોના સંગ્રહ માટેનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે એ સાહેબે તર્ક આપતા કહ્યું, આઈન્સ્ટાઈન સરની આંખો મારી સાથે છે એના કારણે મને એવી અનુભૂતિ થાય છે કે જાણે ખુદ આઈન્સ્ટાઈન મારી સાથે છે! અલ્યા પણ... કુછ ભી?!!

યુરોપિયન સંસ્કૃતિમાં મિડલ ફિંગર' એક અશિષ્ટ બાબત સાથે સંકળાયેલ ચેષ્ટા છે, પણ ગેલીલિયોની મિડલ ફિંગર બીજા જ કારણોસર જાણીતી છે. ગેલીલિયો વિના આધુનિક ખગોળશાસ્ત્ર અધૂરું ગણાય. પૃથ્વી ગોળ છે અને સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે, એ સત્ય આજે સ્કુલમાં ભણતું બચ્ચું પણ જાણે છે. પણ ગેલીલિયોએ પ્રથમ વખત આ સત્ય રજૂ કર્યું ત્યારે ચર્ચે એ સ્વીકારવાનો ઇનકાર કરી દીધેલો. એટલું જ નહિ, પણ આવી વાત કહેવા બદલ ગેલીલિયોને નજરકેદ રખાયા. મૃત્યુ બાદ મહાન ખગોળશાસ્ત્રીને એક સાધારણ કબરમાં દફનાવી દેવામાં આવ્યો.કાળક્રમે ગેલીલિયોની શોધ સાચી ઠરી પછી તો અનેક લોકો એના ચાહકો પણ બન્યા. ગેલીલિયોની કબરને એક મ્યુઝિયમમાં ખસેડવામાં આવી. આ દરમિયાન ગેલીલિયોના એક ચાહકે 'યાદગીરી' તરીકે ખગોળશાસ્ત્રીના જમણા હાથની વચલી આંગળી કાપીને પોતાની પાસે રાખી લીધી! હાલમાં આ આંગળી ફ્લોરેન્સમાં આવેલા ગેલીલિયોના નામથી જ ઓળખાતા મ્યુઝિયમમાં રાખવામાં આવી છે.

અંગોના આ લિસ્ટમાં માત્ર વૈજ્ઞાનિકો જ સામેલ હોય એવું નથી. રાજકારણીઓ અને ધર્મગુરુઓ પણ એમાં છે. વિશ્વના સૌથી ઇજ્જતદાર રાજકારણીઓમાં જેની ગણના થાય છે, એવા

ભૂતપૂર્વ અમેરિકી પ્રમુખ અબ્રાહમ લિંકનની હત્યા કરવામાં આવેલી. લિંકન એક થિયેટરમાં શો જોવા ગયા, જ્યાં હત્યારાએ ગોળી મારીને લિંકનની ખોપરી વીંધી નાખી. લિંકન તો ગુજરી ગયા, પણ એમની અંત્યેષ્ઠી પહેલા પેલી બુલેટ તો ખોપરીમાંથી બહાર કાઢવી પડે ને! આ માટેના ઓપરેશન દરમિયાન બુલેટ બહાર કાઢવાના ચક્કરમાં તૂટેલી ખોપરીની કેટલીક કરચો પણ બુલેટ સાથે બહાર આવી ગઈ.

અંત્યેષ્ઠી માટે લિંકનનું શરીર ઓથોરિટીઝને સોંપવામાં આવ્યું, ત્યારે ખોપરીની આ કરચો નહોતી સોંપાઈ. પાછળથી લિંકનનો જીવ લેનારી પેલી બુલેટની સાથે અમેરિકાના સૌથી લોકપ્રિય - સૌથી મહાન પ્રમુખની ખોપરીની કરચો પણ મ્યુઝિયમમાં રાખવામાં આવી છે.

ફ્રાન્સના રાજા હેન્રી ચોથાની વાત જરા જુદી છે. બર્બોન વંશના સ્થાપક તરીકે જાણીતા હેન્રી ચોથાની ગણના એક સારા રાજવી તરીકે થાય છે. પણ ફ્રેંચ ક્રાંતિ દરમિયાન બનેલી હિંસક ઘટનાઓએ ઘણીવાર સારાસારનો વિવેક વિસારે પાડી દીધેલો. હેન્રી ચોથાને મૃત્યુ બાદ દફન કરાયો, એની બે સદી પશ્ચાત ફ્રેંચ ક્રાંતિ થઇ. અને કેટલાક ક્રાંતિકારીઓએ કારણ વગર હેન્રી ચોથાની કબર ખોદી કાઢી! એટલું જ નહિ, પણ એના મૃત શરીરથી માથું અલગ કરી દેવામાં આવ્યું! બસો વર્ષ પહેલા મરી ગયેલા આ માણસનો વાંક કદાચ એટલો જ હતો કે એ રાજવંશી હતો, પણ આ રીતે એની લાશનું માથું કાપનારને કઈ જાતનો સંતોષ મળ્યો હશે, એ તો રામ જાણે!


એ હિચકારી ઘટના પછી હેન્રીનું માથું (હકીકતે ખોપરી) જુદા જુદા 'કલેક્ટર્સ' (સંગ્રાહકો) પાસે ફરતું રહ્યું. ઠેઠ ૨૦૧૦માં આ ખોપરી વૈજ્ઞાનિકો પાસે પહોંચી, ત્યાં સુધીમાં તો એની ઓળખ ભૂંસાઈ ગયેલી. કેટલાક સાંયોગિક પુરાવાઓને આધારે સંશોધકોએ તપાસ કરી તો જાણવા મળ્યું કે ખોપરી સાથેનું ડેથ માસ્ક હેન્રી ચોથાનું તસ્વીર સાથે મેળ ખાતુ હતું. આખરે ઓળખ પાકી થયા બાદ ફરી એક વાર હેન્રીની કબર ખોદવામાં આવી, અને માથાને યોગ્ય સ્થાને ગોઠવીને બાકીના શરીર સાથે વધુ એક વાર દફન કરવામાં આવ્યું.

ભારતમાં પણ ધર્મગુરુઓના અવશેષો જાળવી રાખવાની ઘટનાઓ બની છે. ગોવા ખાતે ખ્રિસ્તી ધર્મના પ્રચારક ફ્રાન્સિસ ઝેવિયરનું પાર્થિવ શરીર હજી સાચવી રાખવામાં આવ્યું છે. કાશ્મીરમાં હઝરતબલ દરગાહ ખાતે ઇસ્લામના નબી મોહમ્મદ પયગમ્બરની દાઢીનો એક વાળ સાચવી રખાયો હોવાનું કહે છે. ભારતમાં ઉદય પામીને બૌદ્ધ ધર્મ અનેક દેશોમાં ફેલાયો. ગૌતમ બુદ્ધના મૃત્યુ પછી એમના પાર્થિવ શરીરને અગ્નિસંસ્કાર અપાયા, એમાં શરીર તો રાખ થઇ ગયું પણ એક દાંત બચી ગયો. ભાવકોએ આજદિન સુધી આ દાંતને શ્રીલંકાના કેન્ડી ખાતે સોનાના કવરમાં જાળવી રાખ્યો છે.

...અને સમ્રાટ નેપોલિયન તથા રશિયાનો રાસ્પુટિન! આ બંનેએ પોતાના જીવનકાળ દરમિયાન મોટી સંખ્યામાં ચાહકો અને એટલી જ મોટી સંખ્યામાં દુશ્મનો પેદા કરી નાખ્યા હતા. આખા યુરોપને જીતવાની ખેવના રાખનાર નેપોલિયન જીવનનાં અંતિમ વર્ષો દરમિયાન નજરકેદમાં રહ્યો. નેપોલિયનને અનેક શારીરિક સમસ્યાઓ હતી એટલે મર્યા બાદ એના મૃત્યુનું કારણ શું, એ જાણવા ઓટોપ્સી કરવામાં આવી. હૃદય અને પેટના અવયવો તપાસાર્થે શરીરની બહાર કાઢયા, પણ સૌથી ઘૃણાસ્પદ બાબત એ હતી કે ઓટોપ્સીને બહાને મૃત નેપોલિયનની જનનેન્દ્રિય પણ વાઢી લેવામાં આવી, જે ક્યારેય અંતિમ સંસ્કાર નહિ પામી! એટલું જ નહિ, વખતોવખત એનું વરવું પ્રદર્શન કરવામાં આવતું .નેપોલિયનની હાઈટ પ્રમાણમાં ઓછી હતી. કહેવાય છે કે નેપોલિયનના શિશ્નને Napoleon's Napoleon જેવું અપમાનજનક નામ આપવામાં આવેલું.

જો કે આ બધી વાતને કોઈ અધિકૃત પુષ્ટિ મળી નથી, પણ અનેક લોકો પાસે નેપોલિયનનો અવશેષ ફરતો રહ્યો, અંતે ૧૯૭૭માં યુરોલોજીસ્ટ, સંશોધક અને કલાત્મક વસ્તુઓના સંગ્રાહક એવા જહોન લેટિમરે નેપોલિયનનો એ અવશેષ ખરીદી

(જુઓ પાનું ૬) ▶▶



## વ્યંગ

feedback@bombaysamachar.com
ભરત વૈષ્ણવ

# સિનિયર સિંહા સક્રિય ને જુનિયર સિંહા રિટાયર!

તમે સરકારી નોકરી કરતા હો કે ખાનગી, એક ચોક્કસ ઉંમરે કે તારીખે ફરજિયાત નિવૃત થવું પડે.. લશ્કરમાં પંદર કે વીસ વરસ સેવા આપ્યા પછી સ્વૈચ્છિક નિવૃતિ મળી શકે છે.

દરેક વ્યકિત નોકરી કે વ્યવસાય કરીને પોતાના પરિવારનો જીવન નિર્વાહ કરે છે. સંગઠિત ક્ષેત્ર કે બિનસંગઠિત ક્ષેત્રમાં વ્યકિત અમુકતમુક વરસો કામ કરી નિવૃત થાય છે. નિવૃતિ પછી બાકીની જીંદગી સરળ અને સારી રીતે પસાર થાય એટલે ફ્યુચર રિટાયરમેન્ટ પ્લાન કરે છે. એલઆઇસી કે મ્યુચલ ફંડ,નેશનલ પેન્શન સ્કિમમાં રોકાણ કરે છે.

આપણે સક્રિય સેવામાં હોઈએ અને કામગીરીના પહાડ નીચે દબાયેલા હોઈએ ત્યારે મનોમન વિચારીએ કે નિવૃત થયા પછી જવાબદારીની કાંચળી ઉતારીએ એટલે જલસા જ કરવા છે.હરવું છે, ફરવું છે, સગાસ્નેહીને મળવું છે, વાંચવું છે, સંગીત સાંભળવું છે, સાંબેલું વગાડવું છે, વૈશાખીનંદનની જેમ ગાવું છે, પત્નીની આંખોમાં આંખ પરોવી ગુમાવેલી વસંત પરત લાવવી છે! જો કે, નિવૃત થયા પછી ઘણા લોકોને આંખે અંધારા આવી જાય છે. જિંદગી ખુશનુમા થવાનો બદલે ચિંતાની ચગડોળ બની જાય છે. નિવૃત માણસ ચક્કર ચક્કર ઘૂમવા માંડે છે. સઇ એટલે કે દરજી જીવે ત્યાં લગી સીવે એવી કહેવત છે. અરે, ભાઇ સીવે નહીં તો કેવી રીતે જીવે ? માત્ર સઇ જ નહી પણ કંદોઈ જીવે ત્યાં લગી ઝારો ચલાવે છે. માળી કાતર ચલાવે છે. માળી, રિક્ષાચાલક, ડ્રાઇવર , કૂલી, કુંભાર, સુથાર,મજૂર વગેરે માટે નિવૃતિ કેવીને વાત કેવી? હાથપગ ચાલે ત્યાં સુધી મજુરો ,કારીગરો, રીક્ષાચાલક, લારીચાલક, ખુમચાધારકો, ફેરિયાને બ્રેડબટર કે બ્રેડ મળે છે. હાથપગ ન ચાલે ત્યારે આર્થિક ભવિષ્ય ધૂંધળું કે અંધકારમય થઇ જાય છે.



કેટલાક વ્યવસાયમાં નિવૃત થયા પછી એ કામ નિવૃતિ બાદ કરી શકાય છે. મેડીકલ પ્રેક્ટિશનર સરકારી દવાખાના, હોસ્પિટલ કે કોલેજમાં સેવા આપતો હોય તો નિવૃત થયા પછી પ્રાઇવેટ પ્રેકટિસ કરી શકે છે કેટલાક જજ નિવૃત થયા પછી ઉપલી કોર્ટમાં વકીલાત કરી શકે છે અગર પંચ, ટ્રિબ્યુનલમાં પુનઃ સ્થાપિત થઇ શકે છે. આપણે ત્યાં વકીલો નિવૃત થતા નથી! રામ જેઠમલાણી નેવું વરસે પણ પ્રેકટિસ કરતા હતા. કથાકાર કે મહારાજોને પણ નિવૃત થવાનું રહેતું નથી!ક્રિકેટરો ટેસ્ટ વનડે કે ટવેન્ટી ટ્વેન્ટીમાથી નિવૃતિ લીધા પછી આઇપીએલમાં રમે છે અને કરોડોની કમાણી કરે છે. ક્રિકેટ રમવાનું બંધ કરે તો કોચિંગમાથી તોતિંગ કમાણી કરે, કોમેન્ટરી કરે અને કમાય, જાહેરાત કરે અને કમાય છે....ગાંગુલી જેવા તો કેટલાક બીસીસીઆઇના ચેરમેન બની જાય છે. જો કે, જીંદગીભર બેટ ન પકડનારા બીસીસીઆઇના સેક્રેટરી બની જાય છે!

રાજકારણ એ એવું ક્ષેત્ર છે. જયાં નિવૃતિવય તય કરવામાં આવેલી નથી. એક પગ કબરમાં એ રૂઢિપ્રયોગ રાજકારણમાંથી આવેલો છે. ગ્રામપંચાયતનો સભ્ય , સરપંચ, તાલુકા ડેલીગેટ, જિલ્લા ડેલીગેટ, વિધાયક, સાંસદ, સંસદીય સચિવ,નાયબ મંત્રી,રાજ્ય કક્ષા મંત્રી, કેબિનેટ મંત્રી, મુખ્યમંત્રી,પ્રધાનમંત્રી, સ્પીકર વગેરે બન્યા છતાં જીવાત્માને સંતોષ થતો નથી. ભગવાન રાજકારણીના ખોળિયામાં સંતોષેન્દ્રિય મૂકવાનું ભૂલી ગયો છે! રાજકારણી વ્હીલચેરમાં પણ વિધાનસભા કે સંસદ જશે. પરંતુ, રિટાયર્ડ નહીં થાય! નેતા ટાયર થશે .પરંતુ, રિટાયર થશે નહી. આમ, બા રિટાયર થશે. પરંતુ, રાજકારણમાં બા કે બાપા રિટાયર નહીં થાય! છેવટે રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ થશે! કેટલાક તો પ્રધાન થયા પછી સરપંચ થશે.

રાજકારણમાં અંતરાત્માના અવાજ મુજબ જીસકે તડમેં લડું ઇસકે તડમેં હમ' લાભ માટે લાલા લોટાલોટ કરે છે. માનો કે પામેરિયન આપણા પગમાં લોટપોટ થતું ન હોય! રાજકારણમાં નેતાને ધક્કો મારી માર્ગદર્શક મંડળમાં ખદેડવામાં આવે છે છતાં બુઢા જુવાનો નિવૃત થવાનું નામ લેતા નથી! આપણે ત્યાં મોરારજી દેસાઈએ સરકાર પડી ગયા બાદ રાજકારણને રામ રામ કરી દીધા હતા. ઓગણીસસો ઓગણ્યા એંશીમાં સરકાર ગયા પછી મૃત્યુ પર્યન્ત રાજકારણને અલવિદા કરેલ. માધવસિંહ સોલંકીએ વિદેશમંત્રીના કાર્યકારી દરમિયાન સ્વિડિશ વિદેશમંત્રીને આપેલ પત્રના વિવાદના કારણે મંત્રી પદેથી રાજીનામું આપેલુ.. પછી મરણપર્યન્ત રાજકારણ સામે જોયું ન હતું!

કેટલાક રાજકારણી રિટાયરમેન્ટની ઉંમર વીતી ગયા પછી પ્રધાનમંત્રી બનેલ. મોરારજી દેસાઈ એક્યાશી વરસે પ્રધાનમંત્રી થયેલ. ચરણસિંહ અઠ્ઠોતેર વરસે પ્રધાનમંત્રી થયેલ. મનમોહનસિંહ બોતેર વરસે પ્રધાનમંત્રી થયેલ. બાજપાયીજી ચુમ્મોતેર વરસે પ્રધાનમંત્રી થયેલ. માત્ર રાજીવ ગાંધી ચાલીસ વરસે એટલે કે યુવાનીમાં પ્રધાનમંત્રી થયેલ!

લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. બે ત્રણ સુખદ આંચકા જોવા મળ્યા. ક્રિકેટર તરીકે ગંભીર છાપ છોડી ગયેલા ગૌતમે રાજકારણમાંથી મહાભિનિષ્ક્રમણ કરવાનું એલાન કર્યું. જો કે, ગૌતમ રાજકારણમાં ગંભીર છાપ પાડવામાં નિષ્ફળ ગયેલ અને તેને ટિકિટ મળવાની સો ટકા શક્યતા ન હતી. એટલે આબરુ બચાવવા રાજકારણને હાયહાય કરી બાય પાસ કરી બાયબાય કર્યું હોય એમ પણ બની શકે! ગૌતમે ક્રિકેટ પર ફોકસ કરવાનું બહાનું રજૂ કર્યુ. ભાઇ, રાજકારણમાં આવ્યા પહેલાં તમારા ક્રિકેટનો ધી એન્ડ' થઇ ગયેલ. જો ક્રિકેટને પ્રાથમિકતા હતી તો રાજકારણમાં કેમ આવ્યા? કોઇએ કંકુ ચોખા તો ચોડ્યા ન હતા. ટિકિટ ન મળી એટલે રાજકારણમાં રોજા રાખવાની ગૌતમ ગંભીરની વાત ગંભીર જણાતી નથી. પરંતુ,દંભી લાગે છે!

ડો હર્ષવર્ધન જાણીતો ચહેરો છે. વ્યવસાયે તબીબ છે. કોરોના સમયે આરોગ્યમંત્રી હતા. ડોકટર હોવાના લીધે કોરોનામાં સારી કામગીરી કરી હોવા છતાં મંત્રી તરીકે પડતા મુકાયેલ. હવે, ચૂંટણીની ટિકિટ આપવામાં આવી નથી. હર્ષવર્ધને હવે બહું થયું એમ ટ્વિટ કર્યું. કૃષ્ણનગરની કલિનિક રાહ જૂવે છે એમ કહી રાજકારણને સાયોનારા કહ્યું. હર્ષવર્ધનજી કલિનિક તો દસ વરસ પહેલાં પણ તમારી પ્રતીક્ષા કરતું હતું. માત્ર દ્રાક્ષ ખાટી હોતી નથી, કેરી કે સ્ટ્રેબેરી પણ ખાટી હોય છે!

જયંત સિંહા તો બધાના બાપ નીકળ્યા. જયંત સિંહા બે ટર્મ તરીકે સાંસદ રહ્યા. રાજ્ય કક્ષાના મંત્રી પણ બન્યા. ઓગણીસસો ત્રેસઠમાં જન્મેલ જયંત સિંહાની ઉંમર એકસઠ વરસ છે.જયંત ટેકનોક્રેટ અને એમબીએ હતા. આ ઉંમરે બ્યુરોક્રેટ રિટાયર થાય, પોલિટિશ્યન નહીં! મજાની વાત એ છે કે ઓગણીસ સો સાડત્રીસમાં જન્મેલ યશવંતસિંહા જયંતના પિતાજી છે. યશવંતની ઉંમર સત્યાંશી છે. યશવંતસિંહા સનદી અધિકારી હતા. દેશના નાણામંત્રી પણ રહી ચુકયા છે. હાલમાં યશવંતસિંહા ટીએમસીના સાંસદ છે. યશવંત સિંહા રિટાયર થવાના મુડમાં નથી! લાગે છે કે રાજકારણમાં મરણ સુધી ઇનિંગ ખેલી નાંખશે'સિનિયર સિંહા રાજકારણમાં સક્રિય છે. જયારે જુનિયર સિંહા રાજકારણમાંથી રિટાયર થઇ રહ્યા છે! આને મજેદાર કરુણતા કે કોમેડી કહી શકાય કે નહીં? ■

## નિસર્ગનો નિનાદ

feedback@bombaysamachar.com
ધર્મેન્દ્ર ત્રિવેદી

# આપણા અને પૂર્વજો વચ્ચેનો સંપર્કસેતુ કાગડો



ગામડે બાળકોની સાથે શેરીમાં રમતો હતો અને માએ બૂમ પાડી કે કંદોઈને ન્યાયથી તીખા ગાંઠિયા લેતો આય. મારી ટેવ મુજબ અડધું કૂદતો અને અડધું દોડતો કંદોઈને ત્યાંથી છાપામાં વીંટાળીને આપેલ ગાંઠિયાનું પેકેટ લઈને આવતો હતો, ત્યાં જ માથા પર કોઈએ જાણે ખીલો માર્યો હોય એવો પ્રહાર થયો અને ચીસ નીકળી ગઈ, કઈ સમજુ વિચારું એ પહેલા તો પ્રહાર કરનાર પક્ષીએ હાથમાંથી પડીકું ઝૂંટવી લીધું અને દૂર એક મકાનને છાપરે બેસી ગયું. ત્યારે મને ભાન થયું કે કાગડો મને લૂંટી ગયો. હવે મૂંઝવણ એ ઊભી થઈ કે બજારમાંથી વસ્તુ લાવતા વખતે તે વસ્તુઓ પડી જવી, ઢોળાઈ જવી જેવા ગુનાઓનું મોટું લિસ્ટ મારે નામે હોય. તેથી જઓ હવે હુ એમ કહું કે ગાંઠિયા કાગડો લઈ ગયો તો મા માને કે કેમ એ સમસ્યા, માને તો ઠીક નહિતર ગાલ લાલ થવાની કષ્ટદાયક સજાનો ભી . . . કરે તો કરે કયા? પણ માને સત્ય કહેવાનું જોખમ લીધું હતું અને મારા નસીબે માએ સ્વીકારેલું પણ ખરું. પક્ષી જગતના સફાઈ કામદારોમાં કાગડાનું નામ મોખરે આવે. આજે પણ નાના-મોટા પ્રાણીઓના મૃતદેહો પર બેસેલો કાગડો સૌ કોઈએ જોયો જ હોય છે. કાગડો કહેવતો, માન્યતાઓ અને કાવ્યોમાં પણ સ્થાન પામેલો છે. કાગડો આંગણે બોલે એટલે મહેમાન આવે, મૃતદેહને ઠોલતા કાગડા પરથી જ ઠોલી ખાવું શબ્દ પ્રયોગ ઘડાયો છે અને અંતે વાત કરીએ કવિતાની. તો જૂના વખતના બાળકવિ રમણલાલનું બાળગીત છે એક હતો કાગડો, પૂરેપૂરો નાગડો બચ્ચા લોગને કેટલું ગમી જાય? બાકી હતું તો ગુજરાતનાં મહાન કવિ રમેશ પારેખે પણ કાગડો મારી ગયો ગઝલમાં કાગડાના અંતર-બાહ્યને સરસ રીતે આલેખ્યું છે.

સડકની વચ્ચોવચ્ચ સાવ કાગડો મરી ગયો.
ખૂલેખૂલો બન્યો બનાવ કાગડો મરી ગયો
આ કાગડો મર્યો કે એનું કાગડાપણું મર્યું?
તું એ સિદ્ધ કરી બતાવ કાગડો મરી ગયો.

રમેશ પારીખની ગઝલની આ બીજા શેરમાં કેટલી મજાની વાત છે એ જુઓ તો ખરા કાગડો માર્યો કે એનું કાગડાપણું માર્યું? કાગડાપણું એ મોટે ભાગે લુચ્ચાઈ અને ચાલાકીનું બીજું નામ મનાય છે. હા કાગડા ચતુર, લુચ્ચા અને ચાલાક હોય છે પરંતુ આપણે તેમને બદનામ કરી દીધા છે. ભારતીયો પર એવું આળ છે કે આપણે અંધશ્રદ્ધાળુ છીએ, પરંતુ હકીકત એવી છે કે સો કોલ્ડ પરદેશી ભૂરિયાઓ પણ આપણા જેટલા જ અંધશ્રદ્ધાળુ હોય છે. તેમણે કાગડાને મૃત્યુ, માંદગી અને અશુભના વાહક માની લીધા છે. ગુજરાતમાં આપણે બે જ પ્રકારના કાગડા છે એવું માનીએ છીએ. કાળો પણ રાખોડી ડોકવાળો કાગડો અને આખેઆખો કાળો એ ગિરનારી કાગડો. તો આ બે ભાગ લોકોએ કેવી રીતે પાડયા હશે ? આખા ગુજરાતમાં રાખોડી ડોક વાળા કાગડા જોવા મળતા હશે જ્યારે ગિરનારના જંગલોમાં આખા કાળા કાગડાની વસ્તી વધુ હોવાથી એમને ગિરનારી કાગડાનું ઉપનામ મળ્યું છે. પરંતુ વિશ્વ આખામાં ક્રો, કાક, કૌવા, કાગડા, અથવા દૂનિયામાં અમુક દેશોમાં જેકડોવ અથવા રેવન નામે ઓળખાતા આ પંખીડાનું મૂળ કુળ એક જ છે કોર્વસ. કાગડો એન્ટાર્કટીકા અને દક્ષિણ અમેરિકા સિવાય તમામ જગ્યા પર અસ્તિત્વ ધરાવે છે. પંખીલોકના વૈજ્ઞાનિકોના સંશોધન મુજબ સમગ્ર વિશ્વમાં કાગડાની કુલ ૪૦ જેટલી જાતિઓ નોંધાઈ છે. એની માના કાગડા'ય ચાલીસ જાઈતના?

કાગડા ચતુર હોવાના નાતે તેમની પણ સમાજવ્યવસ્થા છે, અને અમેરિકન કાગડા સારસ બેલડીની માફક જનમ જનમ કા સાથ નિભાવે છે, પણ જો એક સાથીનું મૃત્યુ થાય તો કાગડો કે કાગડી સ્મશાને જતાં નથી . . . જેથી એમનો સમાજ સમજી જાય કે આ ફરીથી પૈણવાનો છે . . . હાહાહા. અમેરિકાના કાગડા શિયાળામાં હજારોની સંખ્યામાં એજ જ સ્થળ પર રાતવાસો કરે છે. એક બીજી મજાની વાત જાણવા મળી છે કે કાગડાનું બચ્ચું કિશોરાવસ્થામાં આવે ત્યારે પોતાના માબાપના બીજા બચ્ચાઓનું રક્ષણ કરે છે, જરૂર પડે પોતાના નાના ભાઈ ભાંડવને અને ક્યારેક તો મા-બાપને પણ બહારથી ખોરાક લાવી આપીને સહાયરૂપ બનતા જોવા મળ્યા છે. મારો એક દૂરનો ભાઈ પ્રાણી-પંખીઓના અવાજ કાઢવામાં એક્કો હતો. અમારા ઘરે આવે ત્યારે કાગડાનું પીંછું હાથમાં રાખીને કાગડાના એવા અદ્દલ અવાજો કાઢે કે આજુબાજુના અસંખ્ય કાગડા ભેગા થઈને કાળો કકળાટ કરી મૂકે. અને મારા એ ભાઈ પર હુમલો પણ કરતા. આ વાતનું સમર્થન વૈજ્ઞાનિકોએ કર્યું છે કે એક કાગડો મુશ્કેલ સ્થિતિમાં હોય તો બીજા કાગડા તેના બચાવામાં આવી જાય છે. બીજું સંશોધન એવું જણાવે છે કે કાગડા ભલે નાના-મોટા કોઈ પણ મૃત પ્રાણીને ખાઈ જતાં હોય પરંતુ તેઓ કદી મૃત કાગડાને ખાતા નથી.

એક એવી અચરજભરી વાત કરીએ જે આપણે જાણતા જ નથી. જાપાનમાં લગભગ ૧૯૯૦ના દાયકામાં એક અજીબોગરીબ ઘટના બની. એ સમયે જાપાનમાં કચરાનું પ્રમાણ વધ્યું અને સાથે સાથે કાગડાઓની વસતિમાં પણ મોટો ઉછાળો આવેલો. પાવર લાઈનના ટ્રાન્સફોર્મર્સ એ કાગડાઓનું માળા બનાવવાનું પસંદગીનું સ્થાન બનેલું અને કાગડા માળા બનાવવા માટે કાઈબર ઓપ્ટિકલ વાયર ચોરવા માંડેલા અને વર્ષેપરાંત જાપાનના પાવર ફેઈલ્યોર્સમાંના ૧૦૦ જેટલા ફેઈલ્યોર્સ કાગડાને કારણે થતાં. આમ કાગડાને કારણે આખું જાપાન અંધારામાં ડૂબી જતું. વૈજ્ઞાનિકોના મતે માનવની માફક કાગડાઓની બોલી પણ બાર ગાવે બદલાઈ જાય છે. જેમ કે કાઠિયાવાડી કાગડો બીજાને કહે એલા હખણીનો રે જે હો નહિતર જોવા જેવી થાહે . . . તો સુરતી કાગડો કહેશે આલા તું સરખો રે'ની, નહિતર મજાની આવે . . .

જાપાનમાં કાગડા મોટા કદના કઠણ કોચલાવાળા ફાળોને તોડવા ટ્રાફિકમાં જઈને ગાડીની નીચે નાખીને તેને તોડે છે . . . ઓ રિયલી? પણ અચરજ તો હજુ બાકી છે. જાપાનમાં કાગડા ટ્રાફિકની લાલ લાઈટ અને લીલી લાઈટનું અર્થઘટન કરતાં શીખી ગયા છે. લીલી લાઈટના લીધે પસાર થતી ગાડી નીચે નાખીને તોડેલું ફળ ખાવા તેઓ ત્યારે જ જમીન પર ઉતરે છે જ્યારે લાઈટ લાલ થાય અને ગાડીઓ રોકાઈ જાય . . . મતલબ એ કે જાપાની કાગડાઓની ટ્રાફિક સેન્સ એવરેજ ભારતીય કરતાં અનેકગણી સારી છે !

કાગડા જીવડાનો શિકાર કરવા નાની ડાળખીઓનો ઉપયોગ કરી જાણે છે, કુંજામાં કાંકરા નાખીને પાણી પીવા વાળી કાગડાની હોશિયારીની વાર્તા આપણા પંચતંત્રમાં છે જ . . . પરંતુ કાગડાઓની સ્મરણશક્તિ બાબતે એક પ્રયોગ થયેલો એ જાણવા જેવો છે. કુલ પાંચ જગ્યાઓ પર બે અલગ અલગ માસ્ક પહેરેલા વ્યક્તિઓ ફર્યા અને એમાંની એક વ્યક્તિએ કાગડાઓને પકડ્યા અને બરોબર પરેશાન કર્યા. ત્યારે આજુબાજૂના કાગડાઓએ તે માસ્ક વાળા વ્યક્તિ પર હુમલા કરેલા. થોડા સમય બાદ એ જ પાંચેય જગ્યા પર એ જ માસ્ક પહેરીને ગયેલી વ્યક્તિઓમાંથી જેણે કાગડાઓને પકડેલા તેના પર બધા કાગડા તૂટી પડેલા અને બીજા માસ્કવાળાની સામે પણ નહોતું જોયું. અચરજ તો હવે થાય છે કે ત્યાર બાદ થોડા વર્ષો બાદ એ જ બે વ્યક્તિ એ જ મસ્કમાં એ જ પાંચેય જગ્યા પર ગયા, ત્યારે આ પ્રયોગ પછીથી જન્મેલા કાગડાઓની બીજી ત્રીજી પેઢીના કાગડાઓએ પણ જે માસ્કવાળી વ્યક્તિએ તેમના પૂર્વજોને હેરાન કરેલા તેમના પર જ હુમલો કરેલો. ■

# રાજકોટમાં ક્ષત્રિયોનું મહાસંમેલન યોજવા રાજપૂતની મુખ્ય કોર કમિટીની આજે બેઠક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં પુરુષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદન મામલે ક્ષત્રિય સમાજ દ્વારા મહાસંમેલનનું આયોજન કરવામાં આવનાર છે. શનિવારે રાજપૂત સમાજની મુખ્ય કોર કમિટીની બેઠક રાજકોટ ખાતે કરવામાં આવશે. મુખ્ય કોર કમિટી રાજકોટ ખાતે કરણી સેના દ્વારા આયોજિત મહારેલી અને આવેદનપત્રના કાર્યક્રમમાં પણ હાજરી આપશે. તેમજ બેઠકમાં રાજકોટમાં મહાસંમેલન કરવાની તારીખ અને સમય, સ્થળ નક્કી કરવાનો નિર્ણય લેવામાં આવશે.

રાજપૂત સમાજની મુખ્ય કોર કમિટીના સભ્ય અને આગેવાને જણાવ્યું હતું કે, શનિવારે રાજકોટમાં મુખ્ય કોર કમિટીની બેઠક મળવા જઈ રહી છે. મુખ્ય કોર કમિટીના આઠ જેટલા સભ્યો સવારે ૧૧ વાગ્યે રાજકોટ ખાતે બેઠક કરશે. બપોરે બેઠક બાદ સાંજે રાજકોટમાં રેલી અને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ છે તેમાં હાજરી આપવામાં આવશે. આગામી કાર્યક્રમોને લઈને વિવિધ બેઠકો અને મિટિંગ કરવામાં આવી રહી છે. રાજ્યના અને દેશભરના રાજવીઓનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે. વિવિધ સમાજ અને સાધુ, સંતો, મહંતો પણ ક્ષત્રિય સમાજને સમર્થન કરી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પુરુષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદનને લઈને ક્ષત્રિય સમાજમાં રોષ ફાટી નીકળ્યો છે. રૂપાલાએ ત્રણ-ત્રણ વખત ક્ષત્રિય સમાજની માફી માગી છે. આ પહેલા રાજપૂત સમાજની મુખ્ય કોર કમિટીના આગેવાનોની અમદાવાદના ગોતામાં રાજપૂત સમાજ ભવન ખાતે આગામી કાર્યક્રમોને લઈને મિટિંગ યોજાઈ હતી. રૂપાલા દ્વારા કરવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદન મામલે ક્ષત્રિય સમાજની સાથે હવે વિવિધ સમાજો પણ સમર્થનમાં આવ્યા છે. રાજપૂત ભવન ખાતે માલધારી સમાજના આગેવાનો પણ સમર્થન આપવા માટે પહોંચ્યા હતા. ■

# રૂપાલાને પડતા ન મુકાય તો ક્ષત્રિયોની ભાજપવિરોધી વોટિંગ માટે પ્રતિજ્ઞા

અમદાવાદઃ રાજકોટ લોકસભાના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાની ઉમેદવારી રદ કરાવવાની માગ સાથે ક્ષત્રિયોએ આંદોલન શરૂ કર્યું છે. વિરોધ પ્રદર્શનો અને કાર્યક્રમો વચ્ચે શપથ લેવામાં આવી રહ્યા છે. રાજકોટમાં ગુરુવારે અને જામનગરમાં શુક્રવારે ક્ષત્રિયોએ રૂપાલાની ટિકિટ રદ ના થાય તો ભાજપના વિરોધમાં કચકચાવીને મતદાન કરવા-કરાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. રાજકોટ રાજપૂત કરણી સેનાના પ્રમુખ ક્રિપાલસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, શહેરના આશાપુરા મંદિર ખાતે વોર્ડ નં. ૧૭ અને ૧૮ના ૩૫૦થી વધુ ક્ષત્રિય સમાજના યુવાનો અને વડીલોએ મા આશાપુરાના મંદિર ખાતે એકત્ર થઈ શપથ લીધા હતા કે, જો રૂપાલાની ટિકિટ રદ નહિ થાય તો ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ કચકચાવીને ૧૦૦ ટકા મતદાન કરવામાં આવશે. બીજી તરફ શુક્રવારે જામનગરમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજની મહિલાઓ ભેગી થઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ સાથે ક્ષત્રિય બહેનોએ રૂપાલાની ટિકિટ રદ ના થાય તો ભાજપ વિરોધી મતદાન કરવાના શપથ લીધા હતા.

આ વિરોધ પ્રદર્શનમાં ક્રિકેટર રવીન્દ્ર જાડેજાનાં બહેન નયનાબાએ જણાવ્યું હતું કે રૂપાલાની ટિકિટ રદ કરવાનો મુદ્દો ઘણા સમયથી ચાલી રહ્યો છે. ગામડે ગામડે વિરોધ થઇ રહ્યો છે. અલગ અલગ શહેરોમાં આવેદનપત્ર આપવામાં આવ્યાં છે. અમે પણ રજૂઆત કરી છે કે અમે ઘણો સમય બગાડ્યો છે, પણ એવું લાગી રહ્યું છે કે ભાજપને રાજપૂત સમાજની કોઈ જરૂર નથી. અમે મા ભગવતીના સોગંદ ખાધા છે કે અમે ભાજપના વિરુદ્ધમાં વોટિંગ કરીશું. ગામેગામ ક્ષત્રિયાણીઓએ સોગંદ ખાધા છે કે ભાજપ વિરુદ્ધમાં વોટિંગ કરીશું. જો રૂપાલાને ખસેડી લેવામાં આવે તો અમે આંદોલન બંધ કરી દઇશું. નયનાબાએ ઉમેર્યું હતું કે, અમારા અગ્રણીઓએ કહ્યું હતું કે ભાજપથી વાંધો નથી, તો ભાજપ કઇ નિદ્રામાં છે? કાલે જ અમારા અગ્રણીએ કહ્યું હતું કે તમે ૪૦૦ માગો છો, અમે ૪૪૦ અપાવીશું, પણ તમે રૂપાલાની ટિકિટ રદ કરો, પરંતુ ભાજપ તરફથી હજી કોઇ પગલાં નથી લેવાયાં. જો ટિકિટ રદ થશે તો જ આ આંદોલન સમેટાશે, બાકી નહીં. ■

# ગુજરાત ભાજપનું લોકસભા ચૂંટણીમાં ૨.૨૨ કરોડ મતો અંકે કરવાનું ગણિત

## સી.આર.પાટીલે બૂથ પ્રમુખોને સંબોધ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠક પર ઓછામાં ઓછા પાંચ લાખથી વધુ મતની લીડ મેળવવા માટે ગુજરાત ભાજપ દ્વારા વ્યૂહરચના ઘડી નાંખવામાં આવી છે. ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો રહ્યા હોય વ્યૂહરચના અનુસાર ભાજપ કામે લાગી ગયું છે. ચૂંટણીમાં જીતના પાયામાં બૂથ પ્રમુખોને મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી રહી છે. લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠક પરથી ૨ કરોડ ૨૨ લાખ મત અંકે કરવા માટેનું ગણિત મંડાઇ રહ્યું છે.

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે બૂથ પ્રમુખોને સંબોધતા જણાવ્યું હતુ કે નરેન્દ્ર મોદી ત્રીજી વખત પ્રધાનમંત્રી બનવા જઇ રહ્યા છે ત્યારે ગુજરાત ભાજપે પણ ત્રીજી વખત ૨૬માંથી ૨૬ બેઠક જીતીને હેટ-ટ્રિક તો સર્જવાની છે સાથે કંઇક વિશેષતા પણ કરવાની છે. જો ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૬ બેઠક જીતી શકતા હોઇએ તો લોકસભાની ૨૬ બેઠક પર ઓછામાં ઓછા પાંચ લાખની લીડ મેળવી શકાય તેવો મને વિશ્વાસ છે. બૂથ પ્રમુખોને સૂચવેલા પાંચ કામો સિસ્ટમ મુજબ કરવામાં આવશે તો પાંચ લાખથી વધુ મતની લીડ ચોક્કસ પાર કરી શકાશે. બૂથ પ્રમુખે કમિટીના ૧૪ સભ્યની બેઠક યોજીને જવાબદારી સોંપવા સાથે તેઓને આગેવાની લેવા પ્રેરિત કરવાના છે. ગુજરાતમાં એક કરોડ ૧૩ લાખ ભાજપના પ્રાથમિક સદસ્ય નોંધાયા છે અને ૭૪ લાખ પેજ કમિટીના સભ્યો છે. ભાજપના પ્રાથમિક સદસ્ય અને પેજ કમિટીના સભ્ય વચ્ચે ફરક એટલો છે કે એક જ ઘરમાંથી બેથી પાંચ વ્યક્તિ ભાજપના પ્રાથમિક સદસ્ય હોઇ શકે છે. પરંતુ પેજ કમિટીમાં એક ઘરમાંથી એક જ વ્યક્તિ હોય છે. ભાજપના ૭૪ લાખ પેજ કમિટીના સભ્યો છે મતલબ ગુજરાતના ૭૪ લાખ ઘરમાં ભાજપનો એક સભ્ય છે.

ભાજપના ૭૪ લાખ સભ્યો છે જેઓના ઘરમાં સરેરાશ ત્રણ મત હોય કુલ બે કરોડ ૨૨ લાખ મત છે. જો લોકસભાની ચૂંટણીમાં બે કરોડ ૨૨ લાખ મતદારો દ્વારા મતદાન કરવામાં આવે તો કોંગ્રેસના ૨૬ ઉમેદવારોની ડિપોઝિટ પણ બચી શકે નહીં. હું કોઇ દાવો કરતો નથી અને ડંફાશ મારવી એ મારો સ્વભાવ નથી. મેં જે કહ્યું છે તે કર્યું છે. આ વખતે લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોની ડિપોઝિટ જમા થઇ જાય એટલી તાકાત લગાવો. ■

# સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસની ૧૯૮૯થી જીત થઈ નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત લોકસભા સીટમાં ઓલપાડ, સુરત પૂર્વ, સુરત પશ્ચિમ, વારાછા, કારંજ, કતારગામ વિધાનસભાનો સમાવેશ થાય છે. સુરત લોકસભા બેઠક પરથી દેશના પૂર્વ વડા પ્રધાન મોરારજી દેસાઇ પાંચ વખત સાંસદ બન્યા હતા. આ ઉપરાંત કાશીરામ રાણા પણ છ વાર સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં છેલ્લા ત્રણ ટર્મથી સાંસદ રહેલા દર્શના જરદોષની ટિકિટ કાપી તેમના સ્થાને મુકેશ દલાલને સુરત લોકસભા બેઠક પરથી ટિકિટ આપવામાં આવી છે. જ્યારે કોંગ્રેસ તરફથી નીલેશ કુંભાણીને ટિકિટ આપી છે.

સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસની વર્ષ ૧૯૫૧માં પ્રથમ વાર જીત થઇ હતી. વર્ષ ૧૯૫૧માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં સુરતમાં બે લોકસભા બેઠકનો સમાવેશ થતો હતો. સુરત-૨ લોકસભા બેઠક પર વર્ષ ૧૯૫૧માં કોંગ્રેસમાંથી બહાદુરભાઇ પટેલ ચૂંટણી લડ્યા હતા. બહાદુરભાઇ પટેલે એસપી પક્ષના માલુભાઇ માલવીને હરાવીને જીત મેળવી હતી. સુરત-૧ બેઠક પર વર્ષ ૧૯૫૧ કનૈયાલાલ દેસાઇ કોંગ્રેસમાંથી ચૂંટણી લડી વિજેતા બન્યા હતા. ત્યાર બાદ વર્ષ ૧૯૫૭, ૧૯૬૨, ૧૯૬૭માં મોરારજી દેસાઇ કોંગ્રેસમાંથી સુરત બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા અને વિજેતા બન્યા હતા. જ્યારે છગનભાઇ પટેલ કોંગ્રેસની ટિકિટ પર બે વાર સાંસદ તરીકે ચુંટાયા હતા. વર્ષ ૧૯૮૯ની ચૂંટણીમાં સુરત લોકસભા બેઠક પર ભાજપનું ખાતું ખુલ્યું હતું. આ ચૂંટણીમાં ભાજપે સુરત લોકસભા બેઠક પરથી કાશીરામ રાણાને ટિકિટ આપી હતી. કાશીરામ રાણા સામે સી.ડી પટેલ હતા જેઓ કોંગ્રેસમાંથી ચૂંટણી લડ્યા હતા. પરંતુ આ ચૂંટણીમાં કાશીરામ રાણાની જીત થઇ હતી. આમ વર્ષ ૧૯૮૯માં ભાજપનો સુરત લોકસભા બેઠક પર પ્રથમ વાર વિજય થયો હતો. ત્યારથી લઇને આજ દિન સુધી સુરત લોકસભા બેઠક ભાજપ જીતતી આવી છે. કાશીરામ રાણા સુરત લોકસભા બેઠક પર છ વાર સાંસદ બન્યા હતા. જોકે, નો રિપીટ થિયરીને લીધે વર્ષ ૨૦૦૯ની ચૂંટણીમાં કાશીરામ રાણાની ટિકિટ કપાઇ હતી. ૨૦૦૯માં ભાજપે દર્શનાબેન જરદોષને ટિકિટ આપી હતી. સુરત લોકસભા બેઠક પર છેલ્લા ત્રણ ટર્મથી દર્શના જરદોષ સાંસદ તરીકે ચૂંટાયા હતા. વર્ષ ૨૦૨૪માં સુરત લોકસભા બેઠક પર મુકેશ દલાલને ટિકિટ આપવામાં આવી છે. ■

# ગુજરાતમાં ઉનાળાની કાળઝાળ ગરમી શરૂ થતા શાકભાજીના ભાવ બમણા થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં એપ્રિલ મહિનાની શરૂઆતથી જ કાળઝાળ ગરમીનું આગમન થઈ ગયું છે. દિવસે ને દિવસે ગરમીનો પારો જેમ જેમ વધી રહ્યો છે તેમ તેમ રાજ્યના એપીએમસી માર્કેટમાં શાકભાજીની આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો, જેની સીધી અસર લીલા શાકભાજીના ભાવ પર જોવા મળી હતી. રાજ્યમાં માર્કેટ યાર્ડોમાં લીલા શાકભાજીના ભાવમાં ૩૦ ટકા જેટલો ભાવ વધારો થતાં ગૃહિણીઓની હાલત કફોડી બની રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યમાં ગરમીની શરૂઆત થતાની સાથે દર વર્ષની જેમ આ વર્ષે પણ શાકભાજીના ભાવમાં વધારો જોવા મળ્યો છે. રાજ્યમાં ઉનાળામાં સૌથી વધારે ઉપયોગમાં લેવાતા શાકભાજીના ભાવની વાત કરીએ તો ભીંડાનો ભાવ ૮૦-૯૦ રૂપિયા કિલો થયો છે, રવૈયા ૫૦-૬૦ રૂપિયા કિલો, લીંબુ ૧૫૦-૨૦૦ રૂપિયા કિલો, ગવાર ૧૦૦ રૂપિયા કિલો, કાચી કેરી ૮૦ રૂપિયા કિલો, ચોળી ૧૮૦ રૂપિયા કિલો, કારેલા ૬૦ રૂપિયા કિલો, ટામેટા ૪૦ રૂપિયા કિલો, આદું સૌથી મોંઘુ ૨૦૦ રૂપિયા કિલોએ પહોંચ્યું છે.

રાજ્યમાં વધી રહેલા શાકભાજીના ભાવના કારણે ગૃહિણીઓના રસોડામાંથી શાકભાજી ગાયબ થઇ છે અને તેઓ વૈકલ્પિક રીતે કઠોળ બનાવીને પોતાનું બજેટ સંભાળી રહી છે, તો બીજી બાજુ શાકભાજી વેપારીઓનું કેહવું છે કે ગરમીના કારણે શાકભાજી નથી આવતા અને જે શાકભાજી આવે છે તેના ભાવ વધારે હોય છે જેના કારણે શાકભાજીના ભાવ વધતા હોય છે. ■

# પોલીસ કમિશનર વગરનું સુરત શહેર બન્યું રક્તરંજિતઃ ત્રણ દિવસમાં આઠ લોકોની થઈ હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં વધી રહેલા ક્રાઈમને પગલે સુરત હવે ક્રાઈમ સિટી બન્યું છે. હત્યા, મારામારી, ડ્રગ્સ વગેરે સુરતમાં સામાન્ય બાબત બની ગઈ છે. સુરત શહેર છેલ્લા કેટલાય સમયથી પોલીસ કમિશનર વગરનું છે, જેને કારણે સુરતમાંથી ખૌફ ગાયબ થયો છે. છેલ્લા ત્રણ દિવસમાં સુરતમાં આઠ લોકોની હત્યા થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે. શહેરમાં હત્યા, લૂંટ, ચોરી જેવી ઘટનાઓ જાણે દિવસેને દિવસે સામાન્ય બનતી જઈ રહી છે. છેલ્લા ત્રણ દિવસમાં સુરત શહેરમાં હત્યાની આઠ જેટલી ઘટનાઓ બની ચૂકી છે. જેમાં સુરતના લિંબાયત, વરાછા, ખટોદરા, વેસુ, મહિધરપુરા સહિત ચોક બજાર વિસ્તારના હત્યાની ઉપરાછાપરી ઘટનાઓ પ્રકાશમાં આવી ચૂકી છે. સુરતમાં હત્યાનો સિલસિલો યથાવત્ છે. શુક્રવારે વહેલી સવારે વેસુના આગમ શોપિંગ વોર્ડમાં નાનુ પટેલ ઉર્ફે નાનીયાની હત્યા કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. નનિયો દેશી દારૂનો ધંધો કરતો હતો. પોલીસે હત્યાનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

દરમિયાન સુરતના રાંદેર પોલીસે દેશી બનાવટની પિસ્તોલ તથા જીવતા કાર્ટીઝ સાથે સાદીક ઉર્ફે મરઘીવાલા મોહંમદ પટેલની ધરપકડ કરી હતી. આગઉ આ આરોપી અમરોલી વિસ્તારમાં પકડાઈ ચૂક્યો હતો. ■

# અમદાવાદમાં પહેલીવાર જીઆઈએસ અને જીપીએસ મેપિંગ પદ્ધતિથી વૃક્ષોની ગણતરી કરાશે

અમદાવાદઃ શહેર હવે કોંક્રિટનું જંગલ બની ગયું છે. ચારેતરફ ઊંચી ઊંચી ઈમારતો બની ગઈ છે. રસ્તા સુધી સૂર્યનો તડકો પણ પહોંચતો નથી. અમદાવાની ઊંચી ઊંચી ઈમારતો વચ્ચે કેટલા વૃક્ષો છે તે વિશે હવે અમદાવાદ મનપા વૃક્ષોની ગણતરી હાથમાં લેશે. શહેરમાં ક્યાં, કેટલા અને કેવા પ્રકારના વૃક્ષોની માહિતી મેળવાશે. પહેલીવાર જીઆઈએસ તેમ જ જીપીએસ મેપિંગ પદ્ધતિથી વૃક્ષોની ગણતરી કરાશે. જોકે, ૧૩ વર્ષના લાંબા ગાળા બાદ મનપા ટ્રી સેન્સસ કરશે, જેને કારણે અમદવાદમાં કેટલા, કયા પ્રકારના વૃક્ષો છે તે જાણી શકાશે. સાથે જ વિકસતા શહેરની સાથે જરૂરી વૃક્ષો જેટલી હાજરી પણ છે કે નહિ તે પણ જાણી શકાશે. સાથે જ માનવ જીવન માટે ખતરારૂપ કોનોકાર્પસ પણ કેટલા છે તે પણ જાણી શકાશે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ મનપા દ્વારા સમયાંતરે વૃક્ષોની ગણતરી કરવામાં આવે જ છે, પરંતુ પહેલીવાર શહેરના તમામ ૪૮ વોર્ડ વિસ્તાર સહિત એસ.જી. હાઈવે તથા સરદાર પટેલ રીંગ રોડ આસપાસના વિસ્તારોમાં ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ પદ્ધતિથી વૃક્ષોની ગણતરી કરવામાં આવશે. તેર વર્ષ બાદ અમદાવાદ મનપા દ્વારા શહેરમાં હયાત વૃક્ષોની ગણતરી ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ અને ગ્લોબલ ઈન્ફર્મેશન પદ્ધતિથી કરાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હાલની પરિસ્થિતિમાં શહેરમાં દસથી બાર ટકા ગ્રીન કવર એરિયા હોવાનું સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. મનપાના ગાર્ડન વિભાગ તરફથી શહેરમાં આવેલા વૃક્ષોની ગણતરી કરવા રીકવેસ્ટ ફોર પ્રપોઝલ મગાવવામાં આવી છે. ૧૫ એપ્રિલે પ્રીબિડ મીટિંગ થશે. વૃક્ષની જાતવાર સંખ્યા, ગીચતા અને ભૌગોલિક વિવરણ મળશે. કલાઇમેટ ચેન્જ માટે અસરકારક પૂરવાર થશે. સાથે જ દુર્લભ પ્રકારના અને વર્ષો જૂનાં વૃક્ષોની માહિતી મળી શકશે. વૃક્ષના ઘેરાવા ઉપરથી શહેરના બાયોમાસ અંગે અંદાજ મળી શકે જે શહેરમાં કાર્બન સંગ્રહનું આડકતરું માપ છે. આ પદ્ધતિ હેઠળ હાથ ધરવામાં આવનારી ગણતરીમાં વૃક્ષની ઉંમર તેમાં જોવા મળતા રોગ સહિતની માહિતી મેળવવામા આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૧૧માં અમદાવાદ મનપા દ્વારા શહેરના વિવિધ વોર્ડ વિસ્તારમાં આવેલા વૃક્ષોની મેન્યુઅલી ગણતરી કરવામાં આવી હતી. એ સમયે અમદાવાદમાં કુલ ૬.૧૮ લાખ વૃક્ષો હતા. વર્ષ-૨૦૧૧માં અમદાવાદનો ગ્રીન કવર એરિયા ૪.૬૬ ટકા હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. ■

# ઊંઝામાં નકલી જીરું-વરિયાળી બનાવતી ફેક્ટરીઓ ઝડપાઈઃ ૫૪૮૭ કિલો જથ્થો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઊંઝા પંથકમાં ચાલતી કથિત નકલી જીરું અને નકલી વરિયાળી બનાવતી ચાર ફેક્ટરીઓ પર મહેસાણા અને ગાંધીનગર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે રૂ.૧.૪૯ લાખની કિંમતનો ૫૪૮૭ કિલો જથ્થો જપ્ત કર્યો હતો. ઊંઝા શહેરમાં હાઇવે પર કેટલાંક સ્થળોએ નકલી જીરું અને વરિયાળી બનાવવાનો કારોબાર ચાલી રહ્યો હોવાની બાતમીના આધારે મહેસાણા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ તેમજ ગાંધીનગર ફૂડ વિભાગની ટીમ દ્વારા સંયુક્ત દરોડા પાડી તપાસ હાથ ધરી હતી. ફૂડ વિભાગની ટીમે જીરું અને વરિયાળીનો લૂઝ જથ્થો, પાઉડર ગોળની રસી સહિતનો જથ્થો જપ્ત કર્યો હતો. ચાર જેટલી ફેક્ટરીમાંથી નકલી જીરું અને નકલી વરિયાળી બનાવવામાં આવતું હોવાનું બહાર આવ્યું હતું. જે પૈકી રાકેશ પટેલની ફેક્ટરી (શિવગંગા એસ્ટેટ શનિદેવ મંદિરની બાજુમાં-ઉનાવા), હર્ષદ પટેલનું ગોડાઉન (શિવ ગંગા એસ્ટેટ-ઉનાવા), પ્રકાશ પટેલનું ગોડાઉન (સિદ્ધિવિનાયક એસ્ટેટ-ઐઠોર) તેમજ પ્રકાશ પટેલનું બીજું ગોડાઉન ઐઠોરમાંથી નકલી જીરું બનાવવાનો કાળો કારોબાર મળી આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ઊંઝા પંથકમાં છેલ્લા ઘણા સમયથી નકલી જીરું અને વરિયાળી બનાવવાની પ્રવૃત્તિએ જોર પકડ્યું છે. નકલી કારોબાર પકડાય એટલે બધું થોડા સમય માટે બંધ થઈ જાય છે. ત્યારબાદ એ જ પ્રવૃત્તિ પુનઃ બેરોકટોક ચાલે છે. તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. બે દિવસ અગાઉ ઊંઝાના દાસજ રોડ પરથી ભેળસેળમાં વપરાતો કલરનો જથ્થો રોડની સાઈડમાં મળી આવ્યો હતો. અવારનવાર નકલી જીરું તેમજ વરિયાળી બનાવતી ફેક્ટરીઓ ઝડપાય છે, પરંતુ લાખોના મુદ્દામાલ સાથે પકડાયેલી ફેક્ટરીઓ ફરીથી ધમધમી ઊઠે છે. માનવ શરીરને નુકસાન કરતી ચીજવસ્તુઓ ઉપર ક્યારે કડક કાર્યવાહી કરવામાં આવશે અને આવા લોકો ક્યારે જેલ હવાલે થશે તેવો પ્રશ્ન લોકોમાં ઊઠ્યો હતો. ■

# સુરતમાં આગના ત્રણ બનાવમાં કોઈ જાનહાનિ ન થઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના પાલનપુર જકાતનાકા, વેડરોડ વિસ્તાર અને રિંગરોડ વિસ્તારમાં આગ લાગવાની ઘટના ઘટી હતી. પાલનપુર જકાતનાકામાં વિવેકાનંદ ટાઉન શિપ સોસાયટીના ગેટ પાસે આવેલા ડીજીવીસીએલના ટ્રાન્સફોર્મરમાં આગ લાગી જતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જ્યારે સવારે વેડરોડ વિસ્તારમાં દોડતી રિક્ષામાં આગ લાગતાં બળીને ખાખ થઈ ગઈ હતી. રિંગરોડ વિસ્તારમાં એક માર્કેટના ત્રીજા માળે આવેલી કાપડની દુકાનમાં આગ લાગતાં લાખો રૂપિયાનું નુકસાન થયું હતું. ઘટનાની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. વેડરોડ વિસ્તારમાં રોડ પર શુક્રવારે સીએનજી રિક્ષામાં એકાએક આગ ભભૂકી ઊઠી હતી. મુસાફરો ભરેલી રિક્ષામાં આગ લાગતાની સાથે જ રિક્ષાચાલકે સમય સૂચકતા વાપરીને મુસાફરોને બહાર કાઢી લેતા તમામનો આબાદ બચાવ થયો હતો. ફાયર સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવી લીધો હતો. બીજા એક બનાવમાં પાલનપુર જકાતનાકા વિસ્તારમાં આવેલી વિવેકાનંદ ટાઉનશિપ સોસાયટીના ગેટ પાસે ડીજીવીસીએલના ટ્રાન્સફોર્મરમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ટ્રાન્સફોર્મરમાં અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સોસાયટીના લોકોએ પાણીની ડોલ લઇને જાતે આગ બુઝાવવા પ્રયાસ કર્યો હતો. પાલનપુર સહિત બે ફાયર સ્ટેશનની ત્રણ જેટલી ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો. આ આગની ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી નથી. ત્રીજી ઘટનામાં શહેરના રિંગરોડ વિસ્તારમાં એક માર્કેટના ત્રીજા માળે આવેલી કાપડની દુકાનમાં આગ લાગતાં લોકોમાં દોડધામ મચી ગઇ હતી. ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ પર પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લીધો હતો. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું બહાર આવ્યું હતું. આ આગની ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી નથી. ■

# ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ૧૦મી અને ૧૧મીએ કેટલાક જિલ્લામાં વરસાદની અગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા બે-ત્રણ દિવસથી વાદળછાયું વાતાવરણ રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૧૦મી અને ૧૧મી એપ્રિલના રોજ ઉત્તર ગુજરાત, મધ્ય અને દક્ષિણ ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, દાહોદ અને નર્મદા સહિતના જિલ્લાઓમાં વરસાદ પડવાની શક્યતા દર્શાવવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા માવઠાંની આગાહી કરવામાં આવતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

હવામાન વિભાગ દ્વારા આગામી ૧૦મી એપ્રિલના રોજ દાહોદ, છોટા ઉદેપુર અને નર્મદા જિલ્લામાં કમોસમી વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી છે. જ્યારે ૧૧મી એપ્રિલના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, દાહોદ, છોટા ઉદેપુર અને નર્મદા જિલ્લામાં કમોસમી વરસાદ થવાની શક્યતા દર્શાવવામાં આવી છે. શુક્રવારે અમદાવાદમાં ૩૬ ડિગ્રી, ડીસામાં ૩૩ ડિગ્રી, ગાંધીનગરમાં ૩૬ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં ૩૭ ડિગ્રી, વડોદરામાં ૩૭ ડિગ્રી, સુરતમાં ૩૭ ડિગ્રી, વલસાડમાં ૩૬ ડિગ્રી, ભુજમાં ૩૩ ડિગ્રી, નલિયામાં ૩૧ ડિગ્રી, કંડલા પોર્ટમાં ૩૧ ડિગ્રી, અમરેલીમાં ૩૮ ડિગ્રી, ભાવનગરમાં ૩૭ ડિગ્રી, દ્વારકામાં ૩૦ ડિગ્રી, ઓખામાં ૩૧ ડિગ્રી, પોરબંદરમાં ૩૩ ડિગ્રી, રાજકોટમાં ૩૯ ડિગ્રી, વેરાવળમાં ૩૧ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૩૮ ડિગ્રી, મહુવામાં ૩૮ ડિગ્રી અને કેશોદમાં ૩૭ ડિગ્રીની આસપાસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. ■

# પોલીસ તંત્રમાં ભરતી અંગેની તમામ વિગતો રજૂ કરવા સરકારને અંતિમ તક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૨૦૧૯માં દેશની સુપ્રીમ કોર્ટના હુકમ બાદ પોલીસ મહેકમ મુદ્દે દાખલ થયેલી સુઓમોટો રિટની સુનાવણીમાં રાજ્ય સરકાર તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે હાઇ કોર્ટના આદેશ મુજબ અમે વિવિધ કેડરમાં કેટલી પોસ્ટ છે, કેટલી ભરતી કાઢવામાં આવી છે એ તમામ વિગતો એકત્રિત કરી રહ્યા છીએ. તેથી બે સપ્તાહનો સમય આપવામાં આવે. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરુદ્ધ પી. માયીની ખંડપીઠે રાજ્ય સરકારને આદેશ કર્યો હતો કે આ અંતિમ તક આપવામાં આવી રહી છે અને આગામી સુનાવણીએ તમામ વિગતો સોગંદનામા મારફતે રજૂ કરવામાં આવે. કોર્ટ મિત્રને એડવાન્સમાં સોગંદનામાની એક કોપી આપવામાં આવે. આ કેસની વધુ સુનાવણી આગામી તા.૨૨મી એપ્રિલના રોજ રાખવામાં આવી છે.

આ કેસની વિગત મુજબ અગાઉ હાઇ કોર્ટે સરકારને રિક્રુટમેન્ટ રૂલ્સ રજૂ કરવાનો આદેશ કર્યો હતો. તે સિવાય રાજ્યમાં પોલીસની તમામ પોસ્ટ માટેની રિક્રુટમેન્ટ ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે કે નહીં? આ તમામ સવાલોના જવાબ આપવાનો આદેશ કર્યો હતો. આ કેસની સુનાવણીમાં અગાઉ રાજ્ય સરકારે હાઇ કોર્ટને કહ્યું હતું કે, સરકાર નજીકના ભવિષ્યમાં પોલીસ ખાતામાં ખાલી પડેલી ૧૨ હજાર જેટલી વિવિધ પોસ્ટ ઉપર ભરતી કરશે. જોકે, તે સિવાયની હજારો ખાલી પોસ્ટ મુદ્દે કોઇ સ્પષ્ટતા ન કરતાં હાઇ કોર્ટે આદેશ કર્યો હતો કે, સરકાર આગામી સમયમાં પોલીસ ખાતામાં ખાલી પડેલી ૧૨૦૦૦ પોસ્ટ પર ભરતી કરશે, પરંતુ ટેકનિકલ અને આઇબી વિભાગની ૨૯ હજાર, સ્ટેટ રિઝર્વ ફોર્સની ૪૫૦૦ અને પોલીસ ખાતાની વિવિધ ૨૩૫૧૬ જગ્યા પણ હાલ ખાલી છે. તેથી આ તમામ પોસ્ટ પર કઇ રીતે સરકાર ભરતી કરવા માગે છે એ અંગે આગામી સુનાવણીએ પ્રગતિ અહેવાલ રજૂ કરીને સ્પષ્ટતા કરે. ખંડપીઠે આદેશમાં એમ પણ નોંધ્યું હતું કે, રાજ્ય સરકારે સોગંદનામું કર્યું છે કે જુલાઇમાં યોજાયેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં પોલીસ ફોર્સમાં વિવિધ ખાલી જગ્યાઓ ભરવાનો નિર્ણય લેવાયો હતો. વિવિધ વિભાગને એ અંગેની જરૂરી માહિતી આપી દેવામાં આવી હતી. ■

# ગુજરાતમાં રૂપાલાના વિરોધમાં સાત ક્ષત્રિયાણીએ જોહરની તૈયારીઓ શરૂ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પાટગર ગાંધીનગરના ભાજપ કાર્યાલયે શનિવારે રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય મહિલાઓની જોહરની ચીમકીની જાહેરાતથી પોલીસ દોડતી થઈ છે. અમદાવાદમાં ક્ષત્રિયાણીઓના જોહરના નિર્ણય બાદ પોલીસ ક્ષત્રિય મહિલાઓના ઘરે પહોંચી હતી.

ક્ષત્રિય આગેવાન ગીતાબા પરમારે જણાવ્યું હતું કે, અમે શનિવારે કમલમમાં જોહર કરીશું. શનિવારે સાત ક્ષત્રિયાણીઓ કમલમ પર જઈને જોહર કરશે. શુક્રવારે મહેંદી લગાવીશું અને સાધુ સંતોના આશીર્વાદ મેળવીશું. અમારું બે દિવસનું અલ્ટિમેટમ પૂરું થયું , તેથી શનિવારે અમે જોહર કરીશું. લગ્નનું જોડું પહેરીને જોહર કરીશું. હસતા મોઢે જોહર કરીએ છીએ રાજનીતિ ન કરતા. અમે ક્ષત્રિયાણીઓ આવું ન સાંભળી શકીએ.

# દોઢ મહિનામાં ત્રીજી વાર તેલના ભાવમાં ભડકો, કપાસિયા અને સીંગતેલ બંનેના ભાવ વધ્યા

અમદાવાદઃ ગુજરાતમાં મધ્યમવર્ગ અને ગરીબ જનતા પર સતત મોંઘવારીનો માર પડી રહ્યો છે. વર્ષની શરૂઆતથી જ ખાદ્ય ખાદ્યતેલમાં ભાવવધારો કરાઈ રહ્યો છે. ૨૦૨૪ ની શરૂઆતથી ત્રીજી વાર કપાસિયા અને સિંગતેલના ભાવમાં વધારો થયો હતો. સીંગતેલમાં ત્રણ દિવસમાં ડબ્બે ૪૦ રૂપિયા અને કપાસિયામાં ડબ્બે ૬૦ રૂપિયાનો વધારો નોંધાયો છે. શુક્રવારે પણ ફરીથી તેલના ભાવમાં વધારો ઝીંકાયો છે. જેના પગલે ગૃહિણીઓની કાળઝાળ મોંઘવારીમાં હાલત કફોડી થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટમાં શુક્રવારે ખૂલતા માર્કેટમાં સીંગતેલમાં ૨૦ અને કપાસિયામાં ડબ્બે ૧૦ રૂપિયાનો વધારો કરાયો છે. આ સાથે જ સીંગતેલનો ડબ્બાનો ભાવ ૨૬૮૦ થી ૨૭૨૦ પર પહોંચ્યો છે.

કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૧૭૦૦ થી ૧૭૬૦ પર પહોંચ્યો છે. મગફળીના ભાવમાં નજીવો વધારો થતાં સીંગતેલમાં ભાવ વધ્યા હોવાનું વેપારીઓનું કહેવું છે.

ગત તા. ૨૨ માર્ચ, ૨૦૨૪ના રોજ સીંગતેલ અને કપાસિયા તેલમાં ૧૧૦ થી ૧૪૦ રૂપિયાનો પ્રતિ ડબ્બે વધારો નોંધાયો હતો. ગત ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રૂપિયા ૫૦નો ભાવવધારો સીંગતેલમાં કરાયો હતો. ■

## ૧૭. જગ્યા આપવી છે

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**
જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કિંગ) વેચાણથી ૧૬૦ લાખ (નેગોશીએબલ) 7400313150. (એસડીબી-૧૮૪૮)

**લોનાવાલા**
3200 પ્લોટ એરિયા 6 બેડરૂમનો બંગલો વેચાણમાં શ્રીજી-9545741755. (બી-૧૪૦૮૫)

**લોનાવાલા-ખંડાલા**
ફ્લેટો-રોહાઉસ-બંગલાઓ-નાના-મોટા-પ્લોટ લેવા-વેચવા. શ્રીજી-9545741755. (બી-૧૪૦૮૬)

**''ફાયદામાં''**
'' દહિસરમાં 1 રૂમ - 55,00,000/-, 1 બેડરૂમ - 65,00,000/-, 2 બેડરૂમ - 1,11,00,000/-,'' :- 9920680690. (૧૪૩૪૦-ડી)

**''ઘાટકોપર''**
'' ઈસ્ટ-વેસ્ટ, વાઘવા, એડ્રેસ, કલ્પતરુ, પંતનગરમાં ફ્લેટ્સ - ઓફિસો લેવા/વેચવા'', ''રોયલ એસ્ટેટ'' - 9324444122. (૧૪૩૪૦-સી)

**પારસી માટે**
**દાદર, નેપયન્સી રોડ, અંધેરીમાં 1, 2, 3 બેડરૂમના ફ્લેટસ લેવા/વેચવા/ભાડેથી/લીઝથી. ''રામચંદ્ર'': 9167047749. (૧૪૩૪૧-એ)**

**અંધેરી ઈસ્ટ**
વિશાલ હોલ નજીક 2 બેડરૂમ 725 કાર્પેટ સ્ટેશન નજીક 3 બેડરૂમ લીવલાયસન્સથી, જે. બી. નગર દેરાસર નજીક 2 બેડરૂમ 745 કાર્પેટ આઉટરાઈટ ''રીમા એસ્ટેટ'' 9820000627 - 7045660627. (એસડીબી-૧૮૫૨)

**અંધેરી વેસ્ટ**
વી. પી. રોડ સ્ટેશનથી 5 મિનિટ 3 બેડરૂમ 900 કાર્પેટ શોપર્સ સ્ટોપ નજીક 3 બેડરૂમ 960 કાર્પેટ ''રીમા એસ્ટેટ'' 9820000627 - 7045660627. (એસડીબી-૧૮૫૩)

**દેવલાલી -નવી મુંબઈ**
**રૂમ/બંગલો ત્રણ પાંચ આઠ દિવસ માટે ભાડે મળશે. 9892561477. (૧૪૩૩૮-સી)**

**સુરેન્દ્ર ગાલા**
સાંતાક્રુઝ (ઈસ્ટમાં) Sigma Emerald જેવા સ્વીમીંગ પુલ, ગાર્ડન, જીમ, ફુલ એમેનીટીઝ સાથેના પ્રોજેક્ટમાં લેવા - 9870026887, Paras - 8879989196. (૧૪૩૪૦-જી)

**સુરેન્દ્ર ગાલા**
સાંતાક્રુઝ (ઈસ્ટ) 1/2/3 બેડરૂમ રેડી-બંધાતામાં, ભાડે થી/વેચાણથી, લેવા-આપવા. 9870026887, Paras - 8879989196. (૧૪૩૪૦-એચ)

**''બોરીવલી (વેસ્ટ)''**
**ભાડેથી 2 BHK ફ્લેટ 950 કાર્પેટ 15મે માળે અનફર્નિશ્ડ સોડાવાલા લેન ઓનરઃ 9323076966. (૧૪૩૪૩-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પેસ્તમસાગરમાં, સ્પેશીયસ 1 બી.એચ.કે./ 540 કારપેટ, ૧લે માળે, જોગર્સ પાર્ક નજીક, વેચાણથી. (અપેક્ષા 1.25 CR) ''ઓનર'' - 9821213014. (૧૪૩૪૪-એ)**

**ભુજ-કચ્છ**
ક.વી.ઓ. તથા દેરાસર નજીક. 2 BHK, 2 બાલ્કની, લિફ્ટવાળા બિલ્ડીંગમાં, ત્રણ સાઈડ ખુલ્લો ફ્લેટ વેચવાનો છે. કલ્પેશભાઈ - 9825122956. (૧૪૩૪૬-એ)

**બોરીવલી વેસ્ટ**
**ટીપીએસ 3 બેડરૂમ ૧ મેથી ભાડે આપવાનો છે. અંકિતા એસ્ટેટ. 9867015566. (૧૪૩૪૫-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**રાજાવાડી, 3 બેડરૂમ, હોલ, કિચન, ૧૦૧૩' કારપેટ, ૧ સ્ટીલ્ટ પાર્કિંગ, 2.35 Cr.(નેગોશીએબલ) સોલ એજન્ટઃ ''હોમઅલોન પ્રોપર્ટી'' ''જુગ્નું શાહ'' 9833352224. (૧૪૩૪૭-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વલ્લભબાગ એક્ષ્ટેનશન, નવું બિલ્ડીંગ, OC સાથે, 3 બેડરૂમ, હોલ, કિચન, 930' કારપેટ, હાયરફ્લોર, 2 પાર્કિંગ, 3.20 CR (નેગોશીએબલ) હોમઅલોન પ્રોપર્ટી ''જુગ્નું શાહ'' - 9833352224. (૧૪૩૪૭-બી)**

**પાર્લા (ઈસ્ટ)**
દેરાસર 2 બેડરૂમ - 1,35,00,000/= ભુપેનભાઈ - 9892536334, 9819353566. (૧૪૩૪૭-ડી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
ભાડેથી. નિલકંઠવેલી ૧ બેડરૂમ, હોલ, કિચન/ઓડિયન, રાજાવાડી - ૨ બેડરૂમ, હોલ, કિચન. બ્રોકર (મુકેશભાઈ) 9323030141, 81690 19857. (૧૪૩૩૬-બી)

**અંધેરી વેસ્ટ**
ભરડાવાડી નજીક રેડી પઝેશન OC 2 બેડરૂમ 641 કાર્પેટ 2.5 બેડરૂમ 814 કાર્પેટ 3 બેડરૂમ 990 કાર્પેટ ફર્નીશ્ડ ''રીમા એસ્ટેટ'' 9820000627 - 7045660627. (એસડીબી-૧૮૫૧)

**પરેલ**
૨ બેડરૂમ - ઓમકાર વેદા ૮૧૬' કારપેટ, હિન્દમાતા ટોકીઝ - ૫૫૦' કારપેટ, રાજકમલ સ્ટુડિયો ૮૬૦' કારપેટ (લેવા-વેચવા) ૮૯૨૮૭૯૩૧૫૪ / ૯૮૨૧૨૬૮૬૯૯. (બી - ૧૪૦૯૦)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી પૂર્વ**
પારસી પંચાયત રોડ, આંબાવાડી SRA 1 રૂમ રસોડું 225' ટ્રાન્સફરેબલ વેચાણમાં 45 લાખ ફ્લેટ - ઓફિસ - ગોડાઉન - દુકાન - ફેક્ટરી ભાડેથી - વેચાણમાં લેવા - આપવા લાભુભાઈ 9820832259. (એસડીબી-૧૮૫૪)

**GOWALIA TANK**
1400' Carpet, 3 Bedroom, furnished Flat with 1 Car Parking, 7 Cr. negotiable. Anal Shah - 9819766658. (B-14070)

**YOGI NAGAR**
Borivali (West) 3 Bedroom 1050' Carpet Semi furnished 3.00 Cr. Contact Broker - 9819674859. (JP/4909-A)

**DAHISAR (WEST)**
Jaywant Sawant Road Near Station 2 Bedroom 660' Carpet furnished Flat 1.61 Cr. Contact Broker 9819781688. (JP/4909-C)

**BORIVALI (EAST)**
Dattapada Road 2 Bedroom 620' Carpet 1.65 Cr. Contact Broker - 9819781688. (JP/4909-B)

**BORIVALI (WEST)**
Vajira Naka 2 Bedroom 730' Carpet furnished 2.05 Cr. Contact Broker - 9819781688. (JP/4909-D)

**2 BHK FULLY FURNISHED Sea View Near Mahalaxmi Temple. One Reserve Car Parking. Only Vegetarians. Brokers Welcome. Contact: 9820044764 / 9820244764. (B-14064)**

**BIGGEST LAUNCH IN LALBAG**
With Jain Mandir, Upashray, All amenities, 50+ Storeys Tower, 1.6 acres plot, 2, 3, 4, 5 Bed 2.99 Cr. ++ Book your appointment + 8655884977. (B-13927)

**VILE PARLE (WEST)**
2 BHK, 700' Carpet, available on Rent, Spacious, fully furnished, Prime Location, East-West at Sanyash Asram Compound. Call: Viraj: 9892666070, Hitesh: 9892892434. (14316/E)

**OUTRIGHT**
3 BHK Starting from 2.35 Cr, Kandivali West Paresh C H Kadecha - 9223512511. (13491/E)

**SHETH BEAUMONTE, SION**
Ready OC, fully furnished Newly made Interiors, 3 Bed + Serv Room Spacious, with views Higher Floor 7.35 Cr. 9769884999. (B-13974)

**VILEPARLE EAST**
2 BHK-650' @ 2.08 Cr +++. & 685' @ 2.19 Cr +++ "Navkar Estate" - 9869108628. (JP-4912-B)

**DADAR WEST**
**2 BEDROOMS 750 CARPET + COVERED PARKING 3.50 CR, 3 BEDROOMS 6/7/8 CR... ALSO ON RENT 1 BEDROOM, FURNISHED 50,000 "DIVINE HOUSING" 9820126355 / 9322155751. (14342-A)**

**DADAR**
**HINDU COLONY, 1st LANE ON RENT UNFURNISHED 3 BEDROOMS + GARAGE 1st FLOOR, NO LIFT, 90,000/- PEACEFUL LOCATION. ALSO FOR SALE 2/3 BEDROOMS. "DIVINE HOUSING" 9820126355 / 9322155751. (14342-B)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**લીવ લાઈસન્સ**
નવજીવન સોસાયટી લેમિંગ્ટન રોડ 2 બેડરૂમ ભાડેથી જોઈએ છે. સંપર્ક કિરીટ + 91 9819968298 / 9821138298. (જી - ૨૪૯૨-એ)

**પાર્લા**
(ઈસ્ટ - વેસ્ટ) 2 બેડરૂમ - 2,75,00,000/= જોઈએ છે. ભુપેનભાઈ - 9892536334, 9819353566. (૧૪૩૪૭-ઈ)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા**
કાંદિવલી (વેસ્ટ) ચારકોપ - ફેક્ટરી બિલ્ડિંગ - Plot - અર્જન્ટ લેવા - વેચવા - ભાડેથી સંપર્ક ફેલીસીયા એસોસિયેટ્સ એજન્ટ અનિલ શાહ 9820031373 બીપીન શાહ 9820320599. (જેપી/૪૯૦૬-બી)

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા વેચવા ભાડેથી રુષભ ઉપાધ્યાયઃ- 9049625073 હિતેષ ઉપાધ્યાયઃ- 9326470109. (એસડીબી-૧૮૪૨)

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**મીરાં-ભાયંદર**
ઈન્ડસ્ટ્રીયલમાં શેડ 4000', 8000' લોરીટચ ભાડેથી - લેવા - દિનેશ - 9324402779. (એસડીબી-૧૮૫૦)

**અંધેરી (ઈસ્ટ)**
સાકીવિહાર રોડ, 3200' ગ્રાઉન્ડ, 3200' ફર્સ્ટ, + 6500' પ્રાઈમ મેન્ટેન જગ્યા, 13' હાઈટ, મેન રોડથી એન્ટ્રી, ઓફીસ, ફેક્ટરી, ગારમેન્ટ, બેક ઓફીસ, બેંક્વેટ લાયક, ચારે સાઈડ ઓપન, સ્કૂલ, ક્લાસ તથા કોઈપણ ધંધાને લાયક, પેકિંગ પ્રિન્ટિંગ, જોતાં જ ગમી જાય, એક સાથે અથવા અલગ અલગ ભાડેથી આપવાની, લેનાર પાર્ટીએ ફોન કરવો. Vithalbhai: 9324949539, 9167019050 અન્ય પ્રપોઝલો. (૧૩૪૯૪-એ)

## ૨૦. ધંધાદારી જગ્યા

**પ્રીન્સેસ સ્ટ્રીટ**
દવા બજાર ૨૬૦' કારપેટ દુકાન/ ગોડાઉન સેલ્ફ કન્ટેઈન્ડ, ઓનરશીપ વેચાણથી. સંપર્કઃ ૯૮૨૦૧૬૦૩૪૬. (બી-૧૪૦૬૭)

**દુકાન વેચાણથી**
વિલેપાર્લે ઈસ્ટ હનુમાન રોડ પ્રાઈમ લોકેશનમાં 320' કાર્પેટ IDBI બેંક પાસે - રોડ ટચ, 3.50 કરોડ નેગોશીએબલ, સેલ્ફ કન્ટેન, વહેલા તે પહેલા ધોરણે Joshi estate - 9967664729. (કે પી/૪૯૦૬-ઈ)

**સિક્કાનગર**
પાસે ધંધાદારી જગ્યા ભાડેથી/ વેચવા માટે 600 - 1000. માલકીન 9619235756. (બી-૧૪૦૨૫)

**દુકાનો - શોરૂમ**
નાની મોટી દુકાનો / શોરૂમ - ભાડેથી - વેચાણ લેવા / વેચવા પદમાવતી એસ્ટેટ વેલજીભાઈ દાદર વેસ્ટ 9820553072 / 9322296555. (બી-૧૩૫૮૮)

**ગોદામો, મસ્જિદબંદર (વેસ્ટ)**
દરિયાસ્થાન સ્ટ્રીટ, કાઝીસૈયદ સ્ટ્રીટ, એરિયા ૧૫૦૦ થી ૨૫૦૦ RCC મકાનમાં ભાડેથી/ લીવલાયસંસથી લેવા મળો મહેશ શાહ ૯૮૨૦૨ ૫૩૦૨૬, ૨૩૪૨૨૨૬૧/ ૨૩૪૩૭૭૭૭. (જી-૨૪૯૨-બી)

**LOWER PAREL**
1200 sqft Office & 1700 sqft Godown available for Leave and Licence. Only WhatsApp 73044 72581 (Owner). (SDB-1844)

**Available for Sale**
**Pragati Industrial Estate, Nr. Lower Parel/ Curry Road Railway Stn**
- A/c Fully furnished
- 905 sft.+500 sft mezzanines
- 25 workstations
- Conference Room
- Exec. Cabin
- Reception
- 2-Indept Toilets

**9819491284/ 9321049045**
(B-14072)

**PEDDAR ROAD**
Doctor House full floor 2000 sqft 14 Cr 4 Parking & for Rent Clinic 100 to 400 sqft with Parking Owner 9892710071/ 9619048555. (B-14050)

**AVAILABLE COMMERCIAL PREMISE AT SHRIPAL NAGAR**
NEPEAN SEA ROAD, MUMBAI
FOR SALE / LEASE
Commercial Premise Carpet Area approx. 1600 Sq. ft. belonging to Religious Trust for Sale /Lease.
For more details Contact
9867183874
9821071646
Email: info@nirlacgroup.com
(B-14076)

## ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''લગ્નગીત'', ''સંગીતસંધ્યા'', ''બથડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૪૩૪૦-ઈ)

## ૨૫. શૈક્ષણીક

**PASS PRIVATELY**
10th, 12th. GRADUATION, MBA, B.Ed; ENGINEERING, PHARMACY. 8369756947. (14341-B)

## ૩૧. નાણાંકીય

**ભારતમાં સૌ પ્રથમ વાર**
**SEMI ALGO INTRADAY SOFTWARE**
MCX સીલ્વર & ગોલ્ડમાં ઈન્ટ્રાડે ટ્રેડ
૧ મહીનો ફ્રિ ટ્રાયલ
ટ્રાયલ દરમિયાન નુકશાનીમાં ૫૦% ની ભાગીદારી
માસિક રીટર્ન ૨૫ થી ૩૦%
કોન્ટેક ફકત શનિવાર અને રવિવાર
**9879898795**
(૧૪૨૯૯-બી)

## ૩૧. નાણાંકીય

**સુરક્ષિત રોકાણ**
યોગ્ય પ્રોપર પ્લાનિંગથી ઈન્વેસ્ટમેન્ટ કરીને દર મહિને એક લાખ કરતાં વધારે અથવા લમસમ એમાઉન્ટ મેળવી શકો. અન્ય વિવિધ રોકાણ કરીને સારું વળતર મેળવી શકો. સંપર્ક 9820411680. (૧૪૩૦૭-એ)

■ શેરનાં ડીમેટ / IEPF / ડુપ્લીકેટ / ટ્રાન્સમીશનની સર્વિસ આપશું. / ખરીદશું. - 9619315362, 8291225710. (૧૪૩૨૫-બી)

**''લોન-ડીફોલ્ટર્સ''**
બેંકથી સેટલમેન્ટ (કોઈપણ-મેટર) (વકીલ મારફત પોસીબલ). 9137725086. (બી-૧૪૦૮૯)

## ૩૨. જમીન-મિલકત

**વલસાડ**
ચાલુ ધંધા સાથેની દુકાન (મોલ), - બંગલો વેચાણથી 9274793095. (૧૪૨૯૫-એ)

■ રાજકોટમાં જમીન જોઇએ છે આસપાસના ગામમાં, પ્લોટ - ખેતર, કાલાવડ રોડ, જામનગર રોડ, મોરબી રોડ, કુવાડવા રોડ, ગોંડલ રોડ. કીર્તિભાઈ કંસારા : ૯૮૨૫૧ ૬૦૯૭૪, ૭૦૪૬૭ ૧૦૧૧૧. (બી-૧૪૦૪૫)

LAST 2 DAYS
THE MOST AWAITED PROPERTY EXPO IS BACK!
Dimples Group
Shaping your dream home
PRESENTS
**HOT PROPERTY EXHIBITION**
IN PARTNERSHIP WITH RAGHAV REALTY
**KORA KENDRA**
**GROUND 1, BORIVALI (W)**
FRI 05 | SAT 06 | SUN 07
APRIL 2024 | 10AM-7:30PM
**WESTERN SUBURBS**
THE JEWEL OF MUMBAI
30+ Developers | 100 + Projects | 10,000+ Homes
AC DOME | ENTRY FREE
AFFORDABLE, LUXURY, WEEKEND HOMES OR COMMERCIAL PROPERTIES, ALL UNDER ONE ROOF!
FOR MORE DETAILS CONTACT : SATYAM : 98235 32897
(B-14071)

## ૩૩. ધંધાદારી

**કબૂતરની જાળી**
ફીટીંગ સાથે 3 વર્ષની ગેરંટી, ઓલ બર્ડનેટ સર્વિસ. નાયલોન નેટ લોંગટાઈમ લાઈફ. ''જીતુભાઈ'' - 7900191232. (બી-૧૪૦૫૩)

**મોટી કમાણી ઘેર બેઠાં**
૧ થી ૨ કલાક કામ કરી કમાઓ. પ્રખ્યાત કંપનીનાં લે-વેંચની ટ્રેનિંગ આપશું. સંપર્કઃ 9820112323. (૧૪૩૦૯/એ)

**એકાઉન્ટ**
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ- 9869587290. (બી-૧૩૯૫૦)

**''મેડીકલેમ''**
''600% બોનસ આપતી પોલીસી, કોઈપણ પોલીસી ટ્રાન્સફર, નો રૂમ રેન્ટ, નો કેપીંગ, કેશલેસ સુવિધા'', ''હંસા મોતા'' - 9821485719/9324040850. (૧૪૩૪૦-બી)

**ડીમ કન્વેયન્સ**
**પ્રોપટીકાર્ડ ટ્રાન્સફર**
**સ્ટ્રકચર ઓડિટ**
**મેન્ટેનન્સ રીકવરી**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૪૦૫૫)

■ દર મહિને 6% -7% કમાઓ. પોતાના ટ્રેડિંગ એકાઉન્ટમાં પારદર્શક વ્યવહાર, અનુભવી બિઝનેસ પ્રોફેશનલ ટીમ ડેમો ફ્રી. ડૂ પ્રાયિમ- 9768546546. (બી-૧૩૯૫૮)

**એકાઉન્ટ**
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ - 9869587290. (બી-૧૪૦૯૨)

GOLDEN OPPORTUNITY. Require Joint Developers, Corporates. Big Plot. Malad (West), Mumbai. Ideal + Profitable for Many Projects. Rich Surroundings. 9320166788. (B-13433)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીચામુંડા જ્યોતિષ**
**લગ્નમાં રૂકાવટ, ખવડાવેલુ, પિવડાવેલુ, જૂની બીમારી, સંતાન ચિંતા, લવમેરેજ, પતિદુખ, છુટાછેડા, શત્રુથી પરેશાન, પારસ નગર, જૈન દેરાસર પાસે, શંકરગલી કાંદિવલી (વેસ્ટ). 9157999811/022-31970731. (૧૪૩૩૪/એ)**

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઘરનું / ઓફિસનુંઃ 'INTERIOR' કરાવી...**
સુંદર ઘરનું-ઓફિસનું સપનું સાકાર કરો.. (ફર્નિચરથી પેઈન્ટિંગ વિગેરે...) 'ISHITA' - 9167299961. (૧૪૩૨૫/ડી)

**FREE DESIGNING**
[Flats, Offices, Restaurants] Civil, Furniture, Plumbing, Electrical, Ceiling, Painting. 8879430789. (14254-A)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૪૨૭૮-સી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**લિકેજ બંધ**
સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડિંગ રીપેરીંગ, પેઈન્ટીંગ - 9769735633 - 7977683538. (બી-૧૪૦૬૫)

**બિલ્ડિંગ રિપેરીંગ**
ટેરેસ, સોસાયટી ટાવર, બંગલો, ઈન્ડસ્ટ્રીયલ, પોડિયમ એરિયા, આઉટસાઈડ વોલ, છજીયા, બિંબ કોલમ, ક્રેક ફીલીંગ, પ્લાસ્ટરિંગ, પેઈન્ટીંગ, વોટર પ્રુફીંગ. 9320210293. (૧૪૨૫૪-ડી)

**SWAMINARAYAN WATERPROOFING**
ટેરેસ, સોસાયટી, બંગલો, છજ્જા, આઉટ-ઈન વોલ, ક્રેક ફીલીંગ, પ્લાસ્ટર, પેન્ટીંગ, બાથરૂમ, વોટરપ્રુફીંગ. 9321784252/ 9967832871. (૧૩૪૯૫-એ)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**
મેંગો, નાસ્તો, મસાલા, કપડાં બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર, હોંગકોંગ. 9769691025 - 26822572. (બી-૧૪૦૩૫)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

**ફોરેન પાર્સલ**
લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

**પરદેશમાં પાર્સલ**
Western Air International, USA, UK, Canada, New Zealand, Dubai, Singapore તમામ દેશમાં પાર્સલ મોકલવા - 9820605632, 9820875632. (૧૪૩૩૬-ડી)

# ગુજરાત યુનિ.એ શુક્રવારની પરીક્ષાનું પેપર વિદ્યાર્થીઓને ગુરુવારે આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીમાં પરીક્ષાઓ ચાલી રહી છે, યુનિવર્સિટીની બીએસસીની પરીક્ષામાં શુક્રવારની પરીક્ષાનું પેપર ગુરુવારે પૂછી લેવાતા પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા

રાજ્યની સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટીમાં ચાલી રહેલી બીએસસીની પરીક્ષામાં મોટો છબરડો બહાર આવ્યો હતો. યુનિવર્સિટીમાં અત્યારે ચાલી રહેલી બીએસસી સેમેસ્ટર ૬ની પરીક્ષામાં ગુરુવારે જે વિષયનું પેપર હતું, તેની જગ્યાએ શુક્રવારનું પેપર પૂછવામાં આવ્યું હતું. જોકે આ ઘટના સામે આવતા જ વિદ્યાર્થીઓ ચોંકી ઊઠ્યા હતા. વિદ્યાર્થીઓની રજૂઆત બાદ પરીક્ષા વિભાગે એક કલાક બાદ હાથથી લખેલું નવું પેપર કાઢીને વિદ્યાર્થીઓને આપ્યું હતું. જોકે પરીક્ષામાં થયેલી આ ભૂલ બાદ યુનિવર્સિટીના અલગ અલગ વિભાગ એકબીજા પર દોષારોપણ કરતા જોવા મળ્યા હતા. પરીક્ષા વિભાગે આ અંગે દોષનો ટોપલો પેપર સેટર પર ઢોળ્યો છે. યુનિવર્સિટીમાં પરીક્ષાના સમયે સવારે ૧૧ વાગે વિદ્યાર્થીઓના હાથમાં પેપર આવતા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના તંત્રને રજૂઆત કરી હતી, જેથી વિદ્યાર્થીઓ પાસેથી પેપર પરત લેવામાં આવ્યું હતું, ત્યારબાદ ૧૨:૩૦ વાગે વિદ્યાર્થીઓને હાથથી લખેલું પેપર આપવામાં આવ્યું હતું. બપોરે ૧:૩૦ વાગે પૂરી થતી પરીક્ષા ૨:૩૦ વાગે પૂરી કરવામાં આવી હતી. પરીક્ષાના છબરડા અંગે પરીક્ષા વિભાગની જ બેદરકારી બહાર આવી હતી.

પરીક્ષામાં છબરડા અંગે પરીક્ષા નિયામક કલ્પેન વોરાએ જણાવ્યું હતું કે, ગુરુવારે જે પેપર હતું તેની જગ્યાએ વિદ્યાર્થીઓને શુક્રવારનું પેપર આપવામાં આવ્યું હતું. પેપર સેટરની ભૂલના કારણે આ છબરડો થયો છે. વિદ્યાર્થીઓને થોડીક ક્ષણોમાં અન્ય પેપર આપી દેવામાં આવ્યું હતું. જોકે આ અંગે ગુજરાત યુનિવર્સિટી કુલપતિ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. ■

# રાજકોટ બાદ ગોંડલમાં પુરુષોત્તમ રૂપાલા વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હાલ પુરુષોત્તમ રૂપાલાના નિવેદન બાદનો ક્ષત્રિયોનો ગુસ્સો શમવાનો નામ નથી લેતો ત્યાં તેમને માથે વધુ એક મુશ્કેલી આવી પડે છે. રૂપાલા વિરુદ્ધ હવે રાજકોટની માફક ગોંડલમાં પણ ફરિયાદ નોંધાવામાં આવી છે. રૂપાલા વિરુદ્ધ આ ફરિયાદ ચોરડી ગામના હર્ષદસિંહ ઝાલા દ્વારા નોંધાવવામાં આવી છે.

રાજકોટની માફક ગોંડલમાં પિટિશન ફાઈલ કરવામાં આવી છે. રાજકોટ કોર્ટ ખાતે દાખલ કરવામાં આવેલી પિટિશન મામલે તા.૧૫મી એપ્રિલના રોજ વધુ સુનવણી હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ક્ષત્રિય સમાજની નારાજગી બાદ બુધવારે રાજપૂત સમાજ સંકલન સમિતિના સભ્યો અને ભાજપના ક્ષત્રિય નેતાઓ વચ્ચે અમદાવાદના ગોતામાં બેઠક મળી હતી. જેમાં ક્ષત્રિય સમાજે એક જ વાત કરી, માફી નહીં રૂપાલાની ટિકિટ રદ કરો. સાથે જ ક્ષત્રિય સમાજના દેખાવો અને વિરોધ યથાવત્ રાખવાની પણ જાહેરાત કરાઈ છે. આ સાથે તેમણે રૂપાલાની ટિકિટ રદ કરવાની આ છેલ્લી બેઠક છે તેમ પણ જણાવ્યું હતું. બેઠક બાદ ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું હતું, કે હવે પક્ષ નિર્ણય લેશે. બેઠકમાં કોઈ સમાધાન નથી આવ્યું. આ સંકલન સમિતિની બેઠક નિષ્ફળ જતા ભાજપના ક્ષત્રિય સમાજના નેતાઓની કમલમમાં બેઠક મળી જેમાં સંગઠન મહામંત્રી રત્નાકરજીને માહિતી અપાઈ હતી. ■

**લોકસભા ચૂંટણી ૨૦૨૪**

# વિપક્ષી ગઠબંધનનું નામ ઈન્ડિયા રાખવા પર કોર્ટની અંતિમ મુદત

નવી દિલ્હીઃ વિપક્ષી પાર્ટીઓ દ્વારા પોતાના ગઠબંધનનું નામ ઈન્ડિયા રાખ્યું હતું. આને લઈને દિલ્હી હાઈ કોર્ટમાં કરવામાં આવેલી પિટિશનની સુનાવણી કરવા માટે હાઈ કોર્ટે વિપક્ષી ગઠબંધન પાસે જવાબ માગ્યો હતો, પરંતુ હજી સુધી તેમના તરફથી કોઈ જવાબ ન આવતાં આખરે દિલ્હી હાઈ કોર્ટે વિપક્ષી પાર્ટીઓ અને કેન્દ્ર સરકારને નોટિસ જારી કરીને કહ્યું છે કે આ અંતિમ મુદત આપવામાં આવી રહી છે.

દિલ્હી હાઈ કોર્ટે વિપક્ષી પાર્ટીઓ પાસેથી સાત દિવસમાં જવાબ માગ્યો છે અને આ પિટિશનની સુનાવણી ૧૦મી એપ્રિલે નિર્ધારિત કરી છે.

દિલ્હી હાઈ કોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસ મનમોહન અને જસ્ટિસ મનમીત પ્રીતમ સિંહ અરોડાની ખંડપીઠ આ કેસની સુનાવણી કરી રહી છે. ગિરિશ ભારદ્વાજ નામની વ્યક્તિ દ્વારા વિપક્ષી ગઠબંધન દ્વારા ઈન્ડિયા નામ રાખવામાં આવ્યું તેની સામે પિટિશન કરવામાં આવી હતી.

પોતાની પિટિશનમાં એવી માગણી કરી હતી કે વિપક્ષી પાર્ટીઓને ઈન્ડિયા નામનો ઉપયોગ કરતાં રોકવામાં આવે કેમ કે આ પાર્ટીઓ દેશના નામનો ગેરલાભ ઉઠાવી રહી છે.

તેમણે હાઈ કોર્ટને એવી વિનંતી કરી હતી કે ૧૯ એપ્રિલે મતદાનનો પહેલો તબક્કો છે તેથી સુનાવણી વહેલી કરવામાં આવે, જોકે અદાલતે આ વિનંતી નકારી કાઢી હતી. વિપક્ષી પાર્ટીઓએ ગયા વર્ષના જુલાઈ મહિનામાં પોતાના ગઠબંધનનું નામ ઈન્ડિયા (ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટ ઈન્કલુઝિવ અલાયન્સ) રાખ્યું હતું.

તેમણે બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજી અને કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી વચ્ચેના સંવાદને ટાંક્યો હતો અને કહ્યું હતું કે વિપક્ષ દેશનું નામ ખેંચીને એવું દર્શાવવાનો પ્રયાસ કરી રહી છે કે આ લડાઈ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની લડાઈ આપણા દેશ સાથે છે. તેમણે એવો તર્ક આપ્યો છે કે આનાથી એવો ભ્રમ નિર્માણ થયો છે કે ૨૦૨૪નો ચૂંટણી જંગ રાજનીતિક પાર્ટીઓ અથવા ગઠબંધન અને આપણા દેશની વચ્ચે થવાની છે.

તેમણે એમ પણ કહ્યું છે કે ગઠબંધનનું નામ દેશના નામ પર રાખવાથી નફરતમાં વધારો થઈ શકે છે અને તેનાથી રાજકીય હિંસા થવાની શક્યતા રહેલી છે. ■

# નાશિકના છોકરાનો ગણતરીમાં વિશ્વ વિક્રમ

નવી દિલ્હીઃ દિલ્હી પબ્લિક સ્કૂલ (ડીપીએસ) નાસિકના વિદ્યાર્થી આર્યન શુક્લાએ ઇટાલીના મિલાનમાં 'સૌથી ઝડપી માનસિક રીતે ૫૦ પાંચ-અંકના નંબરો ઉમેરવાની' નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કર્યા બાદ ધોરણ આઠમાં અભ્યાસ કરતાં આર્યન શુક્લાએ 'સૌથી ઝડપી માનસિક રીતે ૫૦ પાંચ-અંકના નંબરો ઉમેરવાનો' ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવી તેની યશકલગીમાં વધુ એક પીછું ઉમેર્યું હતું. આર્યને ૨૯મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ઇટાલીના મિલાન ખાતે ઇટાલિયન ટીવી શો 'લો શો દેઇ રેકોર્ડ'માં માત્ર ૨૫.૧૯ સેકન્ડમાં રેકોર્ડ હાંસલ કર્યો હતો.

ડીપીએસ નાસિક દ્વારા જારી કરાયેલી પ્રેસ રિલીઝમાં જણાવ્યા મુજબ આ પ્રથમ વખત નથી જ્યારે યુવા ગણિત પ્રતિભાએ તેની પ્રતિભા માટે પ્રશંસા મેળવી હોય. ૨૦૨૨માં આર્યન જર્મનીના પેડરબોર્નમાં યોજાયેલા મેન્ટલ કેલ્ક્યુલેશન વર્લ્ડ કપમાં 'વર્લ્ડ ચેમ્પિયન એટ ચેમ્પિયન'નો ખિતાબ જીત્યો હતો. જ્યાં તેણે વિશ્વભરના ૨૦ દેશોના ટોચના ૪૦ માનવ કેલ્ક્યુલેટરમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

એટલું જ નહીં જ્યારે આર્યન માત્ર આઠ વર્ષનો હતો ત્યારે તેણે તુર્કીના ઇસ્તાંબુલમાં 'મેમોરિયલ તુર્કી ઓપન ચેમ્પિયનશિપ'માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું અને સાત ગોલ્ડ, એક સિલ્વર અને બે બ્રોન્ઝ સહિત ૧૦ મેડલ જીત્યા હતા અને બે કિડ્સ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા હતા. આર્યન મેમોરિયલ ખાતે એક જ સ્પર્ધામાં સૌથી વધુ મેડલ જીતવાનો રેકોર્ડ ધરાવે છે, એમ અખબારી યાદીમાં જણાવાયું હતું. ■

# રેપો રેટ યથાવત્ રહેતા બજાર અથડાઈ ગયું, અત્યંત મામૂલી સુધારા સાથે બેન્ચમાર્કે નવી ઓલટાઈમ હાઈ સપાટી હાંસલ કરી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના નેગેટીવ ટ્રેન્ડ સાથે સ્થાનિક સ્તરે રિઝર્વ બેન્કે મુખ્ય વ્યાજદર યથાવત્ રાખવાના જાહેર કરેલા નિર્ણયને પગલે નિરસ હવામાનમાં બજાર અથડાઇ ગયું હતું, જોકે, મામૂલી સુધારાને પગલે બંને બેન્ચમાર્ક નવી ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)ની મોનેટરી પોલિસી કમિટીએ ચાવીરૂપ દરો યથાવત રાખવાનો નિર્ણય અપેક્ષિત જ હોવા છતાં પાંચમી એપ્રિલે સેન્સેક્સ અને નિફ્ટી અસ્થિર સત્રમાં અટાવાઇ ગયા હતા, પરંતુ મિડકેપ ઈન્ડેક્સ સતત દસમા દિવસે પોઝિટીવ ઝોનમાં આગળ વધ્યો હતો.

સત્રને અંતે સેન્સેક્સ માત્ર ૨૦.૫૯ પોઇન્ટ અથવા ૦.૦૩ ટકા વધીને ૭૪,૨૪૮.૨૨ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. સત્ર દરમિયાન સેન્સેક્સ ૭૪,૩૬૧.૧૧ પોઇન્ટની ઊંચી અને ૭૩,૯૪૬.૯૨ પોઇન્ટની નીચી સપાટી વચ્ચે અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૦.૯૫ પોઇન્ટના નગણ્ય સુધારા સાથે ૨૨,૫૧૩.૭૦ની સપાટી પર સ્થિર થયો હતો. નિફ્ટીના ૫૦માંથી ૨૮ શેર નેગેટીવ જોનમાં ગબડ્યા હતા. બજારો નીચા મથાળે ખુલ્યા હતા અને સમગ્ર સત્ર દરમિયાન રેન્જબાઉન્ડ ટ્રેડ થયા હતા, પરંતુ બેન્કિંગ શેર્સમાં મજબૂત રિકવરીએ બેન્ચમાર્કને ટેકો આપ્યો હતો, જેનાથી નિફ્ટી બેન્ક ઇન્ડેક્સ ૦.૯ ટકાના ઊંચા સ્તરે બંધ થયો હતો. સેન્સેક્સ પર, કોટક બૅન્ક, આઇસીઆઇસીઆઇ બૅન્ક અને સ્ટેટ બૅન્ક સિવાય એચડીએફસી બૅન્ક સ્પષ્ટ ટેકો આપનાર શેર રહ્યાં હતાં. બજાજ ફાઇનાન્સ તેના ચોથા ક્વાર્ટરના બિઝનેસ અપડેટ પછી સેન્સેક્સના મુખ્ય ઘટનારા શેરોમાં સામેલ થયો હતો.

આરબીઆઇ એમપીસીએ સતત સાતમી વખત વ્યાજ દરો પર યથાવત સ્થિતિ જાળવી રાખી છે અને નાણાકીય વર્ષ ૨૦૨૫ ની પ્રથમ બેઠકમાં 'વિડ્રોઅલ ઓફ એકોમોડેશન' પર નાણાકીય વલણ જાળવી રાખ્યું છે. કોટક મહિન્દ્રા, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ, એચડીએફસી બૅન્ક, બજાજ ફિનસર્વ અને આઈટીસી નિફ્ટીમાં ટોપ ગેનર્સમાં હતા, જ્યારે અલ્ટ્રાટેક સિમેન્ટ, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ, બજાજ ઓટો, બજાજ ફાઈનાન્સ અને એલએન્ડટી ટોપ લુઝર્સ શેરોમી યાદીમાં હતા.

બેંકિંગ સિવાય, એફએમસીજી અને રિયલ્ટી ઇન્ડેક્સ ૦.૫-૧.૫ ટકા વધ્યા હતા, જ્યારે ઇન્ફોર્મેશન ટેક્નોલોજી અને મીડિયા ૦.૪ ટકા ઘટ્યા હતા. વ્યક્તિગત શેરોમાં, ટાટા કેમિકલ્સ, મહાનગર ગેસ અને ગુજરાત ગેસના વોલ્યુમમાં ૪૦૦ ટકાથી વધુ ઉછાળો જોવા મળ્યો હતો. એસબીઆઇ કાર્ડ્સ, ઈન્દ્રપ્રસ્થ ગેસ, આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીમાં લોંગ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો, જ્યારે બિરલાસોફ્ટ, ટ્રેન્ટ અને ડ્લેમિયા ભારતમાં શોર્ટ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો.

એબીબી ઈન્ડિયા, અપાર ઈન્ડસ્ટ્રીઝ, કેનરા બૅન્ક, ફોર્સ મોટર્સ, ગ્લેનમાર્ક ફાર્મા, હિન્દુસ્તાન કોપર, ઈન્દ્રપ્રસ્થ ગેસ, ઈન્ડસ ટાવર્સ, ઈપ્કા લેબ્સ, જિંદાલ સ્ટીલ, એમએન્ડએમ, મહિન્દ્રા લાઈફ, એનસીસી સહિત બીએસઇ પર ૨૦૦થી વધુ શેરો તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

આ યાદીના અન્ય શેરોમાં ઓબેરોય રિયલ્ટી, પીબી ફિનટેક, સન ફાર્મા, સન ફાર્મા એડવાન્સ્ડ, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, વેદાંત, વોલ્ટાસનો પણ સમાવેશ હતો.

અગ્રણી બજાર વિશ્લેષકે કહ્યું હતું કે ઇન્ડેક્સ સમગ્ર સત્ર દરમિયાન સાઇડલાઇન મુવમેન્ટમાં રહ્યો છે, જે બજારના વલણમાં વિરામ દર્શાવે છે. દિશાત્મક બ્રેકઆઉટ અથવા પેટર્નની રચનાના અભાવને કારણે બેન્ચમાર્કની આગામી ચાલ આવી જ રહી શકે છે. નિફ્ટી માટે ૨૨,૬૫૦ પોઇન્ટની સપાટી નિર્ણાયક પ્રતિકાર સ્તર સાબિત થઈ શકે છે. જ્યાં સુધી ઇન્ડેક્સ ૨૨,૬૫૦ની નીચે રહે ત્યાં સુધી નવી તેજીની અપેક્ષા નથી. જ્યારે ડાઉન સાઇડમાં ૨૨,૩૦૦ ટેકાની સ્પષ્ટ સપાટી છે, જો સપાટી ભંગ થશે તો ઇન્ડેક્સ ૨૨૦૦૦-૨૧૯૦૦ રેન્જ સુધી નીચે ગબડી શકે છે.

એક અન્ય એનાલિસ્ટે કહ્યું હતું કે, નિફ્ટી નબળી નોંધ પર ખુલ્યો હતો અને દિવસ દરમિયાન કોન્સોલિડેટ થયો હતો. દૈનિક ચાર્ટ પર દેખાય છે કે નિફ્ટીએ પાછલા ટ્રેડિંગ સેશનની રેન્જમાં કોન્સોલિડેટ અને ટ્રેડિંગ કર્યું હતું. નિફ્ટી તીવ્ર ઉછાળા પછી કોન્સોલિડેટ થતો જણાય છે જે એક સ્વસ્થ સંકેત છે. જો લેવાલીનો ટેકો મળશે તો બેન્ચમાર્ક ૨૨,૭૦૦ના સ્તર સુધી આગળ વધી શકે છે. ડાઉનસાઇડ પર નિર્ણાયક સપોર્ટ ૨૨૪૦૦ - ૨૨૩૫૦ના લેવલ પર દેખાઇ રહ્યો છે. બેન્ક નિફ્ટીમાં આઉટપરફોર્મન્સ દેખાઇ રહ્યું છે અને જે ચાલુ રહેવાની ધારણા છે. ઉપરની બાજુ એ તાત્કાલિક અવરોધ ૪૮૬૩૬ના સ્તર પર મૂકવામાં આવ્યો છે અને તેનાથી ઉપરની રેલી ૪૯,૩૦૦ સુધી ચાલુ રહેવાની શક્યતા છે. જ્યારે ૪૭,૭૦૦ - ૪૭,૫૦૦નો ઝોન ટૂંકા ગાળાના પરિપ્રેક્ષ્યમાં નિર્ણાયક સપોર્ટ ઝોન તરીકે કામ કરશે. ડાઉનસાઇડ પર ૪૮,૦૦૦ ટૂંકા ગાળાના પરિપ્રેક્ષ્યમાં નિર્ણાયક ટેકો છે.

નોંધવું રહ્યું કે પાછલા સત્રમાં દેશનો સર્વિસ પીએમઆઇ લગભગ ૧૪ વર્ષની ઊંચી સપાટીએ પહોંચતા સુધરેલા સેન્ટિમેન્ટ વચ્ચે એચડીએફસી, ટીસીએસ સહિતના આઇટી શેરોની આગેવાનીએ મળેલા લેવાલીના ટેકાએ સેન્સેક્સ અને નિફ્ટીને નવી વિક્રમી સપાટીએ પહોંચાડ્યા હતા. માર્ચમાં વેચાણ અને બિઝનેસ એક્ટિવિટીમાં વધારો થવાને કારણે દેશના સેવા ક્ષેત્રની કામગીરીમાં મજબૂત ઉછાળો જોવા મળ્યો છે. એચએસબીસી ઇન્ડિયા સર્વિસિસ બિઝનેસ એક્ટિવિટી ઇન્ડેક્સ ફેબ્રુઆરીમાં ૬૦.૬ના સ્તરે હતો તે માર્ચમાં ૬૧.૨ની સપાટીએ પહોંચ્યો છે. સેન્સેક્સ ૩૫૦.૮૧ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા વધીને ગુરુવારે ૭૪,૨૨૭.૬૩ પોઇન્ટની જીવનકાળની સર્વોચ્ચ સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટી પણ ૮૦ પોઈન્ટ અથવા ૦.૩૬ ટકા વધીને ૨૨,૫૧૪.૬૫ પોઇન્ટની નવી વિક્રમી ટોચે પહોંચ્યો હતો.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, સેન્ટિમેન્ટના સુધારા માટે અન્ય કારણો પણ મોજૂદ છે, જેમાં વ્યાપક બજારે ચોથા ત્રિમાસિકના મજબૂત પરિણામોની અપેક્ષા વચ્ચે બેંક જેવા પસંદગીના ક્ષેત્રોમાં સારી લેવાલી જોવા મળી છે અને એ જ સાથે કમ્પોઝિટ પીએમઆઇ ડેટા પર આધારિત નિકાસના આંકડા બિઝનેસની મજબૂત પરિસ્થિતિ દર્શાવે છે.

દરમિયાન, આંતરરાષ્ટ્રીય ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૧ ટકા વધીને ૯૦.૭૫ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) એ ગુરૂવારે રૂ. ૧૧૩૬.૪૭ કરોડના મૂલ્યની ઇક્વિટી ઓફલોડ કરી હતી.

# સોનામાં ₹ ૨૦નો અને ચાંદીમાં ₹ ૨૪૧નો ઘસરકો

મુંબઈઃ આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટાની આજે મોડી સાંજે થનારી જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૨૩૦૪ ડૉલરની વિક્રમ સપાટી આસપાસ થવા કોન્સોલિડેટ થઈ રહ્યાના અહેવાલ હતા. તેમ જ સ્થાનિક સ્તરે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ રિપો રેટ યથાવત્ રાખતા ડૉલર સામે રૂપિયો આઠ પૈસા મજબૂત થવાથી સ્થાનિક ઝવેરી બજારમાં હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦ને અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૪૧નો ઘસરકો જોવા મળ્યો હતો.

આજે સ્થાનિકમાં .૯૯૯ ટચ ચાંદીમાં ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૪૧ના ઘટાડા સાથે રૂ. ૭૯,૦૯૬ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજારનાં મક્કમ વલણ છતાં સ્થાનિકમાં રૂપિયો મજબૂત થવાથી સોનાની આયાત પડતરમાં ઘટાડો અને ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ તથા જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી પણ પાંખી રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦ ઘટીને ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૯,૬૦૨ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૯,૮૮૨ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે મોડી સાંજે અમેરિકાનાં નોન ફાર્મ પે રૉલ ડેટાની જાહેરાત થવાની હોવાથી રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ સત્ર દરમિયાન એક તબક્કે વધીને ઔંસદીઠ ૨૩૦૪.૦૯ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ ૨૩૦૦.૪૯ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૨૩૦૮.૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૨૭.૨૨ ડૉલર આસપાસની સપાટીએ ટકેલાં રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવેલે તાજેતરમાં ફેડરલ રિઝર્વ વ્યાજ કપાત માટે સજ્જ હોવાનું જણાવતાં સોનામાં તેજીનું વલણ જોવા મળ્યું હોવાનું ટીડી સિક્યોરિટીઝનાં કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ બાર્ટ મૅલૅકે જણાવતાં ઉમેર્યું હતું કે ફુગાવો બે ટકાના લક્ષ્યાંકની ઉપર રહે તો પણ ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેમ જણાય છે. આ ઉપરાંત ફેડરલ રિઝર્વ ફુગાવા તથા બરોજગારીનાં ડેટા પર બારીકાઈથી નજર રાખશે. જોકે, હાલમાં બજાર વર્તુળો જૂન મહિનાથી ફેડરલ વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરે તેવી ધારણા મૂકી રહ્યા છે.

# ડૉલર સામે રૂપિયામાં આઠ પૈસાનો સુધારો

મુંબઈઃ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આજે નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર ૬.૫ ટકાના સ્તરે જાળવી રાખવાનો નિર્ણય લીધો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે આઠ પૈસાના સુધારા સાથે ૮૩.૩૧ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવ્યા હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૩૯ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૩.૪૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૪૫ અને ઉપરમાં ૮૩.૨૬ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે આઠ પૈસાના સુધારા સાથે ૮૩.૩૧ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે આજે બજારમાં રિઝર્વ બૅન્કની નીતિ કેન્દ્રમાં રહી હતી. રિઝર્વ બૅન્કે ફુગાવા અને નાણાકીય વર્ષ ૨૦૨૫ માટેનાં જીડીપીનો અંદાજ અનુક્રમે ૪.૫ ટકા અને સાત ટકાના સ્તરે યથાવત્ રાખ્યો હોવાનું બીએનપી પારિબાસનાં વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે રિઝર્વ બૅન્કે વર્તમાન આર્થિક સ્થિતિની આકારણી કરીને ૫ઃ૧ની બહુમતીથી ૬.૫ ટકા રીપો રેટ જાળવી રાખવાનો નિર્ણય લીધો હતો. અમારા મતાનુસાર આગામી દિવસોમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલની મજબૂતીને ધ્યાનમાં લેતાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળે તેવી શક્યતા નકારી ન શકાય. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૨ ટકા વધીને ૧૦૪.૨૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૦૯ ટકા વધીને બેરલદીઠ ૯૦.૭૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૧૩૬.૪૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૦.૫૯ પૉઈન્ટનો અને ૦.૯૫ પૉઈન્ટનો સાધારણ સુધારો આવ્યો હતો.

# ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને બિહારમાંથી ઘઉંની પ્રાપ્તિમાં સાત ગણા વધારાનો કેન્દ્રનો લક્ષ્યાંક

નવી દિલ્હીઃ લોકસભાની ચૂંટણીની ગરમીના માહોલમાં કેન્દ્ર સરકાર ઘઉંના બિનપરંપરાગત ઉત્પાદક રાજ્યો ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને બિહારમાંથી વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ની માર્કેટિંગ મોસમમાં ઘઉંની પ્રાપ્તિ સાત ગણી વધીને ૫૦ લાખ ટન થવાનો લક્ષ્યાંક રાખ્યો છે. તેમ જ ઘઉંની નિકાસ પરનો પ્રતિબંધ જળવાઈ રહ્યો હોવા છતાં ઘઉંની નિકાસનું અમારું સ્વપ્ન હોવાનું ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ આજે પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું.

ઘઉંની પ્રાપ્તિમાં ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને બિહારમાંથી પ્રાપ્તિ ઓછી થઈ રહી છે. વર્તમાન મોસમ માટે અમે ૩૧૦ લાખ ટન ઘઉંની પ્રાપ્તિનો લક્ષ્યાંક રાખ્યો છે, તેમાંથી ૫૦ લાખ ટનની પ્રાપ્તિ બિનપરંપરાગત રાજ્યોમાંથી થવાનો આશાવાદ સેવાઈ રહ્યો છે. ગત માર્કેટિંગ મોસમ ૨૦૨૩-૨૪ (એપ્રિલ-માર્ચ)માં ઉત્તર પ્રદેશ રાજસ્થાન અને બિહારમાંથી ઘઉંની પ્રાપ્તિનો હિસ્સો ૬.૭ લાખ ટનનો રહ્યો હતો. જોકે, કેન્દ્રિય અનાજ મંત્રાલયે ૩.૧૦ લાખ ટન પ્રાપ્તિનાં લક્ષ્યાંક પૈકી ૧૬ ટકા પ્રાપ્તિ બિનપરંપરાગત રાજ્યો તરફથી કરવાનો નિર્ણય લીધો છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ફૂડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા અને અન્ય રાજ્ય સ્તરની એજન્સીઓ મારફતે સેન્ટ્રલ પૂલ માટે લઘુતમ ટેકાના ભાવથી પ્રાપ્તિ કરવામાં આવતી હોય છે. જોકે, કૉ ઑપરેટિવ નાફેડ અને એનસીસીએફે પ્રત્યેકે પાંચ લાખ ટન પ્રાપ્તિનો લક્ષ્યાંક રાખ્યો છે. વર્તમાન વર્ષ માટે ઘઉંના લઘુતમ ટેકાના ભાવ ક્વિન્ટલે રૂ. ૨૨૭૫ નિર્ધારિત કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે કેન્દ્ર સરકાર ગત ઑક્ટોબરથી આ ત્રણ બિનપરંપરાગત રાજ્યોમાંથી પ્રાપ્તિનું સ્તર વધારવાની દિશામાં કાર્ય કરી રહી છે. તેમ જ પ્રાપ્તિની ઘટ દૂર કરવા માટે વિવિધ પગલાં પણ લીધા હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે લોકસભાની ચૂંટણીની પ્રાપ્તિ પ્રક્રિયા પર કોઈ માઠી અસર નહીં થાય. વધુમાં તેમણે કહ્યું હતું કે બિનપરંપરાગત રાજ્યોમાંથી પ્રાપ્તિમાં થનારા વધારાથી પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ યોજના અને અન્ય કલ્યાણ યોજના અંતર્ગત પુનઃ યોગ્ય ફાળવણી થઈ શકશે.

નોંધનીય બાબત એ છે કે છેલ્લાં બે વર્ષથી પ્રાપ્તિમાં ઘટાડો થવાને કારણે વિવિધ કલ્યાણ યોજનાઓમાં અગાઉ ૨૩૦થી ૨૪૦ લાખ ટનની ફાળવણી થતી હતી તે ઘટીને ૧૮૪ લાખ ટનના સ્તરે રહી હતી. વધુમાં ચોપરાએ જણાવ્યું હતું કે જ્યાં સુધી સરકારી પ્રાપ્તિ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ટ્રેડરોને ખરીદીથી દૂર રહેવા જેવો કોઈ નિર્દેશ નથી આપવામાં આવ્યો કે નથી આવી કોઈ સૂચના આપવામાં આવી.

### મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ ૨૦નો સુધારો

# માલદીવ ખાતે ૬૪,૪૯૪.૩૩ ટન ખાંડની નિકાસને મંજૂરી

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તથા દેશાવરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોનાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૩૦થી ૩૪૮૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાનાં અહેવાલ હતા. આજે સ્થાનિકમાં ખાસ કરીને મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તેમ જ માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતાં તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે થયા હતા, મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. નાકા ડિલિવરી ધોરણે પણ ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડે નોટિફિકેશન નં. ૦૩/૨૦૨૩ બહાર પાડીને વર્ષ ૨૦૨૪-૨૫માં ૬૪,૪૯૪.૩૩ ટન ખાંડની રિપબ્લિક ઑફ માલદિવ્સ ખાતે નિકાસને મંજૂરી આપી હોવાના અહેવાલ હતા. અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૯ ટ્રકનો રહ્યો હતો. સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૫૨થી ૩૬૭૨માં ટકેલા ધોરણે થયા હતા. મિડિયમ ગ્રેડની ખાંડમાં પ્રબળ માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૬૬૬થી ૩૭૬૨માં થયા હતા. નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૫૧૦થી ૩૫૭૦માં અને રૂ. ૩૬૨૦થી ૩૬૮૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# ફાઈનાન્શિયલ સર્વિસીસ અને રિયલ્ટી શેરોમાં સારી લેવાલીઃ માર્કેટ કેપ ₹ ૩૯૯.૩૫ લાખ કરોડ

મુંબઇઃ નિરસ માહોલ વચ્ચે શેરબજારના સેક્ટરલ ઈન્ડાયસીસમાં ફાઈનાન્શિયલ સર્વિસીસ અને રિયલ્ટી શેરોમાં સારી લેવાલી અને આગેકૂચ જોવા મળી હતી. બીએસઈ સેન્સેક્સ શુક્રવારે ગઈ કાલના ૭૪,૨૨૭.૬૩ના બંધથી ૨૦.૫૯ પોઈન્ટ્સ (૦.૦૩ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૭૪,૨૮૭.૦૨ ખૂલી, ઉપરમાં ૭૪,૩૬૧.૧૧ સુધી, નીચામાં ૭૩,૯૪૬.૯૨ સુધી જઈ અંતે ૭૪,૨૪૮.૨૨ પર બંધ રહ્યો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૧૨ કંપનીઓ વધી અને ૧૮ કંપનીઓ ઘટી હતી. માર્કેટ કેપ રૂ.૩૯૯.૩૫ લાખ કરોડ રહ્યું હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં સેન્સેક્સ ૫૦ ઈન્ડેક્સ ૦.૦૦ (૦.૧૦ પોઈન્ટ્સ) ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૧૦ ટકા, બીએસઈ મીડ કેપ ૦.૫૦ ટકા, બીએસઈ સ્મોલ કેપ ૦.૫૦ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૧૭ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૨૧ ટકા, બીએસઈ ઓલ કેપ ૦.૨૬ ટકા અને બીએસઈ લાર્જ કેપ ૦.૧૫ ટકા વધ્યા હતા.

# વર્ષ ૨૦૨૫ના અંત સુધી દેશમાંથી યુરિયાની આયાત બંધ થશેઃ માંડવિયા

નવી દિલ્હીઃ સ્થાનિક સ્તરે યુરિયાની માગ અને પુરવઠા વચ્ચેનો ખાંચરો દૂર કરવા માટે ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું હોવાથી વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં દેશમાં યુરિયાની આયાત બંધ થઈ જશે, એમ રસાયણ અને ખાતર ખાતાના પ્રધાન મનસુખ માંડવિયાએ પત્રકાર વર્તુળોને જણાવતાં ઉમેર્યું હતું કે ભારતીય કૃષિ ક્ષેત્ર માટે ખાતરની ઉપલબ્ધિ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે.

દેશમાં છેલ્લાં ૬૦થી ૬૫ વર્ષથી વિવિધ પાકના ઉત્પાદનમાં વધારો થાય તે માટે રાસાયણિક ખાતરનો ઉપયોગ થઈ રહ્યો છે, હવે સરકાર નેનો લિક્વિડ યુરિયા અને નેને લિક્વિડ ડાય એમોનિયમ ફોસ્ફેટ જેવાં વૈકલ્પિક ખાતરોને પ્રોત્સાહિત કરી રહી છે. તેમ જ આ વૈકલ્પિક ખાતર પાક તથા જમીનનાં સ્વાસ્થ્ય માટે સારો હોવાથી અમે તેને પ્રોત્સાહન આપી રહ્યા છીએ.

વધુમાં દેશ યુરિયા ઉત્પાદનમાં આત્મનિર્ભર ક્યારે થશે, એવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે યુરિયાની આયાતનો અંત લાવવા માટે મોદી સરકારે દ્વિમુખી વ્યૂહ અપનાવ્યો છે. એક તો બંધ પડેલા યુરિયાના ચાર એકમોને પુનર્જિવિત કર્યા છે અને એક નવી ફેક્ટરી પુનર્જિવિત કરી છે. દેશની સ્થાનિક ઉત્પાદન ક્ષમતા જે વર્ષ ૨૦૧૪-૧૫માં ૨૨૫ લાખ ટનની હતી તે હવે વધીને ૩૧૦ લાખ ટનની થઈ છે. હાલમાં વાર્ષિક ધોરણે યુરિયાની માગ અને પુરવઠા વચ્ચે ૪૦ લાખ ટનનો ખાંચરો છે. પાંચમો એકમ શરૂ થતાં સ્થાનિકમાં યુરિયાની ઉત્પાદન ક્ષમતા વધીને ૩૨૫ લાખ ટનની થશે તેમ જ પરંપરાગત યુરિયાની માગ પૈકી ૨૦થી ૨૫ લાખ ટનની માગ નેનો લિક્વિડ એરિયાતરફ વાળવામાં આવશે. આમ અમારો એજન્ડા સ્પષ્ટ છે કે વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં મોદીજી યુરિયાની આયાત નિર્ભરતા દૂર કરશે.

સરકારી આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં દેશમાં યુરિયાની આયાત આગલા વર્ષનાં ૯૧.૩૬ લાખ ટન સામે ઘટીને ૭૫.૮ લાખ ટનની સપાટીએ રહી હતી, તે પૂર્વે વર્ષ ૨૦૨૦-૨૧માં યુરિયાની આયાત ૯૮.૨૮ લાખ ટન, વર્ષ ૨૦૧૯-૨૦માં આયાત ૯૧.૨૩ લાખ ટન અને વર્ષ ૨૦૧૮-૧૯માં આયાત ૭૪.૮૧ લાખ ટનના સ્તરે રહી હતી.

# ટીન-નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ આગેકૂચ, અન્ય ધાતુમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સ્ટોકિસ્ટોની લે-વેચ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલી જળવાઈ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૮ અને રૂ. ૨૨ની આગેકૂચ જોવા મળી હતી. આ સિવાય ઝિન્ક સ્લેબ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ચાર અને રૂ. ત્રણનો સુધારો આવ્યો હતો. આ સિવાય આજે બ્રાસ તથા કોપરની અમુક વેરાઈટીઓમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એકથી ત્રણ ઘટી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં નિકલ, ટીન, ઝિન્ક સ્લેબ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૨ વધીને રૂ. ૧૫૦૦, રૂ. ૧૮ વધીને રૂ. ૨૬૩૩, રૂ. ચાર વધીને રૂ. ૨૩૪ અને રૂ. ત્રણ વધીને રૂ. ૨૨૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે અમુક ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વધ્યા મથાળેથી છૂટીછવાઈ વેચવાલી તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૫૦૫ અને રૂ. ૮૩૨, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૭૦૩ અને રૂ. ૫૩૮ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૭૫૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# મલયેશિયા પાછળ આયાતી તેલમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૭૦ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૫૫ રિંગિટ ઘટી આવ્યા હોવાથી તેમ જ સ્થાનિકમાં સેલરિસેલ ધોરણે થયેલા છૂટાછવાયા વેપારને બાદ કરતાં એકંદરે વેપાર નિરસ રહેતાં આયાતી તેલના ભાવમાં પીછેહઠ જળવાઈ રહી હતી, જેમાં ૧૦ કિલોદીઠ ક્રૂડ પામતેલ અને સન ક્રૂડમાં રૂ. ૨૦, સોયા ડિગમમાં રૂ. ૧૫, આરબીડી પામોલિનમાં રૂ. ૧૨, સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે ગુજરાતના મથકો પર વૉશ્ડ કૉટનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ ઘટી આવ્યા હોવાના નિર્દેશો સાથે સ્થાનિકમાં પણ કપાસિયા રિફાઈન્ડના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ ઘટી આવ્યા હતા. આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે એકમાત્ર રૂચીએ સન રિફાઈન્ડના એપ્રિલ ડિલિવરી શરતે ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૯૮૨.૫૦ અને ૧થી ૧૫ મે ડિલિવરી શરતે રૂ. ૯૭૭.૫૦ ક્વૉટ કર્યા હતા. આ સિવાય અન્ય કોઈ મુખ્ય રિફાઈનરોએ આરબીડી પામોલિનના ભાવ નહોંતા ક્વૉટ કર્યા. જોકે, આજે માત્ર સેલરિસેલ ધોરણે માત્ર પાંચથી દસ ટ્રક આરબીડી પામોલિનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૬૮થી ૯૭૦ આસપાસના મથાળે થયા હતા. તેમ જ છૂટાછવાયા રવાનગીના કામકાજો હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૭૦, ક્રૂડ પામતેલના રૂ. ૯૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૭૫, સોયા ડિગમના રૂ. ૯૩૦, સન રિફાઈન્ડના રૂ. ૯૭૫, સન ક્રૂડના રૂ. ૮૯૦, સિંગતેલના રૂ. ૧૫૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૯૫ અને સરસવના રૂ. ૧૦૫૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતના મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૩૫થી ૯૪૦માં અને રૂ. ૧૪૭૫થી ૧૫૦૦માં તથા તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૮૦થી ૨૪૦૦માં થયા હતા, જ્યારે ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૭૫થી ૯૯૫માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે રાજસ્થાન ખાતે ૫.૧૫ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૪૫૦થી ૫૪૭૫માં થયા હતા.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે

સ્યુઅરેજ સિસ્ટમનું સુધારણા

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) પશ્ચિમ રેલવે, ૬ઠ્ઠો માળ, એન્જિ. ડિપાર્ટ. મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮, ઈ-ટેન્ડરઃ BCT/૨૪-૨૫/૦૧ તા. ૦૩/૦૪/૨૦૨૪ મંગાવે છે. **કામ અને સ્થળઃ મુંબઈ સેન્ટ્રલ કાર શેડ** - મુંબઈ સેન્ટ્રલ કારશેડમાં સ્યુઅરેજ સિસ્ટમ અને પાઈપલાઈનની સુધારણા. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૧,૯૨,૭૫,૮૯૯.૭૭. બારડીઃ રૂ. ૨,૪૬,૦૦૦/- સુપ્રતિની તારીખ અને સમયઃ ૨૬.૦૪.૨૦૨૪ ૧૫:૦૦ કલાક સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૨૬.૦૪.૨૦૨૪ના ૧૫:૩૦ કલાકે. કામનો વિગતવાર પ્રકાર, ટેન્ડર દસ્તાવેજની સમાવતી કિંમત (રિફંડપાત્ર નથી), બારડી, પાત્રતા માપદંડ, કામનો સમાન પ્રકાર, વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને www.ireps.gov.inની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

0015

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# બાળ ઠાકરેના ખરા વારસદાર સિદ્ધ થશે એકનાથ શિંદે?

## ઉદ્ધવ અને શિંદેની ખરી પરીક્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની સામે આગામી લોકસભાની ચૂંટણી અત્યંત મોટી પરીક્ષા સમાન છે. દિવંગત બાળ ઠાકરેના પક્ષ અને ચિહ્નને મેળવવામાં સફળ થયેલા એકનાથ શિંદેએ બાળ ઠાકરેના ખરા વારસદાર હોવાનું લોકસભાની ચૂંટણીમાં સિદ્ધ કરવાનું છે. પોતાને મળેલી બેઠકો પર સંપૂર્ણ વિજય મેળવીને તેમણે મહારાષ્ટ્રના લોકોની નજરમાં શિવસેનાના સાચા વારસદાર હોવાનું સિદ્ધ કરવાનું છે.

ઉદ્ધવ ઠાકરે જાણે છે કે ૨૦૨૪ની લોકસભા અને પછી તરત આવી રહેલી વિધાનસભાની ચૂંટણીઓ ઉદ્ધવ માટે અસ્તિત્વની લડાઈ સમાન છે. આ બાબતને ધ્યાનમાં રાખીને તેમણે આ વખતે રાજ્યની બધી જ ૪૮ બેઠકો પીંજી કાઢવાની યોજના બનાવી છે.

એકનાથ શિંદે મુખ્ય પ્રધાન બન્યા ત્યારથી રાજ્યના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈને લોકોના વિવિધ (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈગરા શેકાવા તૈયાર રહો! પારો પહોંચ્યો ૩૫.૮ ડિગ્રી હજી ઊંચો જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરાએ શુક્રવારે ઉનાળાની આકરી ચટકા આપનારી ગરમીનો અનુભવ કર્યો હતો. શુક્રવારે દિવસ દરમિયાન ભયંકર ગરમી અને ઉકળાટભર્યું વાતાવરણ રહ્યું હતું અને તાપમાનનો પારો ૩૫.૮ ડિગ્રી જેટલો નોંધાયો હતો. ૨૪ કલાકની અંદર જ તાપમાનનો પારો બે ડિગ્રીથી ઉપર ગયો હતો. આ દરમિયાન રાજ્યમાં સૌથી ઊંચુ તાપાન સોલાપુરમાં ૪૩.૧ ડિગ્રી નોંધાયું હતું.

મુંબઈમાં શુક્રવારે આખો દિવસ ગરમી અને ઉકળાટભર્યો રહ્યો હતો. લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. અનેક લોકોને ગરમી અને આકરા તડકાને કારણે લૂ લાગી હોવાના કેસ નોંધાયા હતા. મુંબઈની અનેક હૉસ્પિટલ અને દવાખાનામાં ઉલટી, ચક્કર આવતી હોવાની (જુઓ પાનું ૪) ▶▶

# ગુજરાતી સામે ફરી દ્વેષ?

## બોરીવલીમાં ઉદ્યાનનું ગુજરાતીમાં નામનું બોર્ડ રાખવા બદલ પાલિકાની નોટિસ

મુંબઈ: બોરીવલીમાં મુંબઈ મહાનગરપાલિકાના સ્વાતંત્ર્યવીર સાવરકર ઉદ્યાનનું નામનું બોર્ડ ગુજરાતી ભાષામાં લખવામાં આવ્યું હતું. તેની સામે સ્થાનિક નાગરિકોએ કરેલી ફરિયાદ બાદ પાલિકાએ બે દિવસમાં ગુજરાતી લખેલા નામના બોર્ડને હટાવવાની નોટિસ સંસ્થાને ફટકારી છે.

બોરીવલીમાં આવેલા સ્વાતંત્ર્યવીર સાવરકર ઉદ્યાનની દેખરેખની જવાબદારી ખાનગી સંસ્થા દ્વારા કરવામાં આવે છે. સમારકામ અને અન્ય કામ પણ આ સંસ્થા મારફત કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા ઉદ્યાનના મધ્ય ભાગમાં મરાઠી તો અન્ય બે બાજુએ અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં નામના બોર્ડ લગાડવામાં આવ્યા છે. સ્થાનિક નાગરિકોની ફરિયાદ મુજબ કેન્દ્રના ત્રિભાષા સૂત્રો પ્રમાણે હિંદી અને અંગ્રેજી સહિત પ્રાદેશિક ભાષા ફરજિયાત છે. તેથી ઉદ્યાનમાં મરાઠી, અંગ્રેજી સહિત હિંદી ભાષાનો સમાવેશ કરવો જોઈતો હતો. પરંતુ ઉદ્યાનમાં જાણીજોઈને ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો સ્થાનિક નાગરિકોએ આક્ષેપ કર્યા હતા. ઉદ્યાનની સંભાળ રાખનારી ખાનગી સંસ્થાના કહેવા મુજબ છેલ્લા ૧૮ વર્ષથી ઉદ્યાનમાં ગુજરાતી ભાષામાં નામનું બોર્ડ લગાડવામાં આવ્યું છે અને હવે અચાનક પાલિકાએ નોટિસ ફટકારી છે. તેથી નિયમ મુજબ યોગ્ય કાર્યવાહી કરશું. ■

# પેન કાર્ડ-આધાર કાર્ડ લિન્ક ન કરાવતા પાલિકાના ૯,૦૦૦ કર્મચારીઓને મળ્યો ફક્ત ₹ ૧ પગાર

મુંબઈ: ઇન્કમ ટૅક્સ વિભાગે (આઇટી) દેશના દરેક નાગરિકોને આધારકાર્ડ અને પેન કાર્ડને લિન્ક કરાવવાનો ફરજિયાત આદેશ આપ્યો હતો, પરંતુ લિંક નહીં કરાવતા મુંબઈ મહાનગર પાલિકાના લગભગ નવ હજાર કર્મચારીના ખાતામાં એક રૂપિયાનો પગાર જમા થયો હતો. ૩૧ માર્ચ ૨૦૨૩ સુધી આધારકાર્ડ-પેનકાર્ડને લિન્ક કરાવવા માટે સરકાર દ્વારા અંતિમ મુદત આપવામાં આવી હતી, જોકે હજુ પણ અનેક લોકોએ બંને કાર્ડ લિન્ક નહીં કરાવતા તેમની પાસેથી દંડ વસૂલવામાં આવે છે અને બેન્ક એકાઉન્ટમાં જમા થતાં પગારમાં મોટી કપાત કરવામાં આવતા હોવાથી અનેક લોકો હેરાન પરેશાન થઈ ગયા છે, ત્યારે એવો ચોંકાવનારો બનાવ પાલિકામાં બન્યો છે.

મુંબઈ મહાનગરપલિકા (બીએમસી)ના સંરક્ષણ અને ઘન કચરા વ્યવસ્થાપન વિભાગના લગભગ ૯,૦૦૦ કર્મચારી સાથે બન્યો હતો, જેમાં તેમના બૅંકના એકાઉન્ટમાં પગારપેટે માત્ર એક રૂપિયો જમા થતા સૌની ઊંઘ હરામ થઈ ગઈ (જુઓ પાનું ૪) ▶▶

# સાવધાની રાખવા પાલિકાની અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં આકરા ઉનાળાનો અનુભવ મુંબઈગરા કરી રહ્યા છે. શુક્રવારે દિવસ દરમિયાન ભારે ગરમી અને ઉકળાટ રહી હતી ત્યારે આગામી દિવસમાં તાપમાન વધવાની તેમ જ હીટ વેવની શક્યતાને પગલે મુંબઈ મહાનગરપાલિકાએ નાગરીકોને હીટ વેવથી બચવા માટે પૂરતી તકેદારી રાખવાની અપીલ કરી છે. સાથે જ ઉનાળા દરમિયાન હીટ વેવનો ભોગ બનેલા કે પછી લૂ લાગેલા દર્દીઓ માટે મુંબઈ મહાનગરપાલિકાએ પોતાની મુખ્ય હૉસ્પિટલ, સામાન્ય હૉસ્પિટલ અને મેડિકલ કોલેજ તથા હૉસ્પિટલમાં હીટ સ્ટ્રોકનો ભોગ બનેલા દર્દીઓ માટે ખાસ સારવારની સુવિધા ઉપલબ્ધ કરી આપી છે. મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં તાપમાન સતત વધી રહ્યું છે. આગામી દિવસમાં હીટવેવની અસર હેઠળ ગરમીનું પ્રમાણ (જુઓ પાનું ૪) ▶▶

# થાણે શહેર માટે હિટ ઍક્શન પ્લાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: ઉનાળાની મોસમમાં આકરી ગરમી પડવાની શક્યતાની સાથે જ અનેક બીમારીઓ પણ માથુ ઊંચકતી હોય છે. તેથી થાણે મહાનગરપાલિકા ઉષ્ણાતાનું જોખમ ઓછું કરવા માટે થાણે શહેર માટે હીટ એક્શન પ્લાન તૈયાર કર્યો છે, જે હેઠળ રચાયેલી હીટ વેવ ટાસ્ક ફોર્સની પહેલી બેઠક યોજાઈ હતી. બેઠકમાં તાજેતરમાં થાણેમાં ઝૂંપડપટ્ટી અને રહેણાંક વિસ્તારોમાં રચવામાં આવેલા સર્વેક્ષણને મુદ્દે ચર્ચા કરવાની સાથે જ નાગરિકોને હીટ વેવથી બચવા માટે શું કરવું તેને લગતી ઉપાયયોજના પર ચર્ચા થઈ હતી.

થાણે શહેર ખાડી કિનારે હોવાથી માર્ચ, એપ્રિલ, મે અને જૂન સુધી વધતા ભેજને કારણે ગરમીનું પ્રમાણ વધવાની સાથે જ નાગરિકોને હીટ વેવનો પણ સામનો કરવો પડે છે. ગરમીને કારણે આરોગ્યને લગતી ફરિયાદ (જુઓ પાનું ૪) ▶▶

# ૧,૫૦૦ કરતાં વધુ સરકારી બાબુઓ મફત રાશન લે છે

## તપાસનો આદેશ અપાયો

અલીબાગ: દેશમાં આર્થિક રીતે પછાત વર્ગના લોકોને સરકાર દ્વારા મફત રાશનનો લાભ આપવામાં આવે, પણ તાજેતરમાં રાયગઢ જિલ્લામાં રાશન વિતરણ કેન્દ્રો પર ૧,૬૫૬ જેટલા સરકારી અધિકારીઓ પણ આ સેવાનો લાભ લઈ રહ્યા હોવાનું સામે આવ્યું છે. સરકાર દ્વારા રાશન મેળવવા માટે આધાર કાર્ડ અને મોબાઇલ નંબર ફરજિયાત કરવામાં આવતા સરકારી અધિકારીઓ દ્વારા ચાલતો આ ગેરપ્રકાર સામે આવ્યો હતો. જોકે આ બાબતની જાણ થતાં મફત રાશનની સેવાને તરત જ બંધ કરાવી આ મામલે તપાસ હાથ ધરવામાં આવ્યો છે. વડા પ્રધાન ગરીબ કલ્યાણ યોજના હેઠળ ગરીબ પરિવારને દર મહિને ૩૫ કિલો રાશન આપવામાં અને કુટુંબના દરેક વ્યક્તિના નામે પાંચ કિલો અનાજ આપવામાં આવે છે. આ યોજના હેઠળ આગામી પાંચ વર્ષ માટે દેશના ૮૦ કરોડ નાગરિકોને આ સેવાનો લાભ મળવાનો છે, (જુઓ પાનું ૪) ▶▶



**સુરક્ષાનો અભાવ...** વડાલા સ્ટેશન પર હાલમાં સમારકામ ચાલી રહ્યું છે, પરંતુ આ કામ દરમિયાન સુરક્ષાની કોઇ જોગવાઇ રાખવામાં આવી નથી. તસવીરમાં પ્લેટફોર્મ પર લાદી બેસાડતી વખતે ખાડાની આજુબાજુ કોઇ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી નથી જેથી ભીડના સમયે કોઇ પણ પ્રવાસી તેમાં પડીને જખમી થઇ શકે છે. (અમય ખરાડે)

# બનાવટી ખાદ્યપદાર્થો સામેની કાર્યવાહી અટકી એફડીએના ૮૦ ટકા અધિકારીઓ ચૂંટણી ફરજ પર

મુંબઈ: રાજ્યના નાગરિકોને શુદ્ધ ખોરાક અને ગુણવત્તાયુક્ત દવાઓ ઉપલબ્ધ થાય તે માટે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) હંમેશા પ્રયત્નશીલ રહે છે. જોકે, જાહેર થયેલી લોકસભા ચૂંટણીના કામ માટે એફડીએના લગભગ ૮૦ ટકા અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. આથી આગામી કેટલાક દિવસો સુધી ખાદ્યપદાર્થો અને દવાઓની ગુણવત્તા ચકાસવાનું કામ બંધ કરવામાં આવશે.

વિદેશથી રાજ્યમાં આવતી દવાઓની ચકાસણી, દવાની દુકાનોમાં વિવિધ કંપનીઓની દવાના સેમ્પલ ચેક કરવા, રાજ્યમાં દવાઓની ઉપલબ્ધતા પર નિયંત્રણ રાખવા જેવી (જુઓ પાનું ૪) ▶▶

# ચૂંટણી તાલીમ: ગેરહાજર રહેનારા પર કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પ્રશાસન અને ચૂંટણી પંચ દ્વારા 'સ્વીપ' જેવા કાર્યક્રમો હાથ ધરીને લોકો વધુમાં વધુ મતદાન કરે એ માટે જાગરૂકતા ફેલાવવા માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે અને તેમાં સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને તેમાં બોલાવીને લોકોમાં જાગરૂકતા કઇ રીતે ફેલાવવી તેની તાલીમ આપવામાં આવી રહી છે. આ સિવાય ચૂંટણી દરમિયાન વિવિધ ફરજ સોંપવામાં આવી છે તેવા કર્મચારીઓ અને અધિકારીઓને તાલીમ આપવા માટે પણ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જોકે, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કઇ રીતે કામ કરવું તેની તાલીમ આપવા માટે યોજવામાં આવેલી વર્કશોપમાં ગેરહાજર રહેનારા સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ ઉપર ફોજદારી કાર્યવાહીની તલવાર તોળાઇ રહી છે.

તાલીમ દરમિયાન ગેરહાજર રહેનારાઓ વિરુદ્ધ લોકપ્રતિનિધિ અધિનિયમ ૧૯૫૧ કાયદા અંતર્ગત ફોજદારી ગુનો નોંધીને કાર્યવાહી કરવામાં (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# અરુણ ગવળીને જેલમાંથી મુક્ત કરવાનો હાઈ કોર્ટનો આદેશ

## જોકે ચાર અઠવાડિયામાં જવાબ નોંધાવવા જેલ પ્રશાસનને નિર્દેશ

મુંબઈ: શિવસેનાના વિધાનસભ્ય કમલાકર જામસાંડેકરની હત્યાના કેસમાં જનમટીપની સજા ભોગવી રહેલા અન્ડરવર્લ્ડ ડૉન અરુણ ગવળીને જેલમાંથી મુક્ત કરવાનો આદેશ બૉમ્બે હાઈ કોર્ટની નાગપુર ખંડપીઠે આપ્યો હતો. જોકે આદેશ સામે જવાબ નોંધાવવા માટે કોર્ટે જેલ પ્રશાસનને ચાર અઠવાડિયાંની મુદત આપી હતી.

અરુણ ગવળીએ હાઈ કોર્ટમાં અરજી કરી ૧૦ જાન્યુઆરી, ૨૦૦૬ના સરકારી જાહેરનામાને આધારે જેલમાંથી છોડી મૂકવાની અરજી કરી હતી, જે ન્યાયાધીશ વિનય જોશી અને વૃષાલી જોશીની ખંડપીઠે શુક્રવારે માન્ય રાખી હતી. ગવળીની અરજી પરની સુનાવણી (જુઓ પાનું ૪) ▶▶

# ભીમા કોરેગાંવ કેસના આરોપી શોમા સેનને સુપ્રીમ કોર્ટના શરતી જામીન

નાગપુર: ભીમા કોરેગાંવ હિંસાના આરોપી અને નાગપુર યુનિવર્સિટીના પૂર્વ પ્રોફેસર શોમા સેનના સુપ્રીમ કોર્ટે શરતી જામીન મંજૂર કર્યા હતા. ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ) હેઠળ તેમની સામે નક્સલવાદીઓ સાથે કથિત સંબંધ હોવાના આરોપસર તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

છ જૂન ૨૦૧૮માં શોમા સેનની ધરપકડ કરવામાં આવી હતી. સેનના જામીનની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે યુએપીએ કાયદા હેઠળ આરોપીના જામીન નામંજૂર કરવાની કોઈ જવાબદારી નથી અને આ ઉપરાંત, સેન મોટી ઉંમરના છે અને તેઓ લાંબા સમયથી જેલમાં છે. બીજી તરફ રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનએનઆઇએ) આ સંદર્ભમાં કહ્યું હતું કે સેનને વધુ સમય માટે (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ-અમદાવાદ હાઈવેની આસપાસની જમીન પર ભૂમાફિયાઓનો કબજો

## ગેરકાયદેસર ભરણીને લીધે હાઈવે અને ગામમાં પાણી ભરાવાનું જોખમ

મુંબઈ: ચોમાસા પહેલા મુંબઈ-અમદાવાદ હાઇવે પર પાણીના ખાબોચિયાની સમસ્યા દૂર કરવા અને હાઇવે પરના ખાડાઓ ભરવાની સાથે હાઇવેનું કોંક્રિટીકરણનું કામ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ)એ હાથ ધર્યું છે. પરંતુ ભૂમાફિયાઓએ હાઇવેની બાજુમાં માટી અને કાટમાળનો ગેરકાયદેસર રીતે ઢગલો કરતાં હાઇવે પર વાહનો માટે મોટી સમસ્યા નિર્માણ થવાની છે. આ સાથે ચોમાસામાં હાઇવેથી લગતા ગામમાં પાણી ભરાવાનો ભય લોકોને સતાવી રહ્યો છે. જોકે પ્રશાસન તરફથી આ ગંભીર સમસ્યાની અવગણના કરવામાં આવી રહી છે, જેથી ગામના નાગરિકોએ સરકારી ઓફિસની બહાર વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે.

વર્સોવા બ્રિજથી વિરાર ફાટક વચ્ચે મુંબઈ-અમદાવાદ હાઇવેના બંને તરફની જમીન સરકારના હાથમાં છે, તો અમુક જમીન ખાનગી (જુઓ પાનું ૪) ▶▶

# વીઆઈપી ગ્રૂપના વિનોદ ખુટે સાથે સંબંધિત મિલકતો પર ઈડીએ મારી ટાંચ

## ૫૮ બેન્ક ખાતામાંની રકમ અને ડિપોઝિટોનો સમાવેશ

મુંબઈ: વીઆઇપી ગ્રુપ-ગ્લોબલ એફિલિએટ બિઝનેસના માલિક વિનોદ ખુટે સાથે સંબંધિત રૂ. ૨૪.૪૧ કરોડની મિલકતો પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ ટાંચ મારી છે. આમાં ૫૮ જેટલાં બેન્ક ખાતાંમાંના રૂ. ૨૧.૨૭ કરોડ અને રૂ. ૩.૧૪ કરોડની ડિપોઝિટનો સમાવેશ છે. અગાઉ માર્ચ મહિનામાં ખુટેની દુબઇમાંની રૂ. ૩૭.૫૦ કરોડની મિલકત પર ટાંચ મારવા બાબતે ઇડીએ આદેશ જારી કર્યો હતો.

રોકાણ પર સારા વળતરને બહાને સામાન્ય નાગરિકો સાથે છેતરપિંડી આચરવા પ્રકરણે વિનોદ ખુટે, સંતોષ ખુટે, મંગેશ ખુટે, કિરણ અનારસે, અજિંક્ય બડાધે અને અન્ય અજાણી વ્યક્તિઓ વિરુદ્ધ પુણેના ભારતી વિદ્યાપીઠ (જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**